વરસાદનો કેહર.



વરસાદનો કહેર.

પ્રકાશક :

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે
બુકસેલર અને પબ્લીશર:
[illegible] દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૭ મી. | સને ૧૯૨૯
પ્રત ૧૦૦૦. | સંવત ૧૯૮૫

મુદ્રણસ્થાન : આદિત્યમુદ્રણાલય, રાયખડરોડ—અમદાવાદ.
મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક.

કિમ્મત રૂા. ૦-૬-૦

અરેબિયન નાઈટ્સ.

[illegible] ખજાનો અક્કલનો ભંડાર, અને વારતાઓનો મહાસાગર આ અરેબિયન નાઈટ્સનું પુસ્તક છે. આમાં ન્હાની મોટી અસંખ્ય વારતાઓનો સંગ્રહ છે. વારતામાં પેટા વારતા એવી એવી ઘણી વારતાઓ હોવાથી એકવાર વાંચવા લીધા પછી તે હાથમાંથી હેઠે મુકવાનું મન થતું નથી. દુનીયાની દરેક ભાષામાં તેનાં ભાષાન્તર થયેલાં છે. અને તે સર્વની હજારોની સંખ્યામાં વેચાય છે. સો સારા પુસ્તકોમાંનું તે એક પુસ્તક છે. રાજા અને રંક બધાને સરખો આનંદ આપે તેવું આ પુસ્તક છે. ઘણા વખતથી આની આવૃત્તિ મળતી ન હતી ને હમણાજ તેની ચોથી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. કાગળ ગ્લેઝ ઉંચા, પાકું સોનેરી પુઠું, મોટી સાઇઝનું લગભગ ૬૦૦ પૃષ્ઠ છતાં કીમત રૂ. ૪।।, પોષ્ટેજ ૧૦ આના જુદા. રફ કાગળ પાકું સોનેરી પુઠું કીમત રૂ. ૩।। પોષ્ટેજ ૧૦ આના જુદા.

મળવાનું ઠેકાણું:-

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા-અમદાવાદ.

વરસાદનો કહેર.

પ્રકરણ ૧ લું.

કાંટામાં બે કુસુમ.

ઘનઘોર વાદળાઓથી આકાશનો નીલ રંગ નાશ પામ્યો; જ્યાં ત્યાં કાળાં વાદળાંઓ છવાઈ ગયાં; તેજસ્વી દિનકર પણ મેઘરાજાના ગડગડાટથી ગભરાઈ જઇ એક બાજુ લપાઇ ગયો. અપૂર્વ જ્યોતિથી દીપતી વીજળીના ચમકારાઓ થોડે થોડે વખતે ચમકવા લાગ્યા. ચારે તરફ ઘોર અંધકાર છવાઇ ગયો, અને આ મુશળધાર વરસાદથી ડરી જઇ, સર્વેજનો-પશુપંખીઓ શુદ્ધાં-આ અચાનક પડેલા વરસાદ માટે ચિંતા કરતાં પોતાનાં રહેઠાણમાં છૂપાઈ ગયાં. વાયુનું જોર પળેપળે વધતું ગયું અને વળી વરસાદ તો જાણે સાતે મેઘ વરસતા હોયની તેમ પુર જોસમા વરસતો હોવાથી કેટલાંક ન્હાના અને નાજુક ઘરોના પાયા ધ્રુજી ગયા. કેટલાક ઘરો ઢળી પડયાં. આવા અકસ્માતોથી અનેક કીમતી અને આશાભર્યાં જીવો કુદરતના મહાન દરબારમાં ચાલ્યા ગયા; જ્યારે કેટલાકો જખમી

થઇ જખમની અસહ્ય વેદનાથી પીડાતા ટાઢ અને વરસાદના પાણીથી ભીંજાતા–દુઃખી થતા–થરથરતા–પોતાના હતભાગ્યને શાપ દેતા–કુદરતની કાકલુદી કરતા–કોઇની મદદ માટે અત્યાતુરતાથી રાહ જોતા હતા.

તોફાન પળેપળે વધતું ગયું. વીજળીના ચમકારા તથા તોપના ધડાકા જેવી ભયંકર મેઘ ગર્જનાએ કાયરોનાં હાડ કંપાવ્યાં. બાળકો અને કોમળ હૃદયની લલનાઓ રૂદન કરવા લાગી. અનેક સુંદર મકાનો તૂટી પડયાં અને તેની નીચે ચગદાઇ અનેક માણસો સદાના શાંત વાતાવરણમાં દુઃખી દીલે ચાલ્યાં ગયાં–જગતમાં હતાં નહતાં–થઇ ગયાં, જેઓ ઘાયલ થયાં તેમની તથા તેમનાં સગાં વહાલાંઓની દુઃખભરી ચીસાચારીઓ, તેમનું છાતીફાટ રૂદન પત્થરના હૃદયને પણ પીગળાવી નાખે તેવું દયાજનક હતું.

આવા ભયાનક વખતે પ્રભાકરનો દિવ્ય પ્રકાશ નજ હોય તેમાં વળી સૂર્યાસ્તનો સમય થઇ ગયો અને જે સહેજસાજ ઝાંખું ઝઝકળું હતું તે પણ નાશ પામ્યું. સઘળે અંધકારનુંજ સામ્રાજ્ય વ્યાપી રહ્યું. અને વાયુએ તો જાણે મકાનો તોડી પાડવાનું "કોન્ટ્રાક્ટ" લીધું હોયની તેમ નિરંકુશ મહાલવા માંડયું.

એવા ભયંકર વખતે "કનકપુરી" શહેરના એક વેરાન ભાગમાં આવેલી એક ન્હાની ઝુંપડીમાં આજે આપણે પ્રવેશ કરવાના છીએ. મ્હોટા મ્હોટા ઝાડો અને સુંદર રૌનકદાર ગગન ચુમ્બિત હવેલીઓ પણ તુટી પડી તો આ ન્હાની પર્ણકુટિના શા ભાર! ગમે તેમ હોય પણ અત્યાર સુધી તો તે પરમાત્માની કૃપાથી સલામત ટકી રહી હતી.

આ ઝુંપડીમાં એક સોળેક વર્ષની તરૂણ લલના પોતાના ન્હાનાં બાળક સાથે રહેતી હતી. યૌવનાનો બાંધો ભરાઉ, અંગ

મરોડદાર અને વદનકમળ ગુલાબી હોવાથી તેનું રૂપ અત્યંત આકર્ષક લાગતું. તે જો કે હમણાં આ કંગાળ ઝુંપડીમાં વસતી હતી અને ત્યાંની સઘળી સામગ્રી કંગાળજીવનનીજ સાક્ષી પૂરતી હતી છતાં તેણે અગાઉ સારા દિવસ જોયા હોય એવી ખાત્રી તેનું તેજસ્વી વદન આપતું. તેનું સુંદર મુખચંદ્ર પૂર્ણેન્દુ સાથ સ્પર્ધા કરે તેવું સુંદર હતું. તેના મુખપરનાં ચપળ નયનો જાણે સુંદર સરોવરના પાણીની મોહક સપાટીપર મનોહર અરવિંદો નૃત્ય કરતાં હોયની તેવાં લાગતાં. સહેજ લંબ તથા ગૌર ગરદન તેને જોનારને ઘડીભર હંસણીની નાજુક ડોકનો ખ્યાલ આપતી. ટુંકામાં તે એવી સુંદર હતી, આ દુનિયાના પેદા કરનારે એવું અનુપમ સૌન્દર્ય અને લાવણ્ય પ્રથમ તેનામાં ભર્યું હતું કે દૃષ્ટિએ જોતાંજ શું અમીર કે ફકીર સંસારી કે વૈરાગી સઘળાં તેની મિત્રતા ચાહે. મોટા મોટા ઋષિમુનિઓ પણ તેને જોતાં એકવાર ભાન ભુલી જાય તો પછી આ મર્ત્યભૂમિના ચંચળ પુરૂષોના શા ભાર?

તરૂણી પોતાના નાના પુત્રને રમાડતી, ટાઢથી થરથરતી, પોતાના હતભાગ્યને શાપ દેતી, ઝુંપડીના આગળના ભાગમાં બેઠી હતી. તેની હરણી સરખી ચપળ આંખોમાંથી ટપ ટપ ટપકતાં અશ્રુબિન્દુઓ સુંદર ગાલ તરફનો માર્ગ લેતાં. વારંવાર આ દુઃખી સ્ત્રી પોતાના નાદાન ફૂલ જેવા કોમળ બાળકને જોતી બે ઘડી દયામણે મ્હોંએ જોઈ રહેતી; નાદાન બાળક પોતાની વ્હાલી માતાને જોઈ મલકાતું હસતું અને પુત્રવત્સલ માતા પુત્રની આ બાળલીલા જોઇ આનંદ પામતી; પણ બીજીજ પળે વરસાદની ભયંકર ઝડીઓ યાદ આવતાં કંપી ઉઠતી અને પોતાના સુન્દર ગાલો અશ્રુબિન્દુ-ઓથી સીંચતી.

"હાય............"

તે સુંદર સ્ત્રીના અંતરમાંથી ઉંડો નિઃશ્વાસ નીકળ્યો.

"વ્હાલા પુત્ર! આ તારી કેવી દશા? તું કોણ? કોનો પુત્ર? આજ કેવી સ્થીતિમાં? હાય! ઓ ઈશ્વર! આ શું જુલમ? અરેરે! મારા ઉમરાવ પતિના બાળકની આ કેવી દુખીઆરી દશા?"

આંખમાંથી આંસુ ટપકતાં તે પોતાના પુત્રને જોઈ રહી, પૂર્વની સ્મૃતી તાજી થઈ, અને પોતાના વ્હાલા ભરથારનો મીઠા સહવાસ યાદ આવતાં, હૈયે ચઢી આવતાં તે છુટે મ્હોડે રડી પડી.

"અરે! ઓ ઘાતકી વિધાતા! તું કેટલી નિર્દય છે? મેં એવાં તે શા પાપ કર્યાં કે તે મને આવી કંગાલ દશામાં લાવી નાખી? મારૂં તો ગમે તે થશે-હું તો મરીશ-મારા લોહીથી જો તું ધરાતી હોઇશ તો હું જરૂર મરીશ પણ મારા આ કુમળા બાળક બચાવ એને સુખી કર.........

"અરેરે! આ તોફાનમાં અમારી ઝુપડી શા રીતે ટકશે? ઓ પરમેશ્વર! ઓ દયાળુ પિતા! તું જો દયાળુ હોય તો દયા કર. ઓ દુનિયાના પેદા કરનાર પિતા! તારી આ દુઃખી છોકરીપર જરા તો દયા કર. હાય! વ્હાલા સુમન! તારી આ કમનસીબ માતા પાસે તને પહેરાવવા પુરતાં વસ્ત્રો પણ નથી. હાય!......"

કહી તે કંગાળ સ્ત્રી નવધાર આંસુ રેડવા લાગી. તેણીએ પોતાનાં કપડાથી પોતાનાં કોમળ બચ્ચાંને ઢાંક્યું. પોતે ટાઢથી થરથરતી રહી પોતે મરવા તૈયાર થઈ-પણ પોતાના બાળકને-પોતાના વ્હાલા પુત્રને-પોતાનાં કુળદિપકને ટાઢમાં દુઃખી થવા ન દીધો. જો કે પુત્રને ઢાંકવા માતાએ કાળજી કરી છતાં પણ માતાની હુંફાળી ગોદમાં તે

નાહાન બાળક તો સ્વર્ગસુખ જ ભોગવતું. માતાની નજીક હસતું રમતું—અને બાળક જીંદગીના મીઠા અનુભવ લેતું અને આપતું.

વ્હાલા વાંચનાર ! એક વ્હાલસોઇ માતાનો સર્વોત્તમ પ્રેમ, માતાની હુંફાળી ગોદની અજબ સુખી લાગણી, 'વ્હાલી બા' ની અંતરની દાઝ હિન્દુઓ જે ત્રણ દુનિયા માને છે તે સઘળીમાં ફરી વળીતા પણ મળી શકે એમ છે ખરૂં ? ભયંકર આફતના વખતમાં વ્હાલા સગાના મરણ જેવા દુઃખી સમયમાં પણ—માતાનો હુંફાળો, માયાભર્યો, કંઈ અજબ શક્તિ અને અજબ લાગણીવાળો હાથ માથે ફરતાં જે સુખ અને જે શાંતિ મળે તે અમરોની દુનિયાના દેવી રૈલવોથી મળતાં સુખો કરતાં પણ ઉત્તમ છે.

"વ્હાલા પુત્ર ! મારા વ્હાલા સુમન ! મારી આંખોની કીકી ! મારા કુળના દીવા ! હું મરણ પામીશ તો તું 'મા' કહી કો'ને બોલાવશે ? અરે ? ઈશ્વર ! શું હું મારા સુમનના કાલા મીઠા બોલો પણ સાંભળી ન શકું ?" તે ભાગ્યહીન ભામિનિના દુઃખની હદ આવી. ધિરજ ખુટી ગઈ. જીગર ભરાઈ આવ્યું. વધુ બોલાયું નહી. કંઠ રૂંધાઇ ગયો. દુઃખથી દિવાની બનેલી અબળાની આંખો ધોધમાર આંસુ રેડવા લાગી. દિવાની જેવી જ થઈ ગઈ. આખા જગતમાં જાણે તદન અંધારૂં હોય તેવું જ લાગ્યું. આખી દુનિયાની મોહકમાં મોહક ચીજપર પણ અભાવ પેદા થયો. આ શોકજનક ઝુંપડીમાં કરૂણાજનક સ્ત્રીવિલાપ વાતાવરણને કરૂણરસથી છલકાવવા લાગ્યો ! દુનિયાનું એક મધુર પુષ્પ ખરવા છતાં પોતાની મીઠી સુગંધ આવા વેરાન જંગલમાં પ્રસરાવવા પામ્યું અને દુનિયાનું એક બીજું કુસુમ જીંદગીની શરૂઆતમાં જ વેરાન વાતાવરણમાં આવી પડયું.

"સુમન!—" તે પાછી બબડી.

"હું મરી જઇશ તો તારૂં શું થશે? અરેરે! તારી કોણ સંભાળ લેશે? અરે! કવિઓ! તમે કેવા ઘાતકી છો?—એ 'કલાપી' તેં મારા જીગરના ચીરા કરવા જ લખ્યું હશે કેઃ—

"અરર! બાપલાં! બાલુડાં અહો!
"જનનિ આ હવે સ્વર્ગમાં જતી;
"સમજશો નહિ શું થઇ ગયું?
"રમકડું કયું હાથથી ગયું?
"વિસરી શેં જશો છાતી બાપડી?
"ઉપર જે તમે કુદતાં સદા?
"વિસરી ના શકે બાળ માતને;
"રમત તો હવે રોઇને કરો;
"તમ પિતા સદા વ્હાલ રાખશે;—"

તરૂણી બોલતી બંધ પડી. પ્રિયતમની સ્મૃતિ તાજી થઇ અને આંખમાંથી આંસુઓ ટપટપ ટપકવા લાગ્યાં.

"અભાગી સુમન! સઘળાને તો માના મરણ પછી બાપ વ્હાલ રાખે પણ હાય! તને તો તારા પિતા ઓળખતા પણ નથી! એ નસીબ? આ શું જુલમ?

"તમ પિતા સદા વ્હાલ રાખશે—" કવિતા પાછી શરૂ થઇ.

"પણ ન માતની ખોટ ભાગશે.
"નહિ, નહિ, મળે મા ગઈ ફરી;
"જગતમાં નકી મા બને નહી.

આ કડીઓ બોલાઇ. મરેલી માતા યાદ આવી. આંસુઓનો પ્રવાહ વેગભર્યો થયો. દિલગીરીની સત્તા વધી પડી.

"દિવસ બે સહુ લાડ પૂરશે;
દિવસ બે દયા સર્વ રાખશે,
પણ ન જાતીએ કોઈની તમે.
રઝળતાં હવે એકલાં રહો.
બહુ કરી શકી વ્હાલ હું નથી,
કદિ રડાવતી હું ઘણું હતી,
તમ દિલો ક્ષમા આપશો મને,
પણ ન માતને ચૅન કંઇ પડે.
અરર ! આપણાં ! બાળુડાં! અરે !
તમપરે હવે ઢાલ ના રહી.
રડિત દૂર જે બે ઘડી થતાં,
અરર ! તે હવે દૂર સર્વદા.
પછી ઠરે નકી સ્વર્ગ આપણાં:
ઘડિક તેથી તો હર્ષમાં રહો.
સહુ હવે મહા ખેલશે રડી;
જનનિ તે જરા નામ કો ગઈ.

"હાય ! સુમન ! તારી આવીજ દશા થવાની ? મારાં મરણ પછી તારૂં કોણ રક્ષણ કરશે ? ઓ વ્હાલા કાન્ત ! દયા કરો—દયા કરો—આ દુઃખી દારાપર અને સ્વીકારો તમારાં આ નીર્દોષ બાલુડાંને.

વરસાદની ભયંકર ઝડીથી, પવનના તોફાનથી, નિરાધાર સ્થિતિથી અને દયાજનક કવિતથી લીલાને આ જગતમાં મરણના ડરામણા રાક્ષસનો અને તેની ક્રૂરતાનો અનુભવ થયો. તે દુઃખી અબળાના વિલાપથી ત્યાં કાકારોળ થઇ રહ્યો પણ ધાંધલીયા જગતને તે સાંભળવા ફુરસદ ન્હોતી.

"હાય! ઓ વિશ્વચાલક! દયા કર—દયા કર—" ટાઢથી થરથરતી તેણી રૂંધાયેલા અવાજે બોલી.

જમાનાની ગીરદેશીથી કંગાળ્યતને શરણ થયેલી તે દુઃખી સ્ત્રી પોતાના બાળકને સંભાળતી હતી. પોતાના કપડાંથી ઢાંકતી હતી—કંગાળ જીંદગીની કંગાળ્યને શરણ થતી હતી; તેવામાં તેણીની કર્ણેન્દ્રિયે કાંઇક અવાજ સંભળાયો અને આ અવાજ સાંભળતાં જ તે ભયથી કંપી ઉઠી; ઝુંપડીમાં તુરતજ ઉભી થઇ આમ તેમ જોવા લાગી અને તુરત જ તેણે "હાય!" કરીને એક કારમી ચીસ પાડી. આ વખતની તેની દયાજનક દશાનું વર્ણન કરવું લગભગ અશક્ય જેવું જ છે. તે જાણે જીવતી મરી ગઇ હોય એવું કાતીલ દુઃખ તેને થયું. જેમ તેમ કરી લથડીઆ ખાતી, ભયથી કંપતી, ટાઢથી થરથરતી, પોતાના નાના સુમનને લઇ એક ઉંડો નીઃસાસો નાંખી તે કમનસીબ કોમળાંગી ઝુંપડીમાંથી ઝડપથી બહાર નીકળી પડી. એક નાની ઝુંપડીનો તેણીનો આશરો હતો તે પણ ગયો. ઝુંપડું કડકડ થવા લાગ્યું.

"ઓ ઇશ્વર! હવે તો હદ થઇ." વરસાદથી તરબોળ થતાં લીલા વિલાપ કરવા લાગી અને તેજ પળે ઝુંપડી તૂટી પડી.

મનુષ્ય જીંદગીની આવી અસાધારણ કંગાળ્યત અને અસહ્ય આફતથી મનુષ્યની બુદ્ધિ ચીમળાઇ જાય. સારા વિચારો ફેરવાઇ જાય, કુદરત તરફ અભાવ ઉત્પન્ન થાય અને નાસ્તિક જીંદગીના નહિ ઇચ્છવાજોગ વિચારો મનુષ્યહૃદયમાં પ્રવેશ થવા પામે અને તેમ થતાં નાદાન મગજના માણસો ઘણા નીચ રસ્તા તરફ વળી જાય ત્યારે કોનો વાંક કાઢવો? વિધાતાની આવી વિચિત્ર વલણ, કુદરતનો આ અનહદ જુલ્મ, અને વિશ્વચાલકની આવી

અસાધારણ નિષ્ઠુરતા કયા નિયમને આધારે અમલમાં મૂકાતી હશે તે સમજવું મુશ્કેલ છે. લીલા અને સુમન જેવાં અનેક કોમળ અને મધુર પુષ્પો પોતાનું સૌગંધ્ય—પોતાની મીઠાશ—જગતને જણાવ્યા વિના તજાયલા વાતાવરણમાં ચીમળાઇ જાય, તથા દુઃખદાવાનળથી બળી જાય તેથી દુનિયાને અને કુદરતને શો લાભ? મહાસાગરને તળિયે અનેક હિરાઓ પડેલા છે તે સઘળાં અજવાળામાં આવે તો જગતને કેટલો બધો લાભ થાય? પણ અફસોસ! આવો લાભ દુનિયાના ગંધાતીયા વાતાવરણમાં વસનારા માણસોના બજેટમાં જગ્યા પામતો નથી અને તેથી હિરાઓ અંધારામાં રહેવાના અને કુસુમો તડકામાં કરમાવાનાજ.

"હવે હું કયાં જાઉં?" વરસાદના પાણીથી ભીંજાતી લીલા દિવાની જેવી પોતાના અંતઃકરણને પૂછવા લાગી.

આવા મનુષ્યને આવા દુઃખી સમયે કાંઈ સૂઝતું નથી. અખંડ શૌર્ય—ધૈર્યથી ભરપૂર પુરૂષહૃદય પણ આવા દુઃખમાં હિમ્મત હારી જાય, હિરજ ખોઈ દે તો લીલા જેવી જીવનવસન્તકાળમાં ડોલતી નમ્ર અને પોચાં અંતઃકરણની સ્રીની શી દશા થાય તેનો ખ્યાલ કરવાનું અમે અમારા વાંચનારાઓને જ સોંપીએ છીએ.

લીલાએ વરસાદથી ભીંજાતાં ભીંજાતાં માગ કાઢ્યો. એક નહાના મહોલ્લામાં આવી અને એક પડતર ઘરના ઓટલાપર જઇ બેઠી. સુમન તદ્દન ગભરાઈ ગયો હતો. સઘળાં કપડાં ભીંજાઇ ગયા હતાં અને તેથી લીલાના દુઃખમાં વધારો થયો—"પડતાંપર પાટુ" પડયું! એકાદ કપડું જે સહેજસાજ સૂકું હતું તેમાં સુમનને ઢાંકી દુઃખી લીલા તરબોળ સ્થીતીમાં વિધાતાની ક્રૂરતાને લાચારીએ શરણ થઇ, પોતાના નાના બાળક તરફ લીલા દયામણી આંખોએ

એ પળ જોઇ રહી.

"વ્હાલા પુત્ર ! તારૂં શું થશે ?" આટલું બોલી લીલાએ સુમનના ગાલો ચુંબનોથી ભીંજવી નાખ્યા. સુમનને જોતી, સુંદર મુખ વારંવાર ટીકીટીકીને નીહાળ્યું. ઘડીમાં સુમનને જોતી, ઘડીમાં પોતાની નિરાધાર સ્થીતી માટે વિલાપ કરતી, ઘડીમાં ભવિષ્યનો ખ્યાલ કરતી તો ઘડીમાં પૂર્વના સુખી દિવસો સંભારતી આ યુવતીની સ્થિતિ દિવાનાપણાને વધુ મળતી આવતી.

અફસોસ ! કુદરતના અણુધાર્યા કોપથી બન્ને કોમળ કુસુમો સંકટના કંટકમાં પડયા !

પ્રકરણ ૨ જું.

દિવાની માતા.

મુષળધાર વરસાદના મારાથી પોતાની એકની એક ઝુંપડી ખોઈ, નિરાધાર દશામાં આવી પડેલાં, અનાજ અને કપડા વિના ટળવળતાં, ટાઢથી થરથરતાં કંગાળ મા–દિકરા લીલા અને સુમનનું ઉપર આકાશ અને નીચે ધરતી સિવાય આ દુનિયામાં કોઇ પણ સગું ન્હોતું. અભાગણી લીલા ટાઢથી થરથરતી હતી છતાં પોતાના વ્હાલા પુત્રનું રક્ષણ કરી એક વ્હાલસોઇ માતાની મીઠી પ્રેમભરી લાગણી દેખડાવતી. તેનાં બન્ને નયનો અશ્રુપૂર્ણ હતાં અને ન્હાનો સુમન પણ પોતાની માતાના દુ:ખમાં ભાગ લઈ કરૂણ વિલાપ કરતો.

" ઓ ઇશ્વર ! દયા કર–દયા કર, ઓ ઘાતકી નસિબ દેવી ! જો તારે મને મારી નાંખવી હોય તો ઓ યમરાજ ! મોકલ–મોકલ–તારા દૂતોને જલદી મોકલ. ઓ ધરતી માતા ! તું ફાટ અને મને તારામાં શમાવી દે. ઓ અનન્ત આકાશ ! તું મારાપર તૂટી પડી મારો નાશ કર વ્હાલા સુમન ! તારાં બચપણમાં જ તારાપર દુઃખના ઝાડ ઉગ્યાં. મારા વ્હાલા બાળક ! તું કોનો પુત્ર ? હાય !..." તે કંગાળ અબળા બાળક પેઠે રોઇ પડી.

ઇશ્વર કૃપાએ વરસાદ બંધ પડતો–વાદળાં વીખેરાયાં અને અપાર આકાશ સ્વચ્છ થતાં તારાઓ ચમકવા લાગ્યા. લીલા સુમનને લઇ ધીમે ધીમે માર્ગ કાપી, એક સારા–ઉંચા કોમથી વસાયલા મહોલ્લામાં આવી પહોંચી. એક દયાળુ પુરૂષ તેને જોતાં પોતાના ઘરમાંથી કપડાં આપી દિલાસો દીધો અને લીલા આથી કંઇક શાંત થઇ, એક ખાલી ઘરના ઓટલાપર તે કમનસિબ કોમળાંગી પોતાના કોમળ કુસુમ જેવાં બાળુડાંને લઈ પડી રહી !

લીલાએ સુમનને સંભાળથી સુવાડયો અને આવી અસહ્ય આફતના વખતમાં પણ માતાની હુંફાળી–સ્વર્ગનાસુખ જેવી શાંતિવાળી ગોદમાં–તે નિદ્રાવશ થઈ ગયો: અહા ! માતા ! માતા ! તારો પ્રેમ દેવોને પણ દુર્લભજ છે !

આકાશ તદન સ્વચ્છ થઈ ગયું. નભોમંડળમાં અનેક ચાંદનીઓ ચમકવા લાગી અને ઝાંખા ચંદ્રની આસપાસ વીંટાયલી ચાંદનીઓ જાણે ચંદ્રથી શરમાતી હોય તેમ લજવાઇ લજવાઈને હસવા લાગી. આ તારલીયાઓ લીલાને તેના દુઃખી સમયમાં જાણે દિલાસો દેવા માગતા હોય તેમ, કોઇ ભેદી ભાષામાં કાંઇ જાણે બોલતા હોયની એવા લાગતા; પણ દુઃખમાં ડૂબેલી લીલાને

આ નૈસર્ગિક સૌન્દર્યનું ભાન રહ્યું નહોતું. તેણી તો વારંવાર પોતાની સ્થીતિનો જ ખ્યાલ કર્યા કરતી.

"ઓ વિધિ! હવે હું ક્યાં જઇશ ?" આટલા જ શબ્દો તેના મુખમાંથી વારંવાર બહાર પડતા.

થોડીક પળો મૌન પસાર થઈ અને લીલા જાણે કાંઇ પૂર્વની, સ્મૃદ્ધિ હૃદયમાં તાજી થઈ હોય તેમ ચોંકી-રડી પડી-અને બબ-ડવા લાગી

"મારા વ્હાલા રમાકાન્ત! શું તમે મને ન જ મળો ? શું તમારા હૃદયમાં હું પુનઃ સ્થાન ન જ મેળવું? મારી જીંદગીના આ-ધાર! મારા વ્હાલા પ્રિયતમ! શું તમે મને એકવાર-હા-એકજ-વાર "વ્હાલી": ના મીઠા નામથી ન બોલાવો? શું મારા સઘળાં સુખો સ્વપ્નાં જેવાં જ હતાં. ઓ ઇશ્વર! અ. તેં શું કર્યું? શું એમાં તારો કંઇ ન્યાય સમાયો છે? ઓ વિશ્વચાલક! સાવધ કે બેભાન-સુખી કે દુઃખી-સઘળી દશામાં મેં મારા વ્હાલા રમા-કાન્ત સિવાય કોઇ પણ પુરૂષનો ખ્યાલ સુદ્ધાં નથી કર્યો-હું તદ્દન પવિત્ર છું-મારી પવિત્રતાના સૂર્ય અને ચંદ્ર-એક દિવસનો અને બીજો રાત્રિનો-સાક્ષી દે છે. તે છતાં મારા વ્હાલા પતિએ મને કુલટા ગણી હું તેમના મનમાં દોષિત કરી-મને એક પાપી સ્ત્રી ગણવામાં આવી-હાય! અરેરે! એમને મારા આ નાદાન બાળકની દયા ન આવી! ક્યાંથી આવે? વહેમથી ઘેરાયલા એમના મગજને તારા પવિત્ર બાળક માટે ક્યાંથી દયા આવે? અરેરે! વ્હાલા કાન્ત! તમે તમારા બાળકને નજરે પણ ન જોયું? હાય! ઓ યમરાજ! જો તારે મને મારી નાખવી હોય તો મારી નાખજે પણ તે પહેલાં મને મારા વ્હાલા ભરથાર આગળ એકવાર મારી પવિત્રતા

પૂરવાર કરવાની તક આપજે—મને આ તેમનું બાળક તેને સોંપવા દેજે—મને મારા પ્રાણની પરવાહ નથી—તને મારા લોહીથી દરકાર હોય તો હું જરૂર તને મારૂં લોહી પાઈ શાંત કરીશ—પણ—એકવાર—હા—એકજવાર મને મારા વ્હાલા પતિ સમક્ષ પવિત્ર પુરવાર કર—" આટલું બબડી લીલા પણ પોતાના પુત્રની પાસ જમીનપર પડી નિદ્રાદેવીની વિનવણી કરવા લાગી પણ જેને લોકો કંગાલ કહે, જેને કોઇ ન ચાહે, જે ગરિબ તરીકે હીણાતાં હોય, જેનાપર કુદરત પણ કોપાયમાન થઇ હોય તેને નિદ્રાદેવી પણ શરણે ક્યાંથી ખરી ? લીલાને ઉંઘ ન જ આવી.

બેચેન દશામાં લીલાએ આખી રાત જેમ તેમ પસાર કરી રાત્રિના શીઘ્ર અંધકારપર બાર કલાક વિસામો લઈ તેજસ્વી દિનકરના સુવર્ણરંગી કીરણોએ હુમલો કર્યો અને પ્રાતઃકાળનો પ્રકાશ અને તિમિર વચ્ચેના આ ભયંકર યુદ્ધમાં પ્રભાકરની રોશનીને ફતેહ મળી. સુમન હજી નિદ્રાવશ હતો. લીલા જાગી. તેણે જે ઘરના ઓટલાપર આશરો લીધો હતો તેની થોડે દૂર એક કૂવો હતો. લીલા ત્યાં ગઇ અને એક પણીયારીને વિનવી પાણી પી શાંત થવા કોશેષ કરી પણ શાંત થઈ શકી નહિ—કંગાલ લીલાની દશા દિવાની જેવી થઇ ગઇ. તેને પોતાનું જરા પણ ભાન રહ્યું નહી. આફતના મહાસાગરમાં તણાતી કંઇ કંઈ લવતી, તે પાછી ફરી.

" સુમન ! સુમન ? "

રસ્તામાંજ તે સુમનને બોલાવવા લાગી.

સુમન જણાયો નહિ. કાંઇ ઉત્તર પણ મળ્યો નહિ. દિવાના જેવી લીલા ગભરાઇ ગઈ અને રસ્તામાંજ બેબાકળી જેવી આમતેમ જોવા લાગી.

" હાય ! હાય ! ઓ મારા વહાલા સુમન ! તું કયાં ગયો ? અરેરે ! નિર્દય કુદરત ! મારા એકના એક પુત્રને પણ તેં મારા હાથમાંથી ખુંચવી લીધો. હાય !—"

તે રોઈ પડી, અસહ્ય આફતને લીધે દિવાની બનેલી અબળા " સુમન-સુમન " એવી બૂમો મારતી, માર્ગમાં ભટકતી ઘણે દુર નીકળી ગઈ. સુમનને આમતેમ જોતાં પોતાની જગ્યા ભૂલી ગઇ. તેના મગજપર કંગાળ્યતે ઘણી બૂરી અસર કરી. તે તદ્દન દિવાની થઇ ગઇ. તે બિચારી તો એમજ સમજી કે તેના વ્હાલા પુત્ર સુમનને કોઈ ચોરી ગયું.

રસ્તામાં જેઓ લીલાને જોતાં તેઓ સઘળાને લીલાની દયા આવતી. દરેક જણ તેણીને દિલાસો દેવા ચાહતા. વળી કેટલાક અક્કડો તેની મશ્કરી પણ કરતા પણ દિવાની લીલાને તેથી કાંઇ પણ અસર થતી નહિ. દરેક જણને તે પૂછી જોતી.

" મારો સુમન-મારો સુમન-તમે જોયો છે ? " આટલું બોલતાંજ તે રડી પડતી. કોઈ બાળકને લઇ જતી સ્ત્રીને જોઇ લીલા બોલતી.

" કેમરે ! મારા સુમનને કયાં લઇ જાય છે ? લાવ-અરે ! કોઈ આવો રે ! આ મારા સુમનને લઇ જાય છે-મને અપાવોની ! " કહી બાળકને લેવા પ્રયત્ન કરતી. રાહદારીઓ તેને સમજાવી પટાવી રસ્તે પાડતા, અને એ પ્રમાણે દુઃખદરીયામાં હોમાયલી તરૂણી પોતાના એકના એક પુત્રથી વિખુટી પડી.

" સુમન ! તું તારી માતાને તજી કયાં ગયો ? શું મારી સાથ રીસાવું યોગ્ય છે, ભાઇ. ઓ ઇશ્વર ! શું આ યોગ્ય થાય છે ? ઓ જગતપિતા ! આમાં શું તારો ઇનસાફ સમાયો છે ? " લીલાએ

એક પછી એક સવાલો પૂછ્યા પણ તેનો જવાબ આપનાર ત્યાં કોઈ નહોતું.

મોટા મોટા ઝાડોને જોઇને પણ દિવાની લીલા પોતાના સુમનની ખબર પૂછવા જતી.

" તું મારો સુમન કયાં ગયો તે કહેશે–ઓ આમ્રવૃક્ષ ! મારા સુમનની જો તું ભાળ આપીશ તો તને મારા પતિ પાસેથી ઇનામ અપાવીશ જો !—"

આવી રીતે દીવાનપણાનાં સઘળાં ચીન્હો લીલાનાં જણાવા લાગ્યાં. જે દશા દુઃખથી, આફતથી અને કંગાળ્યતથી ન થઇ તે પુત્ર વિયોગે થઇ.

રસ્તે જતાં એક દયાળુ પુરૂષે લીલાને જોઇ. જોતાં જ જોનારાનાં જીગરમાં દયાનો ઝરો ખળખળ વહેવા લાગ્યો, અને એ દયાંની સત્તાએ તેણે લીલાને પૂછ્યું.

" બ્હેન ! તમે કયાં જાઓ છો ? "

" સુમન ! સુમન ! " લીલા બબડી.

લીલાની આવી કરૂણાજનક દશાથી પેલા દયાળુ પુરૂષના હૃદયમાં વધુ દયા ઉભરાઈ.

" બ્હેન ! સુમન કોણ ? તે કયાં છે ? "

" કેમ વળી ? તમે જ લઇ ગયા ને ! શું તમારે મારો પુત્ર પચાવી પાડવો છે ? અરે ! ભગવાન ! હડહડતો કળીયુગ આવ્યો હાય !–" લીલા રડી પડી. પેલા પુરૂષની આંખો પણ આંસુથી ભીની થઇ.

" અરે ! ભાઇ ! દયા કરો–દયા કરો–છેક જ હરામ દાનત ના રાખો મારો સુમન મને સોંપી દો. જો વળી ! એમ ના કરો.

મારા પુત્રને લઇ લેવાથી તમારૂં શું વળનાર છે ભાઇ! મારા સુમનને એકવાર મારી આ આંખોએ જોવા દ્યો-મને તેના કોમળ ગાલોપર ચુંબન કરવા દ્યો-ભાઇ! એ કોમલ ફૂલને ના ચગદી નાંખો. માતા વિના તે મરી જશે! હાય દયા! દયા!—"

લીલા નવધાર આંસુ રેડતી હતી. રસ્તાપર લોકો ભેગાં મળ્યાં. પેલા દયાળુ પુરૂષની સ્થીતિ કફોડી થઈ પડી. કેટલાકો એમજ સમજ્યા કે લીલાનો પુત્ર આજ પુરૂષે લીધો હશે તેથી તેને કહેવા લાગ્યા.

"અરે! ભાઇ! આ સ્ત્રીનો છોકરો આપી દ્યોને! માતાથી બચ્ચાંને છૂટું પાડવાનું ઘોર પાપ તમે સમજતા નથી?"

પેલા પુરૂષ વસંતલાલે કાંઇ પણ ઉત્તર આપ્યો નહી.

લીલા હવે ઉશ્કેરાઇ ગઇ.

તે ગુસ્સાથી—જુસ્સાથી—ક્રોધથી નેત્ર રક્ત કરી બોલી.

"કેમ! મારો છોકરો આપો છો કે નહિ?"

લીલાની આંખ લાલ થઇ.

"અરે! બ્હેન! જરા શાંત થાવ તમારો સુમન તમને મળશે. હું તેને શોધી કાઢીશ." વસંતલાલ લથડતા અવાજે બોલ્યો.

"તમે લીધો છે ને શોધી કાઢીશ એમ કેમ કહો છો? જો—જો—હું! મને છેડવામાં કંઇ સાર નથી. મારા પુત્રને છીનવી લેવાથી પરમેશ્વર તમારૂં ભલું કરવાનો નથી. ચાલો, જલદી કરો, મારો સુમન લાવો—મારો સુમન કયાં છે?"

લીલા ઉશ્કેરાઇ, વસંતલાલ ગભરાઇ ગયો. તેણે હવે સમયસૂચકતાથી આ દીવાની માતાને સમજાવવાનો વિચાર કર્યો પણ લીલા તેને સાંભળે એટલી શાણી ન્હોતી. તેને તો તેના વ્હાલા સુમનનું જ તાન લાગ્યું હતું.

ચાલો, જલદી કરો—નહિ તો કંઈ નવનું તેર થઇ જશે. મારો સુમન ક્યાં છે ? શરમ નથી આવતી મારા વ્હાલા પુત્રને ખુંચવી લેતાં ?" લીલાએ ઝનુનથી બરાડ મારી. રાહદારીઓ વસંતલાલને ધીક્કારવા લાગ્યા. કેટલાકો તો તે બિચારાને પજવવા અને ગાળ દેવા લાગ્યા. લીલાની સબળાને દયા આવી. હવે શું કરવું ? "સાપે છછું-દર ધર્યું—ગળી જાય તો મરી જાય ને છોડી દે તો આંધળો થાય." એવી વસંતલાલની દશા થઇ."

"બ્હેન ! તમારો સુમન."

"મારો સુમન છે ક્યાં ?"

"લાવો જલદી કરો."

"જો સુમન તમારોજ હશે તો તમને મળશે."

"મારો નહિ તો કોનો ? અરે ! વાહરે ! ભાઈ ! મારા જેવી નિરાધાર લાચાર અબળાનો ખજાનો લુંટી લેવાથી તમને શું મળશે ? મારી આંધળીની લાકડી લઈ લીધાથી પરમાત્મા તમારાપર ગુસ્સે થશે."

વસંતલાલ વિચારમાં પડ્યો. તેની સ્થિતિ કફોડી થઈ પડી. લોકો તેને પજવતા હતા, છતાં તે દયાળુ હતો. તેના દિલઘાટપર દયાનો અખંડ ઝરો વહેતો હતો.

"ભાઈ ! હવે મને ના ટવળાવો. હવે હું મારા સુમન સિવાય એક પળ પણ જીવી શકીશ નહિ અને જો તમે મારો સુમન નહિ આપશો તો મારો જીવ પટકી નાંખી તમને સ્ત્રીહત્યા આપીશ."

વસંત થરથર્યો, કંપી ગયો, કમકમ્યો.

"બ્હેન ! ચાલો, તમને તમારો સુમન આપું." વસંતલાલે સમયસૂચકતા વાપરી.

"મારો સુમન ! તમે આપશો ઇશ્વર તમારૂં ભલું કરો. ચાલો ચાલો, જલદી બતાવો, મારા એ વ્હાલા ભૂલકાં નેમને ભેટવા દ્યો. મારૂં કોમળ બાળક ભૂખ્યું થયું હશે."

વસંતલાલે લીલાને એક ગાડીમાં બેસાડી અને ગાડી ચાલવા લાગી.

પ્રકરણ ૩ જું.

દુઃખમાં દીલાસો.

પુત્રવિયોગે દિવાની બનેલી લીલાને લઇ વસંતલાલ ઘેર આવ્યો. તેના દયાળુ હૃદયમાં લીલા માટે અસાધારણ દયા ઉભરાઇ હતી. તેનું કોમળ અંતઃકરણ લીલાનું દુઃખ જોઇ ચીરાઇ જતું–ફાટી જતું અને તેથીજ લીલાની દિવાની દશામાં બોલાયલા અપમાનભર્યાં શબ્દોની દરકાર કર્યાં વિના યા તેથી માઠું લગાડયા વિના તેણે આ દુઃખી સ્ત્રીને આશરો આપવાનું યોગ્ય ધાર્યું હતું; અને એજ દયાની સ્વર્ગીય ભાવના તથા તેના દૈવી હૃદયની ભીની લાગણીથી તદન નિઃસ્વાર્થ વૃત્તિથી પરોપકાર એજ જીંદગીનો મહા મંત્ર ગણીને તે લીલાને પોતાને ઘેર લાવ્યો.

જેમ વસંતલાલનું દિલ દયાથી ભરપૂર હતું, જેમ તેના હૃદયમાં ગરીબો તરફ દયા ઉભરાઈ જતી. જેમ તેનું દિલ કોઇ દુઃખી-ને જોઇ ચીરાઈ જતું તેમ તેની પવિત્ર અને પ્રેમાળ પત્ની પ્રમીલા પણ ખરેખરી દયાની દેવીજ હતી. વસંતલાલની આંખોની તે કીકી

હતી. તેના સંસારની સુકાની હતી. પ્રમીલાની એક પળની જૂદાઇ વસંતલાલને એક યુગ જેવી લાંબી અને સુડીની ભયંકર શીક્ષા જેટલી દુઃખકારી લાગતી. ટુંકામાં વસંતલાલ અને પ્રમીલા અન્તરો તદ્દન મળી ગયાં હતાં.

વસંતલાલનું ઘર આવી પહોંચતા લીલા અને વસંતલાલ ગાડીમાંથી ઉતર્યા. પોતાના પ્યારા પતિને હસિત વદને, નેહભર્યા નયનોએ, અમૃત જેવી મીઠી વાણીએ આવકાર આપવાને તથા પ્રેમનાં મીઠાં–મધુરાં પુષ્પોથી વધાવવાને અને પોતાના પ્રેમની સાંકળ મજબૂત કરવાને પ્રેમાળ પ્રમીલા ઓટલા ઉપરજ એક આરામાસન નાખીને પડી હતી. પતિને નીહાળતાંજ તેની આંખોમાં કોઇ અજબ પ્રકારનું તેજ ચમકી રહ્યું. પતિ વિના, પતિના વિચારમાં પડેલો પ્રમીલાથી આંખો મસ્તીખોર બની, હૃદયસાગર પ્રેમના મોજાથી ઉન્મત બની ઉછળવા લાગ્યો અને એ દેવી પ્રેમની અજબ શક્તિના જોરે તે વસંતલાલને સાથી લેવા–અવકાર આપવા–પ્રેમથી વધાવવા–શાંતિ આપવા અને સુખી કરવા ગઈ.

પોતાના પતિની સાથે લીલાને ગાડીમાંથી ઉતરતાં જોઈ પ્રેમીલા ચમકી. એક સુંદર રૂપસુંદરીને પોતાના વ્હાલા ભરથારની સાથે જોઇ તેણી કંઇક શંકાશીલ બની છતાં મનની વાત મનમાં શમાવી. પ્રિય વાચનાર! ગમે તેટલો અખૂટ પ્રેમ પ્રમીલાના હૃદયમાં વસંતલાલ માટે હતો છતાં તેણી "અદેખાઇ" ભરેલાં સ્ત્રીઓના વર્ગથી તદ્દન નિરાળી ન્હોતી! વસંતલાલ લીલાને લઇ તેની પાસે આવ્યો. પ્રમીલા હસી–મીઠું હસી–પણ આ હસવામાં જો વસંતલાલ બરાબર 'માર્ક' કરત તો દરરોજના જેવી મીઠાશ ન્હોતી એમ તેને લાગત! પણ ભોળા વસંતલાલે તેવી કાળજી કરી

નહિ. તેને તો સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો કે તેની પત્ની શંકાશીલ બની હશે! તેણે પણ પોતાની વ્હાલી પ્રિયાનાં હાસ્યનો મીઠું હસી ઉત્તર વાળ્યો.

લીલા અત્યાર સુધી કંઇક શાંત રહી હતી. દુઃખથી દીવાની બનેલી એ દુઃખી સ્ત્રીને ગઇ રાત્રે મુદ્દલ ઉંઘ આવેલ ન હોવાથી નિદ્રાદેવીની મીઠી લહેરીઓ તેણીની આંખોને મીચી દેવા મથતી. અર્ધ જાગ્રત દશામાં એકાદ ચાવી આપેલી પૂતળીની પેઠે વસંતલાલના કહેવાથી એક ખુરશીપર પ્રમીલાની નજીકમાં તેણી બેઠી. સુશોભીત ફરનીચરથી શણગારાયલા ભવ્ય દિવાનખાનામાં લીલા આમતેમ નજર ફેંકવા લાગી. મનોહર નાજુક ખુરશીઓ, રમણીય કબાટો, સુંદર રાઉંડ ટેબલો વિગેરે અનેક નયનપ્રિય વસ્તુઓ જોઈ લીલા કંઈક બેચેન બની આંખને ઉડી વળગે એવું ચીનાઇ કામ, હાંડી, ઝુમ્મર, વિગેરે જોઇ તે વસ્તુઓ તરફ એકીટસે જોઇ રહી. તે શું કરે છે, કયાં છે, કેમ આવી છે, વિગેરે કોઈ પ્રકારની તેણીને ભાન રહ્યું નહિ.

વસંતલાલે લીલાનું ટૂંક બ્યાન પ્રમીલાને કહ્યું અને તે જાણુતાંજ પ્રમીલાના હૃદયમાં જે શંકા લીલાને જોતાં જન્મ પામી હતી અને જેને આપણે "અદેખાઈ" તરીકે ઓળખી હતી તે નાશ પામી અને લીલા માટે દયા ઉત્પન્ન થતાં પતિની પારમાર્થીક વૃત્તિ માટે માન પેદા થયું.

"વ્હાલા!—" જાણે મનોહર ઉદ્યાનમાં કોયલડી યા બુલબુલ પક્ષી બોલતાં હોય તેવો મધુર રણકાર સંભળાયો અને વસંતલાલ જાણે કોઇ અજબ માધુર્યનું પાન કરતો હોય તેમ, જાણે

મોરલીનો મધુર રણકાર તેને કાને પડતો હોય તેમ, જેમ એક નાગ વાંસળીના સુંદર શરોદથી લીન થઈ મદારીની જાળમાં ફસાવાના ડરને બાજુ મુકી મૃત્યોનો ડર છોડી દઈ, ડોલે તેમ ડોલવા લાગ્યો.

પ્રમીલા બોલી.

"વ્હાલા! એ બિચારી સારી નહી થાય?"

"ઇશ્વર જે કરે તે ખરૂં!"

"ઇશ્વર જે કરે તે ખરૂં!" વસંતલાલ બોલ્યો.

આ બાજુ લીલા તે વિશાળ દીવાનખાનામાંના ચિત્રો જોતાં જોતાં એક સુંદર ચિત્ર નજીક આવી. તે ચિત્રમાં એક પચીસેક વર્ષની પ્રૌઢા પોતાના નાના બાળકને રમાડતી ચીતરવામાં આવી હતી. ચીતારાએ પોતાની સઘળી શક્તિ આ ચિત્ર ચીતરવામાં વાપરી હતી. લીલા સુમનને કંઈક ભૂલી ગઇ હતી તે પાછો સાંભરી આવ્યો અને તે વસંતલાલની પાસે આવી તેને કહેવા લાગી.

"અરે! ભાઇ! મારો સુમન! મને આપોને! જો વળી! મને ના ટવળાવો, ભાઈ! ભાઈ! મને ટવળાવવાથી તમારૂં શું ભલું થનાર છે?" કહી તે વસંતલાલ તરફ દયામણી આંખોએ જાણે કાંઇ ભિક્ષા માગતી હોય તેમ જોઈ રહી. વસંતલાલ બીચારો શું જવાબ આપે? પ્રમીલાનું હૃદય તો આ દયામણા શબ્દો સાંભળીને ચીરાઇજ ગયું. તેના "કમળ"ના પુષ્પ જેવાં સુંદર નયનોમાંથી અશ્રુનાં મોતી જેવાં સુન્દર બિન્દુઓ તેના ગુલાબી ગાલને સીંચવા માટે સરી પડયાં.

"બ્હેન!" પ્રમીલા જેમતેમ બોલી.

"જરા શાંત થાવ-તમારો સુમન—"

આ વાકય પૂર્ણ થાય તે પહેલા તો લીલા ક્રોધાયમાન થઈ અને ગુસ્સાથી આંખ લાલ કરી બોલી.

" મને મારો સુમન જોઇએ છે. તમારી મીઠી મીઠી વાતોથી હું ભોળવવાની નથી. તમે મારો પુત્ર છીનવી લેવા માગો છો પણ મારા પ્રાણને ભોગે પણ તેમ થવા દેવાની નથી. "

આ વાકય બોલતાં લીલા તદ્દનજ ઉશ્કેરાઇ ગઇ. તેના નયનમાં ઉન્માદનાં ચિન્હો ચોખ્ખાં જણાવા લાગ્યાં. વસંતલાલ ગભરાયો, પ્રમીલા રડી પડી.

" મકન " વસંતલાલે બુમ પાડી.

" જી સાહેબ !—"

મકન આવી બોલ્યો.

" હમણાં ને હમણાં વૈદ્યરાજને બોલાવી લાવ. "

" જેવો હુકમ "

મકન પૂર જોસથી દોડયો.

" ભાઇ ! " લીલાએ પાછું શરૂ કર્યું.

" જો તમારે મને મારી નાખવી હોય તો ભલે, મારૂં લોહી પી તૃપ્ત થાવ અને તમારી રાક્ષસી ઇચ્છા પાર પાડો પણ એક વાર—ફક્ત એકજવાર—મને મારા વ્હાલા સુમનને મળવા દ્યો—જોવા દ્યો—"

લીલા રડી પડી.

પ્રમીલા પણ રડવામાં તેની સાથી બની, વસંતલાલ ગળગળો થઇ ગયો. સર્વત્ર શોક છવાઇ રહ્યો. તે મનોહર દીવાનખાનામાંનું સુંદર ફરનીચર પણ વિલાપ કરતું હોય એવું થઇ ગયું.

થોડીકવારમાંજ વૈદ્યરાજ આવી પહોંચ્યા. વસંતલાલે લીલાની સઘળી સ્થીતિ તેમને જણાવી, ગમે તે ભોગે, તે બિચ્ચારીને સારી કરવા વિનતી કરી. વૈદ્ય ઘણોજ દયાળુ હતો. તેણે લીલાની નાડી ધ્યાનથી તપાસી અને "મૅડનેસ"ની શરૂઆત જણાવી–જલદી સારા થવાની આશા પણ બતાવી અને વસંતલાલ તથા પ્રમીલાની આંખો ઝાંખા આનંદથી ચમકી.

"આ અંજન હું હમણાં એની આંખમાં આંજું છું અને તે તમે દર કલાકે કલાકે આંજજો; અને આ ગોળીઓ ત્રણ ત્રણ કલાકે આપજો અને જયાં સુધી એની મેળે જાગે નહી ત્યાં સુધી જગાડશો નહિ" કહી વૈદ્યરાજ પોતાની ફરજમાંથી મુક્ત થયા અને કેટલીક અગત્યની સુચના કરી વિદાય થયા, લીલાને ઉંઘની દવા આપતાં તેણી નિદ્રાદેવીને તાબે થઇ.

પ્રમીલાની અમૂલ્ય માયા, દિલસોજી અને વ્હાલથી તથા વૈદ્યરાજની ઉત્તમ દવાથી લીલાની સ્થીતિ કંઇક સુધરી. વળી તેના હાથમાં સુમનને બદલે પ્રમીલાની નાની છોકરી મૂકવામાં આવતાં તેને સુમન જાણી તે દિવાની માતા હર્ષ પામી અને તેને હરખાતાં જોઇ તે દયાળુ દંપતિ આનંદ પામતાં. તેમની દિલગીરી એટલીજ રહી કે લીલાના નાના બાળકનું શું થયું હશે ? પણ તે વિષે તેઓ તદ્દન અજ્ઞાત હતાં અને તેથી કાંઇ કરી શકે તેમ ન્હોતું.

બીજે દિવસે સવારે લીલાને વધુ શુદ્ધિ આવી અને વૈદ્યરાજની આંખો આનંદથી ચમકી. લીલાને શાણી કરવા તેમણે તનતોડ મહેનત કરી હતી અને તેમાં તેમને વિજય મળ્યો.

બીજો એક દિવસ પસાર થતાં લીલા તદ્દન સારી થઇ અને

પોતાને એક રાજ મહેલ જેવા ભવ્ય બંગલામાં જોઈ ગભરાઇ—અજબ થઈ ને પ્રમીલા સામું ટીકાટીકીને જોઇ રહી.

"બ્હેન ! સહેજ પણ મુંઝાશો નહી. મને તમારી બહેનજ ગણી લેજો." પ્રમીલા અત્યંત માયાથી બોલી.

"તમે કોણ છો બહેન ? આ મહેલ કોનો ? મને અહિં કોણ લાવ્યું ? મારો સુમન ક્યાં ?–હાય !" લીલા રડી પડી. પ્રમીલાએ તેણીને મીઠો દિલાસો દીધો અને સઘળી બીના ધીમે રહી કહી. લીલા સઘળું સમજી અને પ્રમીલાનો ઘણોજ આભાર માનવા બાદ પોતાના વ્હાલા સુમન માટે અત્યંત બળાપો કરી રૂદન કરવા લાગી.

આ વેળા ત્યાં વસંતલાલ આવી પહોંચ્યો. લીલાને તદ્દન શાંત તથા શાણી થયેલી જોઇ તે હરખાયો. હવે તે લીલાના છોકરાને શોધી કાઢી પુત્રવિયોગે તરફડતી માતાને સુખી કરી શકશે એ ખ્યાલે મલકાયો. તે દિલસોજીભર્યા અવાજે બોલ્યો.

"બહેન ! સહેજ પણ શરમાશો નહિ" હું તમારો ધર્મનો ભાઇજ છું એમજ માનજો.

"ભાઇ ! તમારો કેટલો આભાર ?" લીલા બોલી.

વસંત મૌનજ રહ્યા.

"ભાઈ ! મારૂં કોમળ બાળક બબ્બે દીવસ થયાં ભૂખે મરતું હશે–અરે ! ઓ ક્રૂર નસીબ ! ઓ ઘાતકી દિવાનાપણા ! તને મારા ગરીબડા પુત્રની પણ દયા ન આવી ?"

"બહેન ! આપણે તેને શોધી કાઢશું. નાહક શોક કરવાથી કાંઈ વળનાર છે ?" પ્રમીલા ગદ્દગદ્દ થઇ બોલી.

"અરે ! બહેન ! મારૂં કોમળ બાળ બબ્બે દિવસ સુધી માતા વિના, દૂધ વિના અને પાણી વિના તદ્દન નિરાધાર હાલતમાં શી રીતે

જીવ્યું હશે! ભાઈ! મે તમને દિવાનાપણામાં ઘણા કડવા શબ્દો કહ્યા હશે–મુઈ હું અભાગણી–મને માફ કરશો ભાઈ!' લીલા વસંતલાલ તરફ ઉપકારભરી આંખોએ જોઇ રહી.

"બ્હેન! તમે શાંત થાવ. મનુષ્યમાત્રની ફરજ છે કે પોતાના આફતમાં ફસેલા દુઃખી ભાઇબ્હેનોને પોતાનાથી બનતી મદદ કરી, દિલાસો દેવો."

"ભાઇ! તમે મારાપર અનહદ ઉપકારો કર્યા છે, પણ હવે એક વધુ કૃપા કરી મારા સુમનને મેળવી આપો—"

"બ્હેન! જ્યારે મેં તમને જોયાં ત્યારે તમારો સુમન તમારી પાસે—"

"ન્હોતો–" લીલાએ વાક્ય પૂરૂં કર્યું.

"હું અભાગણી તે કોમળ ફુલને નાગર ફળીઆમાં ભૂલી આવી હતી—"

"ચાલો આપણે ત્યાં જઇએ."

"વસંતલાલ અને લીલા ગાડી જોડાવી, પૂરવેગથી જે ઓટલાપર લીલાએ આશરો લીધો હતો ત્યાં ગયાં. લીલા તદ્દન ગાંડા જેવીજ ગાડીમાંથી ઉતરી પડી અને પોતાના વ્હાલા સુમનને લેવા ગઈ, પણ હાય! તેની છાતીને, ચીરેચીરા થઈ જાય, તેનું જીગર બળીને ખાખ થઇ જાય, અને તેની સઘળી જીવંત લાગણીઓ તદ્દન મરી જાય એવો દેખાવ તેણીની નજરે પડયો. સુમન ત્યાં ન્હોતો!

"હાય! હાય! મારી આંધળીની લાકડી ગઈ–દુઃખીનો દિલાસો ગયો–ગરીબની દોલત ગઈ—ઓ ઇશ્વર! હવે તો હદ થઈ. ઓ પ્રભુ! હવે દયા કર.—દયા કર. આ અનહદ જૂલમ હવે નથી

સહેવાતો આ અસાધારણ કંગાળ્યત હવે નથી ખમાતી. ઓ સુમન ! ઓ વ્હાલા બાળુડાં ! તું કયાં ગયો ? હાય !-" લીલા મુક્ત કંઠે બાળક પેઠે રડી પડી અને વસંતલાલની સ્થિતિ પણ ઘણી દયામણી થઈ.

" ભાઇ ! મારૂં નસીબજ ફૂટેલું છે. જયાં ગઈ ત્યાં દુઃખીજ થઇ છું, જન્મીને મેં સુખ જોયુંજ નથી. ઇશ્વર તમારૂં ભલું કરશે. તમે તમારે ઘેર જાવ-સુખી થાવ—હું અહિંયા મરીશ—મારા સુમનની યાદ કરતાં ઇશ્વરના મહાન્ દરબારમાં ઇનિસાફ માગવા જઈશ—અને ત્યારેજ મારા દુઃખનો——મારી આફતનો અને આ કંગાળ્યતનો અંત આવશે—"

લીલાના આ લાગણીભર્યાં વાકયો દયાળુ વસંતલાલથી ન સંભળાયા. તેનાપર જાણે કાતીલ છૂરીનો ઘા થયો હોય એવું તેના કોમળ જીગરને લાગ્યું. બન્ને બે પળ તદ્દન ચૂપ રહ્યાં. વાતાવરણમાં સઘળે દીલગીરીની છાયા છવાઈ ગઇ પણ આ શું ? કોઇ સ્ત્રી સુમનને લઇ આ બાજુ આવતી લીલાને નજરે પડી. લીલા દોડતી દોડતી તેની પાસે ગઇ અને સુમનને તે સ્ત્રી પાસેથી લઇ ગઇ, અનેક ચુંબનોથી તે નાનાં ભુલકાનાં ગાલો ભીના કરી નાખ્યા.

" બહેન ! તમે આ બાળકને મૂકી કયાં ગયાં હતાં ? હું ન લઇ જાત તો એની શી દશા થાત ? " પેલી સ્ત્રીએ ઠપકાભર્યા અવાજે કહ્યું.

" અરે ! મુઇ હું અભાગણી ! બહેન ! મારાં દુઃખોની વાતજ ન કરવી. હશે ! ઇશ્વિરને એમાંજ મઝા પડતી હશે."

લીલાએ સુમનને સ્તનપાન કરાવ્યું અને વળી પાછી તે કોમળ

બાળકને તેની વ્હાલી માતા હેતના ઉમળકાથી અનેક ચુંબનો કરવા લાગી.

થોડીકવાર રહી લીલા દુઃખથી બબડવા લાગી.

" ઓ પરમેશ્વર ! ઓ નિરાધારના આધાર, ઓ દયાસાગર ! આ કેવો ગેરઇન્સાફ ! ઓ પ્રભુ ! આ મારા કયા જન્મના પાપ ? અરે ! વિભુ ! આ શું જૂલમ ? આ કેવી નિર્દયતા ? અરેરે ! તને મારી નહિ તો મારા નાના બાળકની પણ દયા નથી આવતી ? બરફ જેવા સ્વચ્છ અંતઃકરણના આ કોમળ કુસુમે મારો શો અપરાધ કર્યો ? હાય ! મુઇ હું વ્હાલા સુમન ! તેં મારે પેટે જન્મ લેઇ જરા પણ મુખ ન જોયું—અરેરે ! તારા પિતાએ તારૂં મ્હોં સુદ્ધાં ન જોયું—હાય ! ઓ ધાતકી ગરીબાઇ ! ઓ નીચ કંગાળ્યત ! તારે લીધે મારી આ દશા થઇ, તારે લીધેજ હું દિવાની થઇ. મારા વ્હાલા સુમનને ભૂલી ગઈ. અરે ઓ નીચ ગરિબાઈ ! તારા અસાધારણ તાપથી, તારા જૂલમથી અને તારા ઘાતકીપણાથી અનેક આશાભરી જીંદગીઓ જીવન વસન્તકળામાં જગતને કાંઇ પણ લાભ કર્યાં વિના, જગતના કાંઈ પણ મીઠાં સુખો અનુભવ્યા વગર, અનીતિના અંધારા ગારમાં ગબડી પડતી હશે; અનેક જીવો કુમાર્ગે ભૂલાં પડતાં હશે અને અનેક કુમળી કળીઓ અકાળે કરમાઇ જાલમ જમડાના ધાતકી દુતોને શરણે જતી હશે ! ઓ ક્રુર વિધાતા મેં તારૂં શું બગાડયું કે તે મારાં નસીબ નક્કી કરતી વેળા તું મરી શા માટે ન ગઈ ? તને કાળો નાગ કેમ ન ડંખ્યો ? હાય ?—" આટલું બોલી લીલાએ એવું રૂદન કર્યું કે જે જોઈ રાક્ષસ પણ દયાથી પીગળી જાય ! અને જયારે પત્થરની છાતી

પીગળે તો વસંતલાલ જેવા દયાળુ નરની છાતી તો ચીરાઇ જાય તે સ્વાભાવિક છે.

"બહેન! ઇશ્વરનો આભાર માનો કે તમારો સુમન તમને સહીસલામત મળ્યો."

"ઇશ્વર દયાળુ છે. શું મારી આંધળીની આ એકની એક લાકડી પણ તે મારા હાથમાંથી ઝુંટાવી લે? ના, ના, તે એટલો બધો ઘાતકી અને કઠણ જીગરનો નથી; ભાઈ!—"

"બહેન! તમે એકલાંજ છો?"

"હા.—"

"તમારૂં કોઇ સગું નથી?"

"ના—હું અને મારો સુમન! બીજું કોઈ નહીં. આ દુનિયાની બહોળા સપાટી ઉપર મારૂં મારા વ્હાલા સુમન સિવાય કોઈ પણ સગું નથી. જેઓ કંગાળ છે, જેમની પાસે કંઇ નથી, ભવિષ્યમાં મળવાની આશાનું ઝાંખું કિરણ મારા જીવનની દ્રષ્ટિ મર્યાદામાં જણાતું નથી, જે ગરિબ અને તદ્દન કંગાળ છે તેનું કોણ સગું થાય?" લીલા લાગણીભર્યાં અવાજે બોલી.

"હું થાઉં!!" વસંતલાલ બોલી ઉઠયો.

"તમારૂં આ જગતની સપાટી ઉપર કોઈ સગું ન હશે તો હું થઇશ."

"અમે કંગાળ છીએ."

"નથી શું થયું? પરમાત્માએ મને અખૂટ દોલત આપી છે. તે શા કામની? બહેન! મુઝાશો નહી—શરમાશો નહી—મને તમારો ધર્મનો ભાઈ ગણજો. કદિ સૂર્ય પશ્ચિમમાં ઉગશે, ચંદ્રમામાંથી અગ્નિના સોળ નીકળશે, ગંભીર મહાસાગર પોતાની મર્યાદા ઓળંગી જશે

અને નદીઓનાં પાણી વ્હેનથી અવળી દિશામાં વહેશે તોપણ મારા વર્તનમાં કોઇ જાતનું પરિવર્તન થશે નહિ. ઈશ્વર સાક્ષી છે કે મારૂં જીગર પવિત્ર અને વિચારો સ્તચ્છ છે. હું તમને મારી સગી બ્હેન તરિકેજ પાળીશ."

"ભાઈ! તમારૂં પવિત્રતાના તેજથી ઝળકતું મુખકમળ સાક્ષી પુરે છે કે તમે ધર્મના અવતાર છો–પણ–"

"બ્હેન! હવે પણબણ છોડી દો–મારે ત્યાં ચાલો–અને આજ સુધી મેં ન ચાખેલું એક બ્હેનનું મીઠું સુખ મને ચખાડો."

"ભાઇ! તમારો મોટો ઉપકાર પણ! ઘણીજ દિલગીર છું.

"બ્હેન! મને ના ટળવળાવો. દિલગીર થવા જેવું કશું છેજ નહિ. મારૂં ઘર તમારૂંજ માનજો. ઇશ્વર ચાહશે તો થોડા સમયમાં તમારૂં સઘળું દુઃખ નાશ પામશે."

"તમારા મ્હોંમાં સાકર ભાઇ! પણ–"

"બ્હેન! આનાકાની ના કરો. તમે ભૂખ્યાં હશો. વળી આ કોમળ બાળક પણ આવી જગ્યાએ કદિ રહી શકશે નહી. બ્હેન! હજુ તમે યુવાન છો અને યુવાન જીંદગીના જોખમો તમને સમજાવવાની જરૂર નથી. હવે તમેજ કહો કે તદ્દન નિરાધાર હાલતમાં, આ ઓટલા ઉપર, વેરાન વાતાવરણમાં, આ કોમળ બાળક સાથે વસવું શું સલામત છે? ખચિતજ નહિ, વળી હું તવંગર છું. મને તમે અને તમારૂં બાળક ભારી પડનાર નથી. મારૂં અને તમારૂં એ ભેદ છોડી દ્યો. એવા ભેદો જગતના સ્વાર્થીઓ માટે રહેવા દ્યો. મારા ઘરને તમારૂં માનો. મને ધર્મનો ભાઇ ગણો અને એક ભાઇને ત્યાં જેમ બ્હેન વિના સંકોચે રહે તેમ રહો. બ્હેન!

તમે સમજુ છો એટલે વધું શું કહું ? હું જ્ઞાતે નાગર છું; અને તમે ?"

"તમારીજ જ્ઞાતિ ભાઇ !"

"સોના કરતાં પીળું ! અહો ! હું કેવો ભાગ્યશાળી કે મારી જ્ઞાતિની એક નિરાધારા બ્હેનને સહાય કરવા શક્તિવાન થયો. બ્હેન લીલાવતી ! આજથી તમે મારાં સગાં બ્હેન થયાં. મારી વ્હાલી બ્હેન ! હવે મને ના ટવળાવ–મારાપર વિશ્વાસ રાખ."

"ભાઈ ! તમારાપર મને સંપૂર્ણ વિશ્વાસ છે."

"ત્યારે દયા કરી આ ગરિબની–"

"ભાઇ ! મને ના શરમાવો. તમારો આટલો બધો આગ્રહ છે તો ચાલો—"

લીલાના મુખાંબુજમાંથી "ચાલો" શબ્દ નીકળતાં તો વસંતલાલ આનંદની લહરીથી ડોલવા લાગ્યો. લીલા અને સુમનને લઇ તે પોતાને ઘેર આવ્યો. પ્રમીલાએ પોતાના અમૃત જેવાં મીઠા બોલોથી લીલાને દિલાસો દીધો અને તે દિવસ એક માંગલિક દિવસ તરિકે ઉજવાયો.

વ્હાલા વાંચનાર ! હાલ તુરત તો લીલા વસંતલાલના માયાળુ છાંયડામાં કંઇક સુખી થઇ છે. સુમન તો જાણે સ્વર્ગોદ્યાનમાં સુંદર પુષ્પોની શય્યામાં લોટતો હોય તેવો સુખી થઇ ગયો છે. પ્રમીલાની નાની છોકરી કુસુમ તેની બાળસખી થઇ છે અને આ બંને ભુલકાં-ઓને બાળલીલા કરતાં જોઇ તેમની માતાઓના હર્ષનો પાર રહેતો નથી. લીલા અત્યારે કંઈક સુખી થઇ. તેને દુઃખમાં દિલાસો મળ્યો પણ એ લીલા કોણ ? કનકપુરી નગરના વેરાન જંગલનાં ઝુંપડામાં તેણી શી રીતે આવી ? તેના કોમળ દેહ ઉપર દુઃખનો ડુંગર કોણે

ફેંકયો! વિગેરે જાણવા માટે આપણે હવે થોડાક વર્ષ અગાઉ બનેલા બનાવો તરફ ધ્યાન આપીએ.

પ્રકરણ ૪થું.

સદ્‌ગુણી સુન્દરી.

પ્રિય વાંચનાર! લીલાને વસંતલાલની માયાળુ છાયામાં છોડી આપણે થોડાક વખત માટે કનકપુરી નગરને પ્રણામ કરી જઈશું. ચાલ ત્યારે; બેસ મારી પીઠ ઉપર યા મારી કલ્પનાના તરંગી ઘોડા ઉપર અને ચાલ મારી સાથ! હું તને નવાં નવાં સ્થળો બતાવીશ, અજબ વાતાવરણમાં ફેરવીશ, અનેક મીઠા અને કડવા અનુભવોનો સ્વાદ ચખાડીશ, જગતના અનેક સારાં નઠારાં ચિત્રો બતાવીશ તથા દુનિયાના—સંસારના અનેક વિચિત્ર નાટકો બતાવીશ કે જે તને તારી જીંદગીની મુસાફરીમાં સ્હેજ પણ ઉપયોગી થઇ પડયા વિના રહેશે નહિ.

* સુરત, જમાનાની ગીરદેશીથી, કુદરતના કોપથી, વખતનાં ચક્કરની ભયંકર ઝપટથી દૌરદમામ અને જાહોજલાલીને પ્રણામ કરી પરવારેલું સુરત, શુર ધર્મતારક શીવાજીની ભયંકર લુંટથી તારાજ થયેલું સુરત, આગ અને રેલથી નાશ પામેલું સુરત, એક વેળાનું ગુજરાતની રાજધાની જેવું ગણાતું રમણિય નગર સુરત, અંગ્રેજોનું પહેલું વેપારી મથક સુરત, આજે હાલહવાલ થઇ ગયું છે. તાપી નદીના કિનારાપર આવેલું એ રમણિય પણ કમનસીબ શહેર લીલાનું મુળ વતન હતું. લીલાનો પીતા ગીરધરલાલ ન્યાતે નાગર

હતો. પોતે નાનો હતો ત્યારથી જ ગરીબાઇ જોઇ હતી એટલે તેનામાં રંકદશાના કેટલાક ઉંચા સંસ્કારો પહેલાંથી જ પડયા હતા. તેના પિતાની કાપડની દુકાન હતી. પાસે થોડો પૈસો હતો. પણ તે નામ-નોજ. તેર ચૌદ વર્ષનો થયો એટલામાંજ ગીરધરલાલે પિતાનું છત્ર ગુમાવ્યું. તેને આ પ્રથમ ફટકો પડયો. નાની વયમાં ઘરનો સઘળો બોજો તેને માથે પડયો—પિતાના મરણની તેની છાતીના ચીરા થઇ ગયા—પણ પરમેશ્વરની સત્તા આગળ કોનું ચાલી શકે ?

અરેરે ! હિંદુ સંસાર ! તારા વિચિત્ર રીત રીવાજોથી કોણ ખેદ નહિ પામે ? ગીરધરલાલે પિતાનું માયાળુ છત્ર ખોયું—ઘરનું છત્ર ઉડી ગયું—માથાપરનો મુગટજ ઉડી ગયો—બાપ જેવો બાપ ગયો—તે માટે તેને દિલાસો દેવા કોઈ નહિ આવ્યું; પણ—

ભાઈ! તારા બાપની આબરૂ પ્રમાણે તો વાહવાહ કહેવરાવી જોઇએ. આમ કરવું જોઇએ, ને તેમ કરવું જોઇએ. લ્હાણાં કરો અને બ્રાહ્મણ જમાડો—" આવાં આવાં અનેક વાકયોથી તેનું મન ભમી ગયું. "બાપની પાછળ જમણ નહિ કરશે તો ક્યારે કરશે ? બાપનું બારમું અને વહુનું સીમંત કાંઈ વારેવારે આવે છે ?" એવા શબ્દો જ્ઞાતિમાં બોલવા લાગ્યા. ગીરધરલાલની માતાએ પણ એ વિષયમાં તેનાપર દબાણ કર્યું અને લાચારીથી પિતાના મરણથી નીપજેલા અનિવાર્ય શોક છતાં જ્ઞાતિના લાડુ ભટોને રીઝવવાની તેને ફરજ પાડી. અને તેમ કરતાં તેને લગભગ સાતસો આઠસો રૂપિયાનો ખરચ થયો. ગરીબ ઘરની પુંજી ખલાસ થઈ—ગીરધર-લાલની તીજોરીનું તળિયું જણાયું—" ભવિષ્યમાં શું થશે" એ વિચાર આવતાંજ આંખોમાં ઝળઝળીયાં આવતાં, તે ઘણો મુઝાયો. જમણવાર કરાવવા માટે જેઓ તેઓ તેને સાતમે આસમાને ચઢાવતા તેમાંનો એક પણ આ વખત દિલાસો દેવા ન આવ્યો.

તેની માતાને પણ હવે આ ખર્ચ માટે પસ્તાવો થયો પણ હવે તે રાંડયા પછીનું જ્ઞાન હતું !

જેમ તેમ જીવ વાળી ગીરધરલાલ પાછો ધંધામાં પડયો. કંઈક નસિબ ચઢેલું–ભાગ્યરેખા કંઇક ઉંચે આવેલી જણાઈ. દીવાળીપર સરવૈયું કાઢતાં જમણના ખર્ચ જેટલો નફો જણાયો. વળી એજ અરસામાં તેણે સોરટી ભરી–નસીબમાં લક્ષ્મી હતી એટલે તેની તરફેણમાં પરિણામ આવ્યું. રૂ. ૨૦૦૦૦ નું ઈનામ મળ્યું. કંઇક મકલાયો. ચડતી આથી પણ વધશે લક્ષાધિપતી થશે એવાં એવાં સ્વપ્નાં આવ્યાં–આ વાત ન્યાતમાં ચરચાઇ, એકાદ બે ઘરથી માગાં આવ્યાં, અને ડોસી–ગીરધરલાલની મા–આનંદમાં ડોલવા લાગી. ગંગા નામની એક પંદર વર્ષની મુગ્ધા સાથ ગીરધરલાલ લગ્નની ગાંઠથી જોડાયો અને હિંદુ માતાઓ ઇચ્છે છે તેમ ડોસી હવે પુત્રને પરણાવી "ગંગા નાહી"! પોતાની જીંદગીનો બાકીનો સમય ભક્તિમાં ગાળવા લાગી. એક દિવસ ડોસી માળા ફેરવતાં–રામનું નામ જપતાં 'હાર્ટ' બંધ પડવાથી રામ શરણ થઇ ગઈ!

ગંગા વ્હાલસોઈ હતી, પ્રેમાળ હતી, ઘરરખુ હતી એટલે ગીરધરલાલને માથે માના દહાડાનો ખરચ આવ્યા છતાં કાંઇ વધુ લાગ્યું નહિ: તો પણ તેની પાસે લગ્ન તથા માનો દહાડો કરતાં કાંઈ રહ્યું પણ નહિં, ચાલુ કમાણીપરજ આધાર હતો. એટલામાં વળી ગંગા ગર્ભવતી થઇ અને સીમંતનો ખર્ચ નજર સામે ડોળા ધુરકતો ઉભો. માણસ ગરિબ શી રીતે થાય ? આવી રીતે. પિતાનું મરણ, લગ્ન, માતાનું મરણ અને વહુનું સીમંત ! ચાર ચાર ખર્ચ કરવા પછી ગીરધરલાલને માથે થોડુંક દેવું થયું–સુખી કુટુંબ ચિંતાતુર

થયું. હવે આનંદી અને હસમુખો ગીરધરલાલ ગંભીર થયો. ગંગાએ પૂરે મહીને એક છોકરીને જન્મ આપ્યો, સગાંવહાલામાં પુત્રીનો જન્મ પથરો મનાયો ! હિંદુ સંસારની વિચિત્રતાનો નંબર બીજો ! જાણે પુરૂષોથીજ આખાં જગતનો વહેવાર ચાલતો હોય અને સ્ત્રીઓની આવસ્યક્તા જ ન હોય તેમ કન્યાનો જન્મ થતાં હિંદુઓનો અણસમજુ વર્ગ મ્હો મરડે એ પણ એક આ સુધરેલા જમાનાની "નવી શોધજ"

પ્રિય વાંચનાર! આ કન્યા તે આપણી લીલા–વસંતલાલને આશરે પોતાના બાળક સાથ પડેલી અભાગી લીલા ? ...પણ તે સુરત તજી, માતા પિતા તજી, કનકપુરીમાં શી રીતે આવી ?......

લીલાના જન્મને બે મહિના તો નહિ થયા એટલામાં દુકાનમાં આગ લાગી. ગીરધરલાલની પડતીની આ પ્રથમ નિશાની હતી. આગથી દુકાનમાંનું એકે એક દ્રવ્ય કાપડ બળી ગયું. વીમો ઉતરાવ્યો ન્હોતો એટલે સઘળી ખોટ તેને માથેજ પડી. પાસે બીજો પૈસો ન્હોતો એટલે નવી દુકાન મંડાય તેમ ન્હોતું. વળી સીમંતનો ખરચ હમણાંજ કર્યો હતો. તેના માગનારા હજુ ધક્કા ખાતા હતા, "ભાઇ, ઘીના પૈસા આપશો કે ? "હવે કેટલા દિવસ ?" છોકરી પણ મોટી થવા આવી, વિગેરે શબ્દો સાંભળતાં ગીરધરલાલ કંટાળી ગયો. આખું જગત તેને શોકથી ભરેલું, અંધારા ગાર જેવું જણાયું. આનંદી મુખ ગંભીર થઇ ગયું. ગંગા આ સઘળું જોતી જાગતી ગીરધરલાલની મુસ્કેલી સમજતી અને દુ:ખી હતી. ગીરધરલાલને વ્હાલથી દિલાસાનાં બે મધુર વચન કહી સંતોષતી અને પ્રેમાળ પત્નીના પ્રેમમાં ગીરધરલાલ પોતાનું દુ:ખ બે પળ ભૂલી જતો પણ બીજીજ પળે માગનારાઓના કડવા શબ્દો યાદ આવતાં

અને શોકની સત્તા વધી પડતી.

"હાય ! હવે હું શું કરૂં ? માગનારાઓને શું જવાબ આપું ક્યાં સુધી વાયદા કરૂં ?" ગીરધરલાલ કપાળે હાથ દઈ બબડયો. તેનું એક વેળાનું સુંદર ન્હાનું ઘર કે જ્યાં આવવાને બાળપણામ તે સદા આતુર રહેતો, માતાની માયાળુ ગોદમાં દબાવા માટે જ્ય તે નિશાળેથી ન્હાસી આવતો તેજ ઘર આજે હતું. પરિવર્તન એટલુંજ કે તે સમયે તે બાળક ગણાતો–આજે તે ગૃહસ્થ મનાય છે ને સમત ચિંતા વિનાનો હતો–ચિંતા શું છે તે સમજતોજ નહિ–સમજવાની શક્તિ ન્હોતી અને સમજવાની જરૂર પણ ન્હોતી–સત્રળે આનંદ જ જણાતો–હાલમાં સુખ અને આનંદ એ શબ્દનોજ ગીરધરલાલની શબ્દાવલિમાંથી નાશ થયો. તે વખતે તેને માથે પીતાનું છત્ર હતું. હાલમાં તે પોતે પોતાની વ્હાલી પત્ની અને પુત્રીનો શિરછત્ર બન્યો હતો !

"કાંઈ સૂઝ પડતું નથી. નાદારીનો આશરો તો પ્રાણ જતાં પણ ન લઉં ?" ને પાછો બબડયો. લીલા નજીકમાં એક ગોદડીપર સુતી હતી. ઉંચું જોઇ, પીતાના મુખને નીહાળી, કંઈક મલકાતા, તેને ગીરધરલાલે હાથમાં લઇ એ પળ રમાડી, તેના કોમળ ગાલો વ્હાલથી ચુમ્યા, અને લીલાનું મ્હોં પોતાની આંખ આગળ થોડીવાર ધરી રહ્યો. આજ લીલા તેના કરજનું અને દુઃખનું મુળ હતી. તેનો જન્મ ગીરધરલાલને આફતકારી થઇ પડયો હતો; તો પણ ગીરધરલાલ તેને ચાહતો. આમાંનું તેના મનમાં કાંઈ ન્હોતું. પોતાની પડતીને તે ઇશ્વર સત્તાનો પ્રતાપ ગણતો–કુદરતની કસોટી માનતો–અને તેથી તે દયાળુ કિરતારની કૃપા મેળવવા શુદ્ધ અંતઃકરણથી પ્રાર્થના કરતો.

તેણે પોતાની દિલગીરી દૂર કરવા ઘણી મહેનત કરી—અનેક તરફડીયાં માર્યાં—લીલાને રમાડી, હસાવી, બોલાવી,—પણ નહિ. શોકનું વાદળ તેના મુખાકાશ ઉપર એવું છવાયું હતું કે કેમે કરી તે વીખેરાયું નહી. જેમ જેમ વિચાર કરતો ગયો તેમ તેમ દિલ-ગીરીની સત્તા ઘણીજ વધતી ગઇ—અશાંતિ વધી—ચિંતા આખા શરીરમાં પસરી ગઇ—શોકનું વાદળ ઘોર રીતે છવાયું અને થોડીક વારમાં તેની ચળકતી પ્રભાવશાલી આંખો આંસુથી ભીની થઇ.

લીલા હાથમાં હતી—અંતઃકરણમાં શોક હતો—મગજમાં કરજ કેમ મટશે એ વિચાર હતો—ચિત્ત ચકડોળે ચઢયું હતું. ભાનમાં ને ભાનમાં લીલાને ભૂલી ગયો—શોકની સત્તા વધી—હાથ ધ્રુજવા લાગ્યા, નસો નબળી પડી—રૂંવે રૂંવે શોક વ્યાપી ગયો, શક્તિ મંદ થઇ—દિલ ભગ્ન થયું—આશા નાશ પામી—હૃદય દુઃખી થયું—અંતઃકરણ ચીરાઇ ગયું—દિલગીરીની હદ આવી અને લીલા હાથમાંથી પડી ગઈ. લીલા પડી જવાના અવાજથી નહિ પણ લીલાની કારમી ચીચીયારીથી કરજનો વિચાર કરનારો ચોંકયો—વિચારમાળા અધૂરી મુકી અને લીલાને જમીનપરથી ઉંચકી લઈ છાની રાખવા પ્રયત્ન કરવા લાગ્યો પણ છાની રહી શકી નહિ. એટલામાં ગંગા દોડી આવી. પતિની આંખ ભીની હતી તે જોઈ દિલમાં દાઝી ગઇ. ઉભીને ઉભી સળગી ગઈ. લીલાના રોવા કરતાં પતિની નજીક જઇ પતિનાં આંસુ પોતાના લુગડાંના છેડાથી લુંછી નાખી મીઠા અવાજે બોલી.

"વ્હાલા! આવી રીતે શોક કરવાથી કંઇ વળનાર છે! તમને મારા સમ છે જો હવે એક પણ આંસુ પાડયું તો!" ગંગાના આ શબ્દો ઘણાજ લાગણીભર્યાં અવાજે બોલાયા. ગીરધરલાલે જાણે અમૃત પીધું હોય તેવી શાંતિ અને ઠંડક એને આ શબ્દોથી મળી.

પણ વળી પાછી સ્થિતિ યાદ આવતાં દિલગીરી વધી અને હવે તેવો થઇ ગયો.

ગંગા કંઈ વિચારમાં પડી. પતિના કરજનાજ. તેને પોતાના વ્હાલા ભરથારની કરૂણાજનક સ્થીતિ જોઈ કંઇ કંઇ થઇ જતું.

"હા—જો એ પ્રમાણે થાય તો સારૂં. એ ક્યારે ઉપયોગમાં આવવાનાં હતાં?" ગંગા મનમાં બોલી કંઇક હર્ષ પામી સહેજ શોક થયો—પણ તે નહિ જેવો જ! પતિના દુઃખ આગળ પોતાનો શોક નજીવો જણાયો અને પતિ–પ્રેમ ઉભરાતાં અંતર આનંદથી ઉછળવા માંડયું.

"વ્હાલા મારૂં કહ્યું માનશો?" ગંગા બોલી.

"મેં તને આજ સુધીમાં કોઇ દિવસ દુભી છે, વ્હાલી! તારા એકે એક શબ્દને મેં બ્રીટીશ સરકારના કાયદા જેવો ગણી માન આપ્યું છે. કહે, તારે શું કહેવું છે?"

"પણ તમે માનશો?"

'જરૂર—'

'જો—જો પછી ફરી ના જતા?'

'શું મારાપર વિશ્વાસ નથી?'

'છે......પણ......આપો વચન?'

ગીરધરલાલ કંઈ સમજ્યો ન્હોતો—ભોળપણમાં વચન આપ્યું. ગંગાના આનંદનો અવધિ થયો—તે જીવતી સ્વર્ગમાં પહોંચી ગઈ—સ્વર્ગના સુંદર બગીચામાંના મધુર પુષ્પોની મીઠી પરાગથી ખુશી થઈ આનંદ હીંડોળે હીચકા ખાતા બુલબુલોનું મીઠું ગાયન તેના કાને સંભળાયું—શિતળ મંદ મંદ પવનની મીઠી લહરો સાથે કાંઇ સુંદર સ્વર્ગીય સ્વરો વાતાવરણમાં ખેંચાઇ આવ્યા અને આ સ્વરો

ગંગાના વિચારને ટેકો આપવા લાગ્યા, તેની પ્રશંસા કરવા લાગ્યા અને તેમ તેમ ગંગાનો આનંદ વધતો ગયો.

"વ્હાલા! તમે મને વચન આપ્યું છે એટલે હવે મારૂં કહ્યું માનવું જ પડશે.' ગંગા વ્હાલથી બોલી.

"વ્હાલી! તારા પ્રેમ સાટે હું વેચાયલો છું–કહે તું શું માગે છે?"

"શું માગું?–હમણા માગવાનો જ વખત છે, વ્હાલા! પણ તમે તે આપી શકશો?"

ગીરધરલાલ ચૂપ રહ્યો.

"કેમ બોલતા નથી, વ્હાલા! શું હું ઘરેણા માગવાની છું? શું હું આપણી સ્થીતિ જાણતી નથી? મારે તો કાંઈ જોઈતું નથી–પણ એક ચ.જ—"

"અને તે?"

"તમારો નિર્મળ પ્રેમ"—

"તે તો તેં ક્યારનોય મેળવ્યો છે."

"બસ ત્યારે! હું જ ખરી સુખી છું આ જગતમાં!—પણ પેલું વચન?"

ગંગાએ અત્રે આંખનો મસ્તીખોર ચાળો કર્યો અને ગીરધરલાલને આવા દુઃખી સમયમાં હસ્યા વિના ન ચાલ્યું.

"હું આવું છું–હં!"–કહી ગંગા તે પળે ત્યાંથી ચાલી ગઈ. થોડીજવારમાં એક દાબડો લઈ પાછી આવી. પતિના પગ નજીક તે મૂકી ગંગા બોલી:

"વ્હાલા જે કરજ છે તે આ વેચી પતાવો–ચિંતાનો નાશ કરો અને હમેશ જેવા સુખી થાવ–"

ગીરધરલાલ પોતાની પત્નીની આવી દિવ્ય વર્તણુકથી આનંદ પામ્યો. ગંગાનું સ્ત્રી–ધન જોઇ ગીરધરલાલ કરૂણાજનક અવાજે બોલ્યો:

"વ્હાલી [આ શું ? પલ્લું ! તેને હું શું કરૂં ?"

"વેચી નાખો–માગનારાને પતાવો–ચિંતા ટાળો–સુખી થાવ ને સુખી કરો–" ગંગા હસતી હસતી ઉત્સાહથી બોલી. પોતાના ઘરેણાં વેચાઇ જતાં સખીઓમાં તે ભીખારી ગણાશે તેની તે સદ્દગુણી સુંદરીને લેશભાર પણ દરકાર ન્હોતી. તેને મન તેનો પતિ તે પરમેશ્વર ! પતિનું સુખ તે તેનું ! પતિની શાંતિ તે પત્નીનું અને પતિનો વૈભવ તે પતિનો હાથ પકડનારીનો ! અહા ! એ માયાળુ સુંદરી ! તારી માયા, તારો પ્રેમ, તારૂં હેત, તારી ઉદારતા, તારી લાગણી, તારી નમ્રતા, તારી મીઠાશ અને તારા એવા બીજા અનેક સદ્દગુણો હું શી રીતે વર્ણવું ? ટૂંકામાં હું એટલું જ કહીશ કે એક માયાળુ અને વફાદાર પત્ની આ દુનિયાને સ્વર્ગ બનાવનારી એક દેવી છે !

થોડીકવાર મૂગો રહી ગીરધરલાલ બોલ્યો,

"વ્હાલી ! તારી ઉદારતા માટે તારો ઉપકાર માનું છું. મારૂં હૈયું તારી આવી વર્તણુંકથી આનંદથી ઉભરાઈ જાય છે અને તારા જેવી સુશીલ પત્ની મેળવવા માટે હું મને ભાગ્યશાળી ગણું છું. પણ નહિ. હું તારાં ઘરેણાં કદિ પણ વેચીશ નહીં."

આ શબ્દો સાંભળી ગંગા અત્યંત નિરાશ થઇ.

"વ્હાલા !–" તે લગભગ રડી પડતાં બોલી.

"તમે શું બોલો છો ? મારી મીલકત ! હું ક્યાં મેળવવા ગઇ હતી ? વ્હાલા ! આવી જુદાઇ રાખવી તમને શોભે ? મારૂં અને

તમારૂં જુદું ! પતિપત્નીમાં આટલો બધો ભિન્નભાવ ? વ્હાલા ! હું તમારી પત્ની છું–તમારા સુખદુઃખની ભાગીદાર છું એ વાત જો તમે માનતા હોતો મારી માગણી સ્વીકારો. તમારૂં વચન યાદ કરો. તમારો એક મીઠો બોલ તે મારે મન મીઠા મેવા! તમારો પવિત્ર પ્રેમ તે મારે મન રાજવૈભવ ? વ્હાલા ! મને ના ટવળાવો. કૃપા કરી મારી અરજ સ્વીકારો અને દુઃખથી બળેલી તમારી દેહને સુખી કરો—"

ગીરધરલાલથી કાંઇ બોલાયું નહિ. તેણે પોતાની ઉદાર પ્રિયાની બક્ષીસનો મૂગો સ્વીકાર કર્યો અને અહા ! તે સમયનો ગંગાનો આનંદ ! ખચીત ! તે વખતનું તેનું હસતું ગુલાબી વદન કોઈ બાહોશ ચીતારાની પીંછીને સુંદર ખોરાક પૂરો પાડત !

ગીરધરલાલ કરજમુક્ત થયો. ગંગાનાં ઘરેણાં વેચાયાં. સઘળે આનંદ વ્યાપી રહ્યો અને તેમનું સંસારી નાવ સરળતાથી માર્ગ કાપવા લાગ્યું. જે ફેરફાર થયો તે એજ કે ગીરધરલાલ અત્યારે સ્વતંત્ર નહિ પણ પરતંત્ર થયો. ઘરનો સ્વતંત્ર ધંધો જતાં પરતંત્રતા સ્વીકારવી પડી અને પંદર રૂપિયાના ન્હાના પગારમાં ગંગા જેવી શાણી પત્ની સાથ તે આનંદમાં દિવસ ગુજારતો.

પ્રકરણ ૫ મું.

દયા અને દયા યાચનારી બાળા.

પ્રેમ, પવિત્રતા અને સુન્દરતાની પૂતળી ગંગા અને ગીરધરલાલ હવે આનંદના મહાસાગરમાં મહાલવા લાગ્યાં. ગીરધરલાલની રંક કમાણીમાં પણ તેઓ સુખી હતાં. શ્રીમંતોની જાહોજલાલી

અને દૌલતમંદોનો દૌરદમામ અહિંયાં નહોતો. રાજમહેલમાંના ખુની પ્રપંચો અને કાવાદાવાની અહિં બીલકૂલ હસ્તી નહોતી તેમજ ત્યાંનો અપાર વૈભવ પણ નહોતો. મોજમઝાહના બનાવટી સાધનોનું નામ નિશાન ન્હોતું. અહિંયાં તો પવિત્ર નિર્મળ પ્રેમનું સ્વચ્છ ઝરણુ હતું. અહિં સદાની મીઠી શાંતિ અને પ્રેમની મીઠાશનો અખંડ ખજાનો હતો.

વ્હાલા વાંચક ! પ્રેમમાં–ગંગા જેવી માયાળુ સુન્દરીના સહવાસમાં—યુગના યુગ વીતી જાય તો તે પણ માલૂમ ન પડે અને તેથી ગીરધરલાલની જીંદગી જલદી વહી જતી તેને જણાય એ સ્વાભાવિકજ છે. સમય પાણીના રેલાની પ્રમાણે પસાર થવા લાગ્યો. શાંતિમાં આનંદ અને સંતોષથી આ રંક યુગલ સ્વર્ગનું સુખ ભોગવતું. લીલા હવે વધુ સુખી થઈ. માતપિતાનું તે રમણિય રમકડું થઈ પડી. ગીરધરલાલ ગંગાને દેવીજ ગણતો–અને તે પ્રમાણે જ તેણી સાથ વર્તતો. અને આવાં વર્તનથી અહિંયા,

"પ્રસન્ન રહે દેવતા જ્યાં સન્માન પામે સુંદરી—"

એ મહાન્ મનુવાક્યનો સાક્ષાત્કાર થતો. ગીરધરલાલના ઘરમાં ગંગાની સત્તા મજબૂત હતી. તેની ઇચ્છા અને એક બોલ તે ગીરધરલાલને મન સરકારી કાયદો ગણાતો !

સમય પસાર થયો. લીલા મોટી થઇ. વખત કદિપણ કોઈ માટે થોભે છે ? સેકન્ડ પછી મિનિટ, ઘડી અને કલાક, પહોર અને દિવસ કુદરતના ક્રમ પ્રમાણે પોતાનું કામ સપાટાબંધ કરે જાય છે. વર્ષોના વર્ષો અને સદીઓની સદીઓ એ નિયમ પ્રમાણે પસાર થઇ ગઇ. શાહો, સીકંદર અને સીઝર, જમશીદ અને જુહાક, કંસ

અને રાવણ જેવા બળવાન શહેનશાહો પણ વખતની મજબૂત ગતીને રોકી ન શકયા. તેઓના વખતમાં જે દિવસ "આજ" તરીકે ઓળખાયો હશે તેને આજે લોકો સદીઓ પહેલાનો દિવસ ગણે છે. એજ નિયમ પ્રમાણે લગભગ ચૌદ વરસ પસાર થયાં. ગીરધરલાલે લગભગ હ્હોડ દાહેકો સુખ ભોગવ્યું. એ અરસામાં કાંઇ જાણવાજોગ બન્યું નહિ. લીલા નાદાન છોકરી મટી ચૌદ વરસની સુંદરી બાળા બની એટલુંજ. લીલા ગંગાની પ્રત્યક્ષ છબીજ હતી. લીલાના વિચાર પણ ગંગા જેવાજ માયાળુ અને પ્રેમાળ હતા. ગંગાએ પોતાની સઘળી મીઠાશ ગંગામાં ભરી. ગંગાના હાથ હેઠળ ઉછરેલી બાળકી ગંગા જેવીજ વ્હાલસોઇ બની. ગંગા કાંઇ ભણી નહોતી પણ કેળવણીના ફાયદા સમજતી અને તેથી લીલાને સંપૂર્ણ ગુજરાતી તથા થોડીક અંગ્રેજી કેળવણી મળી હતી.

સમય પાછો ફેરવાયો. કાળચક્રની એક ઝપટ ગીરધરલાલને પાછી લાગી. જે સૂર્ય મધ્યાન્હકાળે પુર્ણોન્નતિ પામી અતિ કઠોરતાથી તપે છે તે અસ્ત થવાનો વખત નજીક આવે છે તેથીજ. સરિતા પ્રિયાના સમાગમથી ભરતી વખતે જે મહાસાગર પ્રેમની મસ્તીથી દિવાનો બની ઉછાળા મારે છે તેજ સાગરદેવની ગતિ ઓટ વેળા ધીમી પડે છે. રેંટનું ઘડિયું ભરાય છે ને ઠલવાય છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે છે. ઇશ્વરના આ મહાન નિયમ પ્રમાણે અનેક પરિવર્તનો થયાં છે, થાય છે અને થશે.

પડતી સઘળાને આવે છે અને મનુષ્ય જીંદગીરૂપી વાડીમાં સદ્ગુણરૂપી સુગંધી પુષ્પોની મીઠી પરાગ ફેલાવવા માટે તેની ખાસ આવશ્યકતા છે એમ અમારૂં માનવું છે. જે ડહાપણ વયથી નથી

આવતું તે પડતી અને ગરિબાઇના જૂલમ સહેવાથી આવે છે. જે મનુષ્ય પડતીમાંથી પસાર થઇ તેમાં સુખ અને સંતોષ માની પોતાના અંતઃકરણની સ્થીરતા જાળવી રાખે, તેજ મનુષ્ય પોતાની જીંદગીના મહાન મનોરથો સાધી શકે છે અને તેમ કરી પોતાની જીંદગીને વધુ ઝળકાવી શકે છે. દુનિયાની તવારીખ તરફ નજર કરતાં માલૂમ પડે છે કે જગત્‌માં પોતાની વિદ્વતા, શૂરવીરતા યા એવા અનેક સદ્‌ગુણો માટે પ્રખ્યાત થઈ ગયેલા ઘણા મહાન્ નરો ગરિબીમાંજ જન્મ્યા હતા અને તેમની ઝળકતી જીંદગી મહાન મંત્રો ગરિબીમાંજ ઘડાયા હતા.

પડતીની વેદના ઘણીજ કાતીલ હોય છે. પડતીના વખતમાં જે માણસને સંગિતકળા વ્હાલી લાગતી હોય તેજ માણસને તેજ સંગિત એક કાગડાના કર્કશ અવાજ જેવું કઠોર લાગે છે. જે મનુષ્ય પોતાની જીંદગીની સફળતા સુન્દરીઓનાં મીઠાં સ્નેહનાં ઝરણાંની મીઠાશ ચાખવામાં માનતો હોય તેજ માણસને તેની પડતીના વખતમાં તેજ સુન્દરીઓ, તેમની સ્નેહભરી વાણી, તેમની આંખોની મસ્તી અને તેમનું માહક રૂપ એ સઘળું તદ્દન અરૂચીકર થઈ પડે છે.

ગીરધરલાલની પડતી આવી. તેને માથે દુઃખનું વાદળ ઘેરાયું-તૂટી પડ્યું. સુરતમાં ત્રાસદાયક મરકી ફાટી નીકળી, આ નવા રોગથી સઘળાં કંપી ઉઠયાં. જરા જરા વારમાં ડરવા લાગ્યા. આખું સુરત લગભગ ખાલી થઇ ગયું. અનેક મનુષ્યો પ્લેગની ભયંકર માંદગીમાં સપડાયા. આ દુષ્ટ રોગે સઘળે પોતાની સત્તા જમાવી દીધી. ખરેખર સુરતમાં ફાટેલી આ ત્રાસદાયક મરકી એક ભયંકર કોપ જેવી થઈ પડી.

ગીરધરલાલ ગરીબ હતો. પંદર રૂપિયામાં કરકસરથી નિર્વાહ કરતો હતો. સુરત પ્લેગમાં સપડાયું અને તેનો શેઠ દુકાન બંધ કરી બહારગામ ચાલ્યો ગયો. ગીરધરલાલની કમાણી બંધ પડી. ચિંતા વધી. મરકીએ ભયંકર રૂપ લીધું. અસંખ્ય માણસો દરરોજ મરણશરણ થવા લાગ્યાં. બહારગામમાં તેનું કોઈ સગું નહોતું. પ્લેગથી ડર્યો. બહારગામ જવા વિચાર કર્યો પણ જવું ક્યાં એ સવાલ નજર આગળ ક્રૂર રાક્ષસ કરતાં પણ વધુ ભયંકર જણાયો. ગરીબ કુટુંબો જેમ તેમ ગુજરાન કરતાં હોય; તેમાં આવી કુદરતી આફત આવે, ખર્ચ વધે, કમાણી બંધ થાય અને એવા વખતે નાદાન અને નબળા અંતઃકરણનાં માણસો આડો રસ્તો લઇ લે–નાહિમ્મત થઈ અકાળે જીંદગીનો અંત લાવે તો તે તદ્દન અસંભવિત નથી. આ કારણે અનેક જીવો–સારી આશા આપતા જીવો–પૂરા પ્રકાશ્યા વિના ગરીબાઇના જૂલ્મથી પાયમાલ થયાં હશે અને અનેક કુમળી કળીઓ મુફલેસીના ઉન્હા ધગધગતા તાપથી બળી જતી હશે તેનો કોણ હિસાબ રાખે છે? સંસાર સાગરના તળિયામાં ઘણા હીરા પડેલાં છે તેને શોધી કાઢવાની દરકાર કરવામાં ન આવે અને તેથી દેશની ઉન્નતિ કંઇક અંશે દૂર જતી હોય તો તે તદ્દન અસંભવિત તો નજ ગણાય.

સુરત છોડવાના, ક્યાં જવું એ વિચારમાં, બેચાર દિવસ પસાર થયા. ગીરધરલાલ અંતઃકરણનો નબળો હતો. મરકીની માંદગી ઘણી ભયંકર હતી. મરકીથી ડર્યો. "માણસને તાવ આવે–ગાંઠ નીકળે–કાંઈ ગાંડુ ઘેલું બકે અને મરી જાય–" એવું લોકોને મ્હોડેથી સાંભળી ત્રાસી ગયો હતો. જરા જરા વારમાં બગલ અને સાથળ ઉપર હાથ મુકી "પોતાને ગાંઠ તો નથી નીકળી." તેની

તપાસ રાખતો. રખેને તે મરી જાય એવો ભય પેદા થતો અને અફસોસ ! આ શું ? અરેરે ! ગરીબ બિચારો ગીરધરલાલ પ્લેગની ભયંકર માંદગીમાં સપડાયો—યમરાજાના ઝાલિમ દૂતોના મજબૂત પંઝામાં ઝલાયો. દુષ્ટ મરકીના અસહ્ય દુઃખથી તરફડિયાં મારવા લાગ્યો. તાવની ઝુમમાં ગમે તેમ લવારો કરવા લાગ્યો. અને એ રીતે ગંગા અને લીલાનો પાલનહાર, તે બે કોમળ કળીઓને કચડાતી મુકી, આ દુનિયા તજી બીજી દુનિયામાં જવાની તૈયારી કરવા લાગ્યો.

લીલા અને ગંગા ગીરધરલાલની પથારી નજીક ગરીબડાં મ્હોડે બેસી તેની સારવાર કરતી. સ્થીતિ એવી ન્હોતી કે ખાનગી ડૉક્ટરને બોલાવી શકે. ધર્માદા દવાખાનાનો લાભ લેવા વિચાર કર્યો. એક સખી શ્રીમંતની ઉદારતાથી હરીપરામાંજ એક દવાખાનું ચાલતું હતું. લીલા ત્યાં ગઈ અને ડાક્ટરને પોતાને ત્યાં પધારવા વિનંતી કરી. આ દવાખાનાના સ્થાપકે ડોકટરને "વીઝીટીંગ ફી" લેવાની પણ મનાઇ કરી હતી તેથી લીલા તેને અકારી લાગી. તેજ વેળા એક શ્રીમંત યુવાન તેને તેડવા આવ્યો. તે ભભકામાં હતો. ડોકટર મેહેતા તેને ઓળખતો હતો.

ડોકટર ! મારા 'ફાધર'ની હાલત ઘણી ગંભીર છે અને 'ઑપરેશન' કરવામાં તમારી સલાહની જરૂર છે; માટે મહેરબાની કરી મારી સાથે ચાલો."

લક્ષ્મીના લાલચુ, માણસાઇ લાગણી વગરના, પત્થર જેવી કઠોર દીલના ડોકટરે લીલા અને પેલા યુવાનની તુલના કરી, લીલા પહેલી આવી હતી. ધર્માદા દવાખાનું હોવાથી પ્રથમ હક લીલાનો હતો; છતાં દુનિયાની આ લાગણી વગરની સપાટીપર આવા હકો

ધ્યાનમાં લેવાતા નથી. પેલો યુવાન–સુરતના કરોડપતિનો એકનો એક પુત્ર હતો. અને તેની પાસેથી સારી રકમ મળવાની ડોક્ટરને આશા હતી.

"ચાલો આવું છું." કહી દયાનો ડોળ ઘાલનાર ડોકટર સાહેબ ઉઠયા. લીલાને કાંઈ જવાબ પણ ન આપ્યો. આવા વર્તનથી દયા યાચનારીના જીગરમાં ભયંકર આઘાત થયો. લીલા શરમાળ હતી, રાંક હતી, લાચાર હતી, કાંઇ બોલી શકી નહિ, પણ 'રડું રડું થઈ ગઇ. અરેરે! હું ગરિબ છું તેથી મારી અરજ ન સ્વીકારાઈ, ગરિબોની જીંદગીજ નકામી—નિરૂપયોગી—એમ થયું અને અંતે તેની કાળી મોહક આંખોને આંસુનું એક ટીપું સારવાની ફરજ પડી.

"ડોક્ટર સાહેબ!" પોતાની સઘળી હિમ્મત એકઠી કરી લીલા બોલી.

"મારા પિતા મરણપથારીએ છે. મરકીના અસહ્ય દુઃખથી ટળવળે છે માટે મહેરબાની કરી આપ આવો જાવ તો આપનો મોટો ઉપકાર" દયામણા સ્વરે લીલા આટલું જેમ તેમ બોલી શકી.

આ સમયે પેલા યુવાનની નજર ગરિબડી લીલાપર પડી લીલાની દયાજનક વિનતીથી તેનું હૃદય પીગળી ગયું અને લીલા માટે તેજ ક્ષણે "દયા" ઉત્પન્ન થઇ. બન્નેની આંખો મળી નહોતી, બન્ને વચ્ચે કોઇ જાતની ઓળખાણ નહોતી, છતાં યુવાને બાળાને સહાય કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. કારણ કે દયાળુ મનુષ્યને આવી વેળાએ ઓળખાણની જરૂર હોતી નથી. તે તેને સહાય કરવાના વિચારમાં પડયો એટલામાં ડૉક્ટર સાહેબ બોલ્યા.

"છોકરી! તારા બાપને જોવા હું પછી આવીશ."

"પણ સાહેબ!........."

"છોકરી! ઘણો દિલગીર છું કે ત્હારે ત્યાં આવવા અત્યારે હું અશક્ત છું. મ્હારી ત્હારી તરફ અને સર્વે ગરિબો તરફ સંપૂર્ણ દિલસોજી છે પણ મ્હારે ઘણું અગત્યનું ઑપરેશન કરવાનું હોવાથી લાચાર!—"

આવા પ્રકારની 'દિલગીરી'ને દલગીરી કહેવી કે' કઠોર લાગણી' તે અમે સમજી શકતા નથી. ડોકટરની લાગણીહિન્યુવાન કળી ગયો અને શોક પામ્યો. લીલાના તરફ દયા ભરી નજરે જોયું. લીલા એક ખૂણામાં સોડિયો વાળી દયામણા મ્હોંએ ઉભી હતી. યુવાનની દષ્ટિ લીલા પર પડતાં 'તમે મને સહાય કરો,' એવું તે જાણે બોલતી હોય, માગતી હોય એવું યુવાનને લાગ્યું અને તેજ ક્ષણે યુવાનના હૃદયપટ ઉપર કોઇ દૈવી ચિત્ર આલેખાયું. બાળાને સહાય કરવાની વૃત્તિ થતાં, લીલા માટે યુવાનના હૃદયમાં કોઈ અનિર્વચનીય દયાળુ ભાવના ઉત્પન્ન થઇ, અને જગત્—ઉદ્યાનની આ મનોહર કળીને એકી ટસે નીહાળવામાં તે તદ્દન લીન થઇ ગયો.

"ચાલો, મીo રમાકાન્ત!" ડોકટર બોલ્યો.

રમાકાન્ત સમાધિમાંથી જાગ્યો. શું કરવું તે સૂઝયું નહિ. એક બાજુ તેનો પિતા ગંભીર માંદગી ભોગવતો હતો અને બીજી બાજુ લીલાની કરૂણાજનક સ્થીતિ માટે શોક થતો હતો. લીલાને સહાય કરવાનું મન થતું—લીલાનું શુદ્ધ નિર્મળ મુખચન્દ્ર તેને લોહચુંબક જેમ લોખંડને ખેંચે તેમ ખેંચતું અને અજબ આકર્ષણે તેના હૃદયસાગરને ખળભળાવી મૂકયો.

"બાળા! આપ ક્યાં રહો છો ?" રમાકાન્તે પૂછ્યું.

"ભવાનીના વડ આગળ." લીલા બોલી–શરમથી જેમ તેમ બોલી અને આશ્ચર્ય પામી. ડૉકટરની કઠોરતાથી ચીરાઈ ગયલાં હૃદયમાં રમાકાન્તના બોલોએ આશા ઉત્પન્ન કરી. "આપ ક્યાં રહો છો?" એ બોલોમાં કાંઇ અજબ દયા, અપાર માયા અને નીઃસીમ લાગણી જણાઇ, લીલા હજુ નાદાન હતી; પણ ડૉકટરની કઠોરતા અને યુવાનની કોમળ લાગણીવાળી વાણીમાંનો તફાવત બાળા સમજી શકી અને યુવાન માટે માન પેદા થતાં તેના તરફ ઉપકારભરી આંખોએ વિપિલ જોઈ રહી.

"બાળા! ડૉક્ટર સાહેબ સાથે હું તમારે ત્યાં આવીશ."

લીલાના આનંદની હદ આવી.

"આપનો મોટો આભાર!" બોલવા ગઇ પણ ચોખ્ખું બોલી શકી નહી.

"આહા! કેવો ભલો ? કેવું ઉમદા હૃદય ?" લીલા પોતાના અન્તર સાથ વાત કરવા લાગી.

"ચાલો ડૉકટર સાહેબ! જરા "લેટ" થશે પણ બિચારા ગરિબનું દુઃખ જશે. થેંક ગૉડ! આપણે એક ગરિબને ઉપયોગી થઇ પડીશું. ચાલો ઉતાવળ કરો."

"અહા! કેવું ઉદાર અન્તઃકરણ! પરમાર્થ માટે કેટલી બધી કાળજી! પારકાનાં દુઃખ આગળ પોતાની દુઃખની કેટલી બધી બે પરવાઈ! લીલા મનમાં બબડી.

યુવાનના વર્તનથી ડૉ૦ મહેતાને બોંય ભારે પડી ગઇ. છુંએ

મ્હોઢેજ તેણે ચાલવા માંડયું, સર્વ ગીરધરલાલને ઘેર આવ્યાં. ડૉક-ટરે તેની નાડ તથા ગાંઠ જોઈ અને મ્હોં મરડયું. લીલાના તથા ગંગાના પેટમાં ફાળ પડી.

"હોપલેસ કેસ!" ડૉકટર સાહેબ બોલ્યા.

"ધી ડેથ ઇઝ નીઅર!–" આ શબ્દો બોલતા ડૉકટરના લાગણી વગરના અન્તઃકરણને સહેજ પણ લાગ્યું નહિ. પણ તે સાંભળનારાના જીગરના ચીરા થઇ ગયા. આવા ચીરાની ડૉકટર સાહેબને લાગણી તેમજ દરકાર નહોતી–સખ્તાઈનો તો તેમણેજ ઇજારો રાખ્યો હતો!

"કોઇ પણ ઉપાય! ડૉકટર!—" રમાકાન્તે ગળગળા અવાજે કહ્યું.

"આઇ વીલ ટ્રાઈ માઇ બેસ્ટ મી૦ રમાકાન્ત!" કહી દવા ચીતરી આપી, તે દવા દવાખાનામાંથી કમ્પાઉન્ડર પાસેથી લઇ આવવા કહી ડાકટર સાહેબ પોતાની ફરજમાંથી મુક્ત થયા.

યુવાન પણ જવા તૈયાર થયો, લીલાએ મૂગા મૂગા કોઇ ભેદી ભાષામાં ઉપકારભરી આંખોએ તેનો આભાર માન્યો અને રમા-કાન્તના હૃદયમાં વ્હાલ ઉભરાયું.

ગંગાને સંબોધી તે બોલ્યો.

"કાકી! કોઈ પણ વાતે મુંઝાશો નહિ. મને તમારો પુત્ર જ ગણજો."

"ભાઇ! તમારો ઉપકાર—"

"ઉપકાર! છટ્ છટ્!! એમાં ઉપકાર જેવું કશું છેજ નહિ. મનુષ્યને માત્રને બનતી સહાય કરવી એ દરેક માણસાઈ લાગણીવાળા

સખસની ફરજ જ છે. હાલમાં મને અવકાશ નથી, મારા પિતા મરણ પથારીએ છે. મને નિરાશ કરશો નહિ. કૃપા કરી આ દસ રૂપિયા તમારી પાસે રાખો." દસ રૂપિયાની નોટ ગંગાને આપવા હાથ લાંબો કરી રમાકાન્ત બોલ્યો.

"ભાઈ—"

"કાકી! મને આગ્રહ કરવાનો વખત નથી. કાંઇજ આપતો નથી. મહેરબાની કરી મને વધુ ના ટળવળાવો."

ગંગાએ તેની ભેટનો સ્વીકાર કર્યો અને રમાકાન્ત ડોકટરને લઇ લીલા તરફ એક પ્રેમભરી નજર ફેંકી પોતાને ઘેર જવા તૈયાર થયો. લીલા તો આ યુવાનને જોઇ કોઈ અજબ લાગણી અનુભવતી. તેની ઉદારતાનો, તેની ભીની લાગણીનો અને તેના મીઠા બોલોનો વિચાર કરતી નવા વાતાવરણમાં મહાલવા માટે કાંઇ નવીન ધૂન અનુભવતી, કંઇ કંઈ સ્વમાં જોવા લાગી.

પ્રકરણ ૬ ઠું.

મૃત્યુ!

વીધિના કંઇ નિયત સમયે પત્ર ખરતાં જણાય;
પુષ્પો પણ કંઇ સમય આવ્યે ઝટ કરમાઇ જાય:
નિર્મ્યો છે કંઈ સમય વીધિએ તારલા અસ્ત કરવા;
મૃત્યુ! તારો સમય વીધિએ કેમ નીમ્યો હશે ના?

ચન્દ્ર.

અરે! દુનિયા! દુનિયા! તને કોણ જીતી ગયું છે? તારા

જુદા જુદા રંગો સાથ રમત કરીને, તારી સપાટીપરના વિધ વિધ રંગોના સરોવરમાં ન્હાવા પડીને, કોણ રંગાયા વિના રહ્યું છે? હજારો ઋષીમુનીઓ ગમે તેવા કઠણ તપો કરવા છતાં પણ કુદરતના ગહન ભેદોનો ભરમ ઉકેલી ન શકયાં તો મનુષ્ય જાતની શી સત્તા કે તે પેદા કરનાર સર્વ શક્તિમાન પિતાની ગહનતા જાણી શકે? જગતમાં સાથે રહેવું, કુદરતે રચેલી રંગભૂમિ ઉપર સાથે મળી ભાગ ભજવવો, પ્રકાશિત દિનકરના તેજસ્વી કિર્ણો પૃથ્વી ઉપર પથરાતાં તુરતજ એક બીજાના સમાગમમાં આવવું અને તેમ છતાં માણસ જાતમાં–આ ફાની દુનિયામાં–એક બીજા વચ્ચે કેટલો બધો તફાવત? એક બીજાના જીગરો વચ્ચે કેટલું લાંબુ છેટું? દોરંગી દુનિયાના નાશવંત અને ફાની સુખો તથા જાહોજલાલી માટે કેટલો બધો પ્રપંચ? શ્રીમંતો અને ગરીબો વચ્ચે કેટલો બધો તફાવત? સઘળા એકજ પિતાના બાળક છે. ગરીબો દુઃખી અને શ્રીમંતો સુખી–પણ જગત ગરીબોને–દુઃખીઓને દિલાસો દેવાને બદલે ગરીબો હલકા, પાપી, નીચ અને અધમ વૃત્તિના હોય તેમ તેમના તરફ તિરસ્કાર બતાવે, અને દરેક શ્રીમંતો સદ્ગુણ પવિત્રતા, નીતિ અને સદાચારનાજ પૂતળા હોય તેમ તેમને માન આપે એ કેટલું બધું દિલગીરી ભરેલું? મહાન્ પુરૂષો કહી ગયા છે–અને તે સાચું લખી ગયા છે કે–સઘળા ગરીબો પાપી હોતા નથી તેમ સઘળા શ્રીમંતો દૈવી આચાર વિચારના અને નીતિના નમુના રૂપ હોતા નથી! ઉલટું કેટલીકવાર દૌલતમંદો પોતાની દોલતના ગુમાન અને તવંગરાઇની ટહેંકરાઇને લીધે ઘણા નીચ રસ્તા તરફ ઢળી પડે છે, અને તવારીખના અભ્યાસીને કહેવાની જરૂર નથી કે દુનિયામાં જે જે નીચ અને જૂલમી કામો થયાં છે અને જે નીચતાથી જગતના ઇતિહાસના

પાના કાળા રંગે રંગાયા છે તે દૌલત અને સત્તાના લોભને માટેજ ! શ્રીમંતોમાં પણ ઘણા દયાળુ નરો હોય છે અને ગરીબોમાં અસાધારણ કંગાળ્યતને લીધે નાસ્તિક વિચારોને શરણ થઇ કોઈ બદમાસી પણ કરે તેથી એ બન્ને વર્ગને નીંદવા જોઈતા નથી.

કોઇ સખી શ્રીમંતની દયા અને સખાવતપર જીવતો, ઇચ્છે તો સ્વાર્થ સાધવા સાથ પરમાર્થ કરી શકે એવો, લક્ષ્મીનો પુજારી ડૉકટર મહેતા પેલા શ્રીમંત યુવાન રમાકાન્તના આવવાથી ગરીબડી લીલાને તરછોડી, નિરાશ કરી, ગેરઈનસાફ કરી તેના કોમળ હ્રદયને ચીરી નાખી, તેને કાંઈ પણ જવાબ આપવાની મહેનત લીધા વિના ચાલી જતો હતો. શું ધર્માદા દવાખાનામાં યા કોઇ પણ પરમાર્થી સંસ્થામાં આવવુંજ અંધેર ચાલતું હશે ? જો આવીજ વ્યવસ્થા સઘળે હોય, રંક કરતાં તવંગરનેજ આવા ખાતામાં વધુ માન મળતું હોય તો તેને "ધર્માદા" નામ આપવું યોગ્ય ગણાય ખરૂં ? શું તેના સ્થાપકની અંતરની ઇચ્છા આવાં વર્તનથી પાર પડેલી ગણાય ખરી ?

પત્થર પણ પીગળે એવા લીલાના કરૂણાજનક શબ્દોથી—વિલાપથી રાક્ષસી જીગરના ડૉકટરને જરા પણ દયા ન આવી અને જો રમાકાન્ત લીલાનો સહાયક ન થાત તો તે દુઃખી અને નિરાધાર બાળાની શી દશા થાત તેની કલ્પના કરવી સહેલ છે.

ગીરધરલાલ મોતના—ઝાલિમ મોતના મ્હોંમાં હતો. આથી ગંગા અને લીલા દિલગીર હતાં—દુઃખ દરિયામાં તણાતાં હતાં—અંધારા ગારમાં ગોથા ખાતાં હતાં. જાણે આખું જગતજ બળી જતું હોય, જાણે દુનિયાનો નાશ દરિયામાંથી ડોકિયાં કરતો હોય એવું તેમને લાગતું. તેમનો પાલનહાર—તેમના માથાનું છત્ર, તેમનો જીવ-

નહાર–તેમને છેલ્લાં પ્રણામ કરી અખંડ શાંતિ મેળવવા જવાની તૈયારી કરતો હતો અને તેથી આ દુઃખી મા–દીકરીના મુખાકાશ ઉપર શોકનાં કાળાં વાદળાંઓ છવાયાં હતાં! તેમને તેમની જીંદગીની પરવાહ નહોતી. જો અત્યારે ગીરધરલાલ મોતના મ્હોમાંથી બચે તો તેના જીવન માટે ગંગા અને લીલા પોતાનો પ્રાણ આપવા તૈયાર થાય! દુઃખને લીધે એવી ડરી ગઇ હતી કે તેમને તેમની દેહનું–ખાવા પીવાનું–કશાનું ભાન રહ્યું નહોતું.

લીલા આ કારણે અર્ધબેભાન જેવી થઇ હતી. ગંગા તો જીવતીજ મરી ગઇ હતી. તેની મોહક સુન્દરતા તેના વ્હાલા ભરથારની માંદગીથી નાશ પામી! આખો દિવસ તેનાં નયનો અશ્રુ-પૂર્ણ રહેતાં; અને આ રીતે કંગાળ્યતની જાલમ સત્તા આ ગરીબ કુટુંબમાં નાશકારક નીવડી.

રમાકાન્ત લીલાની દયાજનક સ્થીતિથી તેને સહાય કરવા લલચાયો. હોસ્પીટલમાં જ્યારે તેણે લીલાને જોઈ ત્યારે તેના હૃદયમાં તેને માટે ફક્ત શુદ્ધ દયાજ ઉત્પન્ન થઈ. પણ આ 'દયા' નું હવે પરિવર્તન થયું. લીલાને નીહાળી નીહાળીને, તેની મનોહર અપસરાને શરમાવે એવી સુંદરતા જોઇ જોઇને, તથા તેની નરમાશ, મમતા અને માયાળુ સ્વભાવ જોઇને આ દયા વિશુદ્ધ સ્નેહમાં ફેરવાઈ ગઈ. તે લીલાના રૂપથી, ગુણથી, સુંદરતાથી અને નરમાશથી મોહિત થયો–લીલાને એકીટસે જોવાની એક સેકન્ડ હિમ્મત કરી શકયો–લીલા તેને પોતા તરફ ખેંચતી–કોઈ અજબ દૈવી શક્તિથી–જેમ લોહચુંબક લોખંડને ખેંચે તેમ ખેંચતી અને તેની કાળી મોહક આંખો રમાકાન્તને જાણે પોતાનો થવા વીનવતી હોયની તેવી લાગતી. તેની સુંદર કાળી આંખોમાંજ કાંઇ અજબ જેવું જાદુ હતું! અને આ જાદુવાળી

જાદુગર સુંદરીમાં રમાકાન્તને અજબ શક્તિ, દૈવી પ્રેમ, અને દિવ્ય માયા જણાઈ!

લીલાને કોઈ છૂપી ભાષામાં સાન કરી, ગંગાને દિલાસો દઇ, ગીરધરલાલની સ્થીતિ જોઈ રમાકાન્તે પોતાને ઘેર જવાનું યોગ્ય વિચાર્યું. તે જવા તૈયાર તો થયો પણ જઈ શકયો નહિ. તેના પગોએ ઉપડવા આનાકાની કરી. લીલા તરફ જોવાનું મન થયું–જોયું–નયને નયન મળ્યાં–બન્નેની આંખો મળતાં બન્નેનાં જીગરો એક બીજાને ભેટયાં–બન્નેને એક પળ અજબ અનુભવ થયો–બન્નેનાં હૃદયતાર કંપ્યા અને જે કામ યુગના યુગ વહી જતાં ન થાય તે આ એક પળના આંખના મીલનથી થઇ ગયું. બન્ને એક બીજા સામે વધુવાર જોઇ ન શકયાં. પણ પ્રેમના ગહન વિષયના તેઓ એક પળમાંજ અભ્યાસી બની ગયાં! બન્નેનાં હૃદય સામસામા ભેટવા માટે આતુર બન્યાં. બંનેને એકમેક માટે માન અને પ્રીતી ઉપજી અને છતાં આવો અગત્યનો પાઠ તેઓ એક શબ્દ પણ બોલ્યા સિવાય ભણ્યાં!

આ પળે ડૉકટર રમાકાન્તને ગાડીમાં બેસવાનું કહ્યું. રમાકાન્ત વિચાર નિદ્રામાંથી જાગ્રત થયો. સ્નેહ સમાધિ તજી દીધી. ગાડીમાં બેઠો ડૉકટર સાથે વાતમાં પડયો. પોતાના પિતાની સ્થીતિ કેવી હશે એ વિચાર પણ આવ્યો. ચિંતા પણ થઇ. આંખ આગળ લીલાની સુંદર મૂર્તિ હતી. ગંગાનું ગરીબડું વદન અને ગીરધરલાલની માંદગીની ભયંકરતા સ્મૃતિમાં તાજી થઇ. પોતે એક રંક કુટુંબને સહાય કરવા. બબ્બે નિરાધાર જીવોના પાલનહારને બચાવવા ગયો હતો એ વિચારથી સહેજ સંતોષ થયો, ગાડી પૂર ઝડપથી દોડતી. ડૉકટર કંઈ કંઈ વાત કરવા માગતો પણ લીલાનો તથા લીલાના

પ્રશ્નનો વિચાર કરનારાને ડૉક્ટરની વાતમાં રસ પડતો નહિ. અને તેથી ડૉક્ટર સાહેબને તેમની સઘળી વાતોના જવાબમાં રમાકાન્ત તરફથી 'ના' અને 'હા' ના સૂચન તરીકે રમાકાન્ત ડોકું હલાવે તે-થીજ સંતોષ માનવાની ફરજ પડતી. તેના સઘળા વિચાર લીલા વિષેના જ હતા. તેનું મન લીલા તરફ જ ખેંચાયેલું રહ્યું. તેનું અંતર લીલાનો જ સમાવેશ કરી શકતું. આંખો લીલાને જ જોઈ શકતી. લીલાને જોવાથી આજ સૂધીમાં કદી ન જોયલું, ન અનુભવેલું, બાવીસ વર્ષની વયમાં જેનો સ્વપ્ને પણ ખ્યાલ ન હોતો એવું, મદનરાજનું કંઈક અજબ મસ્તીવાળું દૈવી ગાન સાંભળ્યું.

અંતે ગાડી અટકી. તાપી નદીના રમણિય કિનારાપર આવેલા ભવ્ય રાજ્ય મહાલય જેવા "લક્ષ્મીભુવન" બંગલા આગળ તેઓ ઉતર્યાં. દરવાજો ઓળંગી અંદર ગયા; તો પણ રમાકાન્ત સ્થીર થયો નહિ. મનને સમજાવવા બહુ પ્રયત્ન કર્યા પણ સમજ્યું નહિ, કોઈ પોતાની બેચેની સ્થીતિ કળી જશે એ વાતની ચિંતા થઇ પણ હવે ઝાઝી દરકાર ન રહી. ડૉક્ટરને લઇ તે પોતાના પિતાની મરણ પથારી નજીક ગયો: ત્યાં અનેક માણસો માંદા પુરૂષની આસપાસ વીંટાઇ વળ્યા હતાં. કોઇ એક શબ્દ પણ બોલતું ન્હોતું. સઘળે પૂર ગંભીરતા, શાંતિ અને શોક પથરાયલાં હતાં! દરેકનાં મુખ ઉપર ગંભીરતા સ્પષ્ટ જણાઈ આવતી હતી. એક ઈશારાથી પાણીની જગ્યાએ દૂધ હાજર કરવાની સઘળી કાળજી રાખતા મરવા સૂતેલા શ્રીમંતની છેલ્લી ઈચ્છા પાર પાડવા સઘળા તત્પર રહેતા—બે ચાર ડૉક્ટરો પણ હાજર હતા—ડૉ૦ મહેતાની સલ્લાહની ખાસ જરૂર હતી તે પણ આવી પહોંચ્યો અને પાંચ ડૉક્ટરોએ મસલત કરી સુરતના પ્રતિષ્ઠીત જાગીરદાર નિર્મળકાન્તને ઑપરેશન કરવાનો

વિચાર કર્યો. નિર્મળકાન્ત પણ પ્લેગથી દુષ્ટ માંદગીથી પીડાતા હતા, તેમની માંદગી ઘણીજ ભયંકર હતી. પ્લેગના દુષ્ટ રોગે તેમની જીંદગી-પર પોતાની સઘળી શક્તિ સાથ હૂમલો કર્યો હતો!

સઘળાં જ્યારે જાગીદાર નીર્મળકાન્તની જીંદગી વિષે વિચાર કરવામાં રોકાયાં હતાં ત્યારે તેનનો પુત્ર રમાકાન્ત કોઈ અજબ ખ્યાલમાં મસ્ત હતો. તે ત્યાં હાજર હતો પણ તેનું હૃદય કોઈ અન્ય સ્થળે વિહાર કરતું હતું. પિતાની છેલ્લી ઘડીની દુઃખદાયી સ્થીતિથી જોકે તેનું અંતર કપાઈ જતું હતું, જોકે તેના કોમળ અંતઃકરણપર પિતાની માંદગીએ-પિતાના દુઃખે ભયંકર આઘાત કર્યો હતો છતાં તેને ગીરધરલાલની માગણી ઘણી સાલતી-રમાકાન્તનું જીગર મનુષ્યનું નહિ પણ દૈવી હતું.

"મારા પિતાની સારવાર કરનાર સેંકડો માણસો છે-પાંચ પાંચ ડોકટરો; અને ત્યાં! હાય! તે ગરિબની ઝુંપડીમાં કોઇ નથી ફક્ત તે નિરાધાર મા દીકરીઓ. પ્રભુ! તેમને બચાવ, તેમને સુખી કર, ગીરધરલાલને સાજો કર-" રમાકાન્ત પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો પણ એવી પ્રાર્થના કરનારને ખબર ન રહી કે આવી પ્રાર્થના તુરતાતુરત સાંભળવામાં આવતી નથી. દુનિયાનું યંત્ર ચલાવનાર મહાન્ ઇજનેર ઇશ્વર-જગતના વિશાળ સંચામાં કયો સાંચો તૂટી ગયો છે યા બગડી ગયો છે તે જાણવાની તુરતાતુરત ઝાઝી દરકાર કરતો નથી. રમાકાન્તે અસાધારણ દુઃખમાં સબડતાં લીલા અને ગંગા જેવા કોમળ ફૂલોને નજરે જોયાં. જોતાંજ દાઝી ગયો. આવાં કેટલાં કોમળ ફૂલો મારા ગરીબ દેશમાં કંગાળ્યતની ગરમીથી બળી જતાં હશે એવો ખ્યાલ આવતાં દુઃખી થયો અને દેશ માટે-દેશના દુઃખીઓ માટે અસાધારણ દયા અને દિલસોજી ધરાવનાર રમા-

કાન્તને જગતના પિતાની આવી વર્તણુકથી જગતપર વૈરાગ આવ્યો. દુનિયાની ધાતકી સપાટીપર ગરીબોને કેવો ગેરઇન્સાફ થાય છે તે તેણે ડૉ૰ મહેતાના દવાખાનામાં પ્રત્યક્ષ અનુભવ્યું હતું અને તેથી તેના ઈનસાફી જીગરની ભીની લાગણીઓએ તેની સામે બંડ ઉઠાવ્યું.

"અફસોસ! જો હું ગરિબ હોત અને લીલા શ્રીમંત હોત તો ડોક્ટર મારા તરફ કેવુ વર્તન ચલાવત! ધીક્કાર! શેમ શેમ."

રમાકાન્ત ડોક્ટરની વર્તણુક માટે શોક કરવા લાગ્યો. ગરિબાઇ અને શ્રીમંતાઇની સરખામણી કરવા લાગ્યો. રમાકાંન્ત જેવો કરોડપતિ આ તફાવત સમજે અને શોક કરી ગરીબો તરફ દયા રાખવાનો નિશ્ચય કરે પણ ધાંધલિયા જગતને તો તેવી કલ્પના પણ આવવી મુશ્કેલ છે. "જગતમાં મારૂં ને મારા પુનીઆનું ભલું થાય એટલે ગંગા નાહ્યા," "હું અલી ને અલીનો કીકો સુખી એટલે જગત્ સુખી," "કીકાને પરણાવ્યો અને નાની વહુ ઘરમાં આવી એટલે જગ જીત્યાં," "આખું જગત જહાનમમાં જાય પણ મેરી અઘેલી મત ભૂલીઓ," વીગેરે વીગેરે, જેમની જીંદગીના મહાન મંત્રો (!) હોય તેમને રમાકાન્તના ઉત્તમ વિચારો "મુર્ખાઇ" જેવાજ લાગે એ ચોક્કસ છે!

હિંદુઓ સંપૂર્ણ સુખી માણસને "અષ્ટમા સિદ્ધિ અને નવ નિદ્ધીનો માલીક" ગણે છે. આવી સિદ્ધી અને નિદ્ધીનો માલીક જગતમાં સુખી મનાતો, દેવતા પેઠે પૂજાતો, હજારો જીવોનો પાલક, અનેક રંકોનો આશ્રયદાતા, લાખો રૂપિયાની સખાવત કરનાર જાગીરદાર નિર્મળાકાન્ત યમના દૂતોને પોતાની નજર સમક્ષ જોવા લાગ્યો.

ડૉક્ટરો ઓપરેશન કરવાની ઉતાવળ કરવા લાગ્યા. જ્યારે નિર્મળકાન્તની પત્ની લક્ષ્મીબાઈ વઢાડકાપ કરવાની વિરૂદ્ધ હતી.

રમાકાન્તની સ્થીતિ સુડી વચ્ચેના સોપારી જેવી હતી. એક બાજુ ગંગા, ગીરધરલાલ અને લીલા અને બીજી બાજુ પોતાનો પિતા! લીલાને જોવાનું મન થતું, ગીરધરલાલને સહાય કરવાની ઇચ્છા થતી. ગરિબ કુટુમ્બની પુષ્કળ દયા આવતી અને વળી બીજીજ પળે પિતાની ભયંકર માંદગી યાદ આવતાં શું કરવું તે સૂઝતુંજ નહી. અંતે લમણે હાથ દઈ "પ્રભુ જે કરે તે ખરૂં" એમ મન મનાવી જેમ તેમ મન વાળી એક "આરામચેર" પડયો પડયો પણ સ્વસ્થ થયો નહિ. તેની માતા તેની પાસે આવી. પુત્રને દુઃખદરિયામાં ડૂબી ગયેલો જોઈ દુઃખી થઇ અને રમાકાન્તના માથાપર માતાનો માયાળુ હાથ ફર્યો.

"ભાઈ! રમણ! શાંત થા, બેટા! તારે તો અમને દિલાસો દેવો જોઇએ. ચાલ, બેટા! તારા પિતાની છેલ્લી ઘડીએ એમની પાસે રહે—"

એકાદ દિવાના મનુષ્યની પેઠે રમાકાન્ત લક્ષ્મીબાઈની પાછળ પાછળ પિતાના ઓરડામાં આવ્યો. નિર્મળકાન્તના બીછાના નજીક આંસુભરી આંખો સાથે બેઠો. સજળ આંખોએ પિતાના દુઃખથી લેવાઈ ગયલા મુખ તરફ જોઈ રહ્યો. પિતાની છેલ્લી ઘડી જોઈ પુત્રને જગત્પર વૈરાગ આવ્યો.

"મી૦ રમાકાન્ત!–" એક ડૉકટરે ધીમે અવાજે રમાકાન્તને કહ્યું.

"હવે જે પળ પસાર થાય તેમાં તમારા 'ફાધર'નો 'કેસ' 'સીરીયસ' થાય છે. 'ઓપરેશન' કર્યા સિવાય છૂટકો જ નથી."

"વહાડકાપ કરવાની કાંઈ જરૂર નથી. મારા ઉમરાવ પતિના અંતના વખતે હું તેમને દુઃખી કરવા માગતી નથી." લક્ષ્મીબાઈ બોલ્યા.

"બા! ઑપરેશન કરવાથી પિતાજી કદાપિ બચી શકશે."

"રમણ! જો મારૂં સૌભાગ્ય અખંડ હશે તો તારા પિતા કાળના કાળથી પણ મરવાના નથી. મને દુઃખી કરીશ નહી. હું વહાડકાપ નહિ જ કરવા દઉં–" સુધરેલી વૈદક વિદ્યાના અતિ ઉપયોગી સિદ્ધાન્તો ન સમજનારી લક્ષ્મીબાઈએ ઑપરેશન કરવા વિરૂદ્ધ સખત વાંધો ઉઠાવ્યો. રમાકાન્ત મૂંગો જ રહ્યો. માતાની આજ્ઞાનું ઉલંઘન કરી શક્યો નહી—થોડાક શબ્દોથી માતાને સમજાવવા કોશેષ કરી પણ "સાયન્સ" ન સમજનારી એકની બે થઈ નહી. ડૉકટરો ત્યાંથી એક બીજા ઓરડામાં ગયા અને લક્ષ્મીબાઈના વિચારો પર હસવા લાગ્યા.

આ વખતે જાગીરદારની આંખો ઉઘડી. હોલવાઈ જતો દીવો નાશ પામતાં પહેલાં કંઈક વધુ તેજથી પ્રકાશે તેમ નિર્મળકાન્તમાં અંતની વેળાએ કંઇક ચેતન આવ્યું. રમાકાન્ત, લક્ષ્મીબાઇ અને બીજાં અનેક સગાંવ્હાલાંઓ તેના બીછાનાની આસપાસ વીંટાઈ બેઠાં હતાં. નિર્મળકાન્તે સઘળા તરફ નજર ફેંકી અને સઘળાંને જોઈ મરનારના જીગરને સંતોષ થયો હોય તેવું જણાયું. રમાકાન્તનો હાથ પોતાના હાથમાં લઈ મહા મહેનતે પોતાની છાની સાથ દાબ્યો. પિતા વત્સલ પુત્રનું હૈયું આથી ભરાઈ આવ્યું. આંખમાં ઝળઝળીયાં આવ્યાં. અનેક તંગદસ્તોની તંગી ટાળનાર અને અનેક

હાજતમંદોની માગણી કબુલ કરનાર સખાવતે મશહુર જાગીરદાર યમના દૂતોની દયા યાચવા લાગ્યો. રમાકાન્તથી આ ન જોવાયું–આ ન સહેવાયું–તેના નયનકમળમાંથી આંસુના બિંદુઓ ટપટપ ટપકવા લાગ્યાં. તે તેના પિતાની છેક નજીક જઈ બેઠો.

"ભાઈ, તું દૂર રહે"–માયાળુ પિતા પ્લેગના ચેપી રોગથી ડરી બોલ્યો, રમાકાન્તે તે સાંભળ્યું પણ ડગ્યો નહિ–ડર્યો પણ નહિ–પિતાના કરચલી વળેલા, તાવથી ધગધગતી, માંદગીથી ફીકા મારી ગયલા કપાળપર એક ચુંબન લઈ ગંભીર વદને–દયામણાં નેત્રોએ પિતા તરફ જોઈ રહ્યો.

"પિતાજી!"–રમાકાન્ત બોલ્યો.

"માયા તજી દ્યો. આ સંસાર અસાર છે, મારામાં, લક્ષ્મીબામાં, કે કોઇનામાં પણ જીવ રાખશો નહિ. આપની કીર્તિમાં વૃદ્ધિ કરવા હું મારૂં બનતું કરીશ પણ કલંક તો કદિ નજ લગાડું તેની ખાત્રી આપું છું."

વફાદાર પુત્રના આ ટુંકા ભાષણથી સચોટ અસર મરવા સૂતેલા પિતા ઉપર થઈ. સંસાર નીઃસાર જણાયો, માયાપરથી મમતા ઉઠી ગઈ. "આપ મુઆ પીછે ડુબ ગઈ દુનિયા." એ કબીર–વાણી યાદ આવી. તે સાચી જણાઈ. પુત્રના વચનથી પરમ સંતોષ થયાનો જણાયો. આંખો મીંચી–પરમાત્માના–કોઈ દૈવી શક્તિના દર્શન કરી આનંદ પામ્યો હોય; તેવો જણાયો.

"રમણ............"

મરનારની આંખો પાછી ઉઘડી.

"જી——"

"હું યમના દૂતોને મારી સમક્ષ જોઉં છું. મારૂં મોત નજીક છે. આ દુનિયામાં હવે હું થોડીજ પળનો પરોણો છું—" આટલું બોલતાંજ જીભ ખેંચાવા લાગી.

મહા મહેનતે સ્વર નીકળ્યો.

"પા...............ણી——"

રમાકાન્તે ગંગાજળ પાયું.

"મારા વ્હાલા રમણ!—" પાછી વાચા આવી.

"મારી અંત વેળાની ઇચ્છા તું પાર પાડજે. હું રંક કુટુંબમાં જનમ્યો હતો. આજે શ્રીમંત છું. મારા પિતા રંકદશામાંજ મરણશરણ થયા હતા પણ તેમનું મૃત્યુ સુખી હતું–તેમને મરણશરણ થતાં કાંઇ લાગ્યું ન્હોતું–આજે હું શ્રીમંત છું મેં ઘણાં સુખો જોયાં છે છતાં, હું ખાલી હાથેજ જાઉં છું. મારૂં મોત ઘણું દુઃખી છે. મને આ સંસારના વૈભવો, મોહ, માયા, અને તમો સર્વની પ્રીતિ તમારા તરફ ખેંચે છે, મારા રંક પણ સંતોષી પિતાને આમાંનું કાંઈ ન્હોતું. રમણ! મારી એક ઇચ્છા પૂર્ણ કરજે. તે એજ કે મારૂં પંચભૂતનું ચેતનરહિત ખોળીયું જ્યાં બાળો ત્યાં એક સ્થંભ ઉભો કરી તે ઉપર એક તખ્તી મૂકજે. તે પર શું લખવું તે મેં મારા "વીલ" માં જણાવેલું છે. બસ, વ્હાલા પુત્ર! પ્રેમાળ લક્ષ્મી! સર્વને પ્રણામ! વ્હાલા પુત્ર! મારી પાછળ વિલાપ ન કરતાં મને ચાર દિવસનો પ્હેરોણો ગણી ભૂલી જવા પ્રયાસ કરજે–વ્હાલા રમણ! વ્હાલી લક્ષ્મી! સુખી રહેજો અને જગતના દુઃખીઓને સુખી કરવા સદા તત્પર રહેજો. શ્રી...રા...મ...શ્રી...કૃષ્ણ......

બસ ખલાસ; પાંજરામાં પુરેલો પોપટ બારણું ખોલી ઉડી ગયો. જાગીરદાર નીર્મળકાન્ત, ગરિબોનો જીવનહાર, સરકારનો માનીતો નર, રાજદરબારમાં આગેવાન ગણાતો પુરૂષ, હિંદનો એક સાચો વીર સુધારક, જેની કૃપા મેળવવા આકાશપાતાળ એક થતાં, જેની સાથ વાત કરવામાં અનુપમ માન મળેલું મનાતું, એવા એક નરરત્નનું શરીર લોકો જેને મુડદું કહે છે એવી દશાને પામ્યું—ચેતનરહિત થયું. જે શરીરને લોકો જાગીરદાર સાહેબ કહેતા તે જ શરીર હવે 'શબ' તરિકે ઓળખાવા લાગ્યું અને તે ભવ્ય દિવાનખાનામાં કાકારોળ થઈ રહ્યો. અરેરે! જેને છીંક ખાતાં ક્ષમા ઉચરાતું, જે મશરૂની તળાઇ-પર પોઢતો, જે અનેક સુખ વૈભવનો ભોકતા હતો, તે જોતજોતામાં હતો નહતો થઈ ગયો; કારમા કાળની ઝપટથી નાશ પામ્યો અને અને તેજ મહાન નર કે જેની કૃપા તે પરમેશ્વરની કૃપા મનાતી તેને સ્મશાનભૂમિમાં લઈ જવાની તૈયારી થવા લાગી. "પ્રાણ ગયા પછી પાસ ન આવે, કાઢો, કાઢો, મુખે ભાખેરે"—એ વાકયનો અહિં સાક્ષાત્કાર થયો; રેશમી તળાઇપર સૂનારો હવે વાંસની કઠણ ટટ્ટી પર સૂવા તૈયાર થયો. પાતળું લાલ વસ્ત્ર ઓઢાડી કાથાની દોરીથી તેની કોમળ ગણાતી દેહને મજબુત બાંધવામાં આવી અને સગાં-સંબંધી તથા પ્રિયજનોના કરૂણાજનક વિલાપ વચ્ચે તેના ચેતનરહિત દેહને અગ્નિસંસ્કાર માટે સ્મશાનભૂમિમાં લઈ જવાની ઉતાવળ કરવામાં આવી. લક્ષ્મીબાઈ—નિર્મળકાન્તની વ્હાલી પત્ની યા તેના વ્હાલા પુત્ર રમાકાન્તના છાતીફાટ રૂદનની દરકાર કર્યા વિના, દયાળુ નીર્મળકાન્ત દયાહિન થઇ ચાલી જવા લાગ્યો, આવી રીતે ચાલી જનારને પોતાના પ્રિયજનોની, મોજમઝાની, આનંદ વઇભવની કે આ જગતની મોહમાયાની લેશ માત્ર પણ દર-

કાર હોતી નથી. કોમળ પુષ્પો પણ જેને ખૂંચતા તે હવે કાષ્ટની કઠણ ચીતાપર સુવા તૈયાર થયો. તેના શબને ભયંકર કલાપીટ વચ્ચે કઠણ છાતીના પુરૂષવર્ગે શ્રી રામના નામનો ઉચ્ચાર કરતા સ્મશાનમાં લઇ ગયા. જેની સવારી શહેરમાં ફરવા નીકળતાં અનેક મનુષ્યો જેને ઝુકઝુકીને સલામ કરતાં તેમાંનું અહિયાં કાંઇ નહતું.

સ્મશાનમાં ચીતા તૈયાર થઈ અને તેના પર તેને સુવાડયો, રમાકાન્તે વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો. આવા બીછાનાપર સુનારને ઘણી મીઠી નિંદ્રા આવે છે. ખુલ્લી હવામાં, નગ્ન શરીરે સુવા છતાં ટાઢથી તે થરથરી જાગી શકે તેમ નથી, કારણ કે તુરતજ ચારે તરફ અગ્નિની ભયંકર જ્વાળા ફરી વળી અને આ અગ્નિ માંસની શોધ કરતાં શરીરને પોતાની જ્વાળા વડે ચાટવા લાગ્યો— શરીર બળતાં સુસકારો લાગવા લાગ્યો—સાંધાઓ તોડવા લાગ્યો— પછી ધુમાડો પાતળો થવા લાગ્યો અને રાતી ભુરી રાખ વીખરાવા લાગી, છુટાછવાયા હાડકાં તેમાં દૃષ્ટિગોચર થવા લાગ્યાં અને ભયંકર ચીતા કંઇક શાંત થતાં માટીનું પૂતળું માટીમાં મળી જતાં નિર્મળકાન્તનું અસ્તિત્વ આ જગતમાંથી સદાને માટે નાશ પામ્યું અને સ્મશાનમાંની ભયંકર ચીતાવળી જગ્યાપર નિર્મળકાંતના બળી ગયેલા શરીરની રાખ આમતેમ પવનના જોરથી વાતાવરણમાં ઉડવા લાગી. પરમાત્માના દરબારમાં મનુષ્યને મોકલી આપવાની ક્રિયા પુર્ણ થતાં ડાઘુઓ શોકસાગરમાં તણાતા સ્મશાનની ભયંકર ભૂમીને તજી ચાલી જવા લાગ્યા અને આવી રીતે જેમ જગતના સર્વે જીવોનો અન્ત આવે તેમ કરોડપતી નિર્મળકાન્તનો પણ અંત આવ્યો!

પ્રકરણ ૭ મું.

પ્રેમકળાનો બીજો પાઠ!

ઉન્નતિની ટોંચે પહોંચેલો કરોડપતી નિર્મળકાન્ત જાગીરદાર મરણશરણ થયો—આ નાશવંત દુનિયાના ક્ષણિક સુખોને તજી દેવોના દેશમાં ગયો. તે ગયો—તેના મરણ માટે વિલાપ કરનાર, માથું કૂટી નાંખનાર ઘણા હતા. પણ તેથી તેને સુખ કે શાંતિ મળવાનાં ન્હોતાં. તેણે પોતાની પરલોકની–સ્વર્ગની–શાંતિ માટે પોતાની હૈયાતીમાં જીંદગીની દરેક પળે અતિશય કાળજી રાખી હતી. પરમાર્થ દયા અને પવિત્રતા એ તેના રાતદિવસના સાચા સાથી હતા. તેની જીંદગીમાં તેના આ મિત્રો તેનાથી કદિ વિખૂટા પડયા ન્હોતા અને હવે જ્યારે તે પોતાનું રહેઠાણ આ દુનિયામાંથી સદાને માટે ઉઠાવી લઈ દેવના દેશમાં–બીજી દુનિયામાં–ગયા ત્યારે આજ કૃતજ્ઞ મિત્રો તેની સાથે તેનો માર્ગ બતાવનાર ભોમિયા તરીકે ગયા.

નિર્મળકાન્તના મરણથી તેના એકના એક વારસ રમાકાન્તને સઘળી મીલકત મળી. હવે રમાકાન્ત એક મોટો જાગીરદાર બન્યો. તેનામાં તેના પિતાના સઘળા સદ્ગુણો વારસામાં આવ્યા હતા. નિર્મળકાન્ત કરતાં પણ તેનું હૃદય વધારે દયાળુ હતું, રમાકાન્તે પોતાના પિતાની મરણ ક્રિયા પૂરી થયા પછી પોતાના વકીલો પાસેથી "પિતાનું વીલ" માગ્યું એને અનેક મનુષ્યોની મેદની વચ્ચે તે વં-

ચાલ્યું. મરનારનું "વીલ" ઘણું મ્હોટું હતું જેમાંથી માત્ર એકાદ કલમજ અમે અમારા બ્હાલા વાંચકો સમક્ષ રજુ કરીશું.

કલમ...હું નીચે સહી કરનાર સુરતનો જાગીરદાર નિર્મળકાન્ત વિ. ઝવેરી અત્રેથી મારા વારસો તથા વકીલોને જણાવી જાઉં છું કે મારી સ્થાવર તથા જંગમ મીલકત જે સઘળી મળી લગભગ રૂ. ૧ા કરોડની કિમ્મતની થવા જાય છે તેમાંથી રૂપિયા બે લાખ કુદરતી આફતથી રંકદશાને શરણ થઈ કંગાળ જીવન ગુજારતા મારા દેશના કોઈપણ કોમના મારા દુઃખી ભાઈબહેનોને અણીની વેળાએ સહાય કરવા માટે વાપરવા. મારા વારસોએ જો બની શકે તો એ રકમમાંથી એકાદી મીલ, કારખાનું અથવા એવુંજ કોઈ ધંધાધારી ખાતું ખોલવું અને તેમાં બનતા સુધી ગરિબો તથા મધ્યમ વર્ગના માણસોનેજ નોકરીએ રાખવા, તેમને કુદરતી આફત વેળાએ યોગ્ય લાગે તેટલી રકમ ધીરવી અને પાછા ભરવા શક્તિવાન હોય તેમની પાસેથી ભરપાઈ કરવી, બનતાં સુધી મારા વારસોપર કોઇપણ ગરીબની કાંઈ અરજી આવે તો તે નિરાશ ન થાય તેની ખાસ કાળજી રાખવી તથા તે સાથે કોઇ હરામખોર "દયા" નો ખોટો લાભ ન લઈ જાય તે માટે પણ પૂરતી સંભાળ લેવી.

અહા ! કેવું બાદશાહી હૃદય ! કેવી ઉમદા સખાવત ! ગરિબો તરફ પોતાના દુઃખી દેશબંધુઓ તરફ–કેટલી બધી ભીની લાગણી ! દિલઘાટ ઉપર દયાનો કેવો સ્વચ્છ ઝરો ! મરણશરણ થયા પછી પણ કીર્તિથી અમર રહેવાની કેટલી બધી કાળજી ! કરણ અને વિક્રમ જેવા દાતારોની હારમાં વિરાજવાનો કેટલો બધો લોભ ! તે મરણ

પામ્યો છે છતાં તેથી આ ઉમદા સખાવતથી તે આ દુનિયામાં અમર રહેશે.

કલમ......“ મારી સઘળી મીલકતની કુલ મુખ્ત્યાર મારી પત્નિ લક્ષ્મીબાઇ છે—અને મારા પુત્ર રમાકાન્તે તેની દરેક મરજી સાચવવાની કાળજી રાખવીજ જોઇએ—દરેક વિષયમાં તેને યોગ્ય સલાહ લેવીજ જોઇએ. ટુંકામાં મારી મીલકતનો વારસ મારો પુત્ર રમાકાન્તજ છેઃ છતાં તેપર મારી પત્નિની સત્તા રહેશે, રમાકાન્ત તેની માતાની મરજી સાચવવા બંધાયલો છે અને તે સાથે મારી પત્નિને પણ હું ફરમાવી જાઉં છું કે ખાસ કારણ શિવાય તેણે રમાકાન્તની સહેજ પણ લાગણી ન દુખાય તેની કાળજી રાખવી.

કલમ......“મારી નાશવંત દેહના ચેતનરહિત ખોળિયાને જે જગ્યાએ બાળી નાખવામાં આવે ત્યાં એક સ્થંભ ઉભો કરી તેનાપર નીચેનો લેખ કોતરાવવો.

“નિર્દય જગતના ક્રુર ને વિશ્વાસઘાતી વન વિશે;
“રખડતા કંઇ દિવ્ય દષ્યો દષ્ટિએ મારી પડયાં;
મરણ પર્યંત સુખમાં આળોટિઓ હું શાંતિથી;
લાલુતા હવે મુજ હૃદયમાં ના, ના, હવે કંઇ રહી નથી.

\+ \+ \+ \+

“કાંટા સરવે જીવનગુલના ખરે છેદી નાંખીને ?
તમે સરવે જીવો પ્રત્યે દયા ઉંડી રાખજો.”

નિર્મળકાન્ત.

રમાકાન્તે પોતાના પિતાની આ છેલ્લી ઇચ્છા પૂરી કરવા માટે તુરતજ ગોઠવણ કરી. જર ચાહે સો કરે !

હવે રમાકાન્ત એકલો પડયો, લગભગ એક પખવાડીયું આ ધાંધલમાં પસાર થઇ ગયું. એ અરસામાં તેનાથી લીલાને કે ગંગાને મળાયું ન્હોતું—તેથી તે તેમને તદ્દન ભૂલી ગયો હતો એમ પણ ન્હોતું. ડોકટર મહેતાની જગ્યાએ એક માયાળુ ડોકટરની તેણે ગીરધરલાલ માટે ગોઠવણ કરી આપી, પણ કમનસીબે ગીરધરલાલ બચ્યો નહિ. જાલમ મરકીના પંજામાં સપડાઈ યમશરણ થયો; અને તેમ થતાં ગંગા પતિ વિનાની અને લીલા પિતા વિનાની થઈ. રમાકાન્તે જ્યારે આ વાત જાણી ત્યારે તેને અતિશય લાગી આવ્યું—અન્તઃકરણ ભરાઈ આવ્યું—અને આંખોમાંથી પાણીની ધારા નીકળી પડી—પણ કુદરતી નિયમ આગળ કોની સત્તા યા લાગવગ ચાલી શકે ? લાચારીએ કુદરતના જુલમને લીલા અને ગંગા શરણ થયાં. રમાકાન્તે ગીરધરલાલની મરણક્રિયા માટે સઘળો ખર્ચ આપ્યો અને તે દુઃખી મા દીકરીના ગુજરાન માટે પણ ગોઠવણ કરી. લીલા અને ગંગા માટે તેના હૃદયમાં દયાનો અખંડ ઝરો વહેવા લાગ્યો અને આવાં કેટલાં કોમળ કુસુમો જગતના ઝેરી વાતાવરણમાં દરિદ્રતાના અસહ્ય તાપથી બળી જઈ કરમાઇ જતાં હશે તેનો વિચાર કરતાં "અરેરે !" એવો ઉચ્ચાર થઇ ગયો !

"લીલા ! ગંગા ! તમારી શી સ્થિતિ હશે ?" રમાકાન્ત બબડયો.

લીલાની મનોહર મૂર્ત્તિ આંખ આગળ ખડી થઇ. લીલાનું સુંદર, મોહક, આકર્ષક વદન, લીલાની સ્નેહભરી કાળી આંખો, ડોકટરને વિનવવાની તેની દયાજનક કાકલુદી, એ સઘળું તેની સ્મૃતિમાં તાજું થયું. લીલા માટે ઉત્પન્ન થયેલી દયાળુ ભાવનાનુ હવે રૂપાંતર થવા લાગ્યું અને તેમ થતાં લીલા માટે કોઇ

અકલ્પ્ય અને અજબ પ્રકારની બીતી ભાવના જન્મ પામી. લીલા તરફ લાગણી ધરાવનારાને લીલાને મળવા, લીલા સાથે વાત કરવા અને લીલાને દિલાસો દેવામાં જગતના સર્વોત્તમ સુખો કરતાં વધુ મોજ માલુમ પડી. લીલાને જોવા તથા મળવાનું મન થયું. લીલા વગર નજ ચાલે—નજ જીવાય—એમ થયું અને લીલાની જંખના કરનારાના હૃદયે તેને લીલાને મળવાનો હુકમ કર્યો. આ હુકમની અસરથી રમાકાન્તના મુખમાંથી એક શબ્દ નીકળ્યો—તેનો અમલ થયો—ગાડી જોડી કોચમેન તૈયાર થયો—અને લીલાના નામનો જાપ જપતો રમાકાન્ત ગાડીમાં બેઠો. ગાડી ચાલી—ગાડી વેગમાં જતી હતી પણ તેમાં બેસનારના અંતરનો વેગ એટલો બધો વધી ગયો હતો કે તે તેને ધીમીજ લાગી.

લીલાનું ઘર આવ્યું અને ગાડી અટકી. લીલા બહારજ ઉભી હતી. રમાકાન્ત ગાડીમાંથી ઉતર્યો. લીલાની નજર તેના પર પડતાં પડતાં મુગ્ધ બાલિકાના અંતરપટ ઉપર કોઇ દૈવી ચિત્ર આલેખાયું. રમાકાન્તને જોવામાં—તેનું ભરાઉ અંગ નિહાળવામાં—લીલાને અગાઉ કદિ ન મળેલો આનંદ મળ્યો; પણ આ આનંદનો રસ પીતાં તેને મુગ્ધાના હૃદયમાં શમાયલા શરમાળપણાએ અટકાવી. રમાકાન્ત તો લીલાને એકી ટસે જોઈ રહ્યો. રમાકાન્તે પોતાના નેત્રો લીલાના નેત્રોમાં પરોવવાની હિમ્મત કીધી—આથી મુગ્ધા તદ્દન શરમાઇ ગઈ પણ અંતરમાં અત્યંત હર્ષ પામી, શરમથી નીચું જોઈ, અંતરમાં આનંદ પામતી, મુગ્ધા પગના નખ વડે ભોંય ખોતરવા લાગી. આ પળે આ જગ્યાએ મુગ્ધાના ખરા મુગધત્વનું દર્શન રમાકાન્ત કરી શકયો અને શરમથી નીચું જોઈ ઉભેલી લીલામાં રમાકાન્તે આખા જગતની સુંદરતા શમાયલી જોઇ અને આ

સુંદરતા જોનારને હવે આ દુનિયાની કોઈ પણ સુંદરતા યા શક્તિની તે પળે લેશ માત્ર પરવાહ ન રહી.

" લીલાવતી ! તમારી બા........"

રમાકાન્તે બોલવાની કોશેષ કરી પણ સ્પષ્ટ બોલી શક્યો નહિ મુગ્ધા તેના બોલવાનો ભાવાર્થ સમજી વિવેકથી બોલી.

" ઘરમાં પધારોને—"

આટલું બોલી લીલા ઘરમાં ચાલી ગઈ. તેના ઘરના ચાહનારાને પણ તેની પાછળ જવાની ફર્જ પડી. ગંગા ગીરધરલાલની સદ્ગુણી પત્નિ ગંગા વિધવા દશાને શરણ થઈ, કાળાં વસ્ત્રમાં સજ્જ થઈ શોકથી અંધારાગરમાં ડુબેલી જણાઈ! રમાકાન્તનું કોમળ અંતઃકરણ આ દુઃખી વિધવાની દશા જોઈ દાઝી ગયું. તે દયાભર્યા અવાજે બોલ્યો:

" કાકી ! તમે કમનસિબે વિધવા થયાં—"

" ભાઈ ! ઈશ્વરને એવુંજ ગમ્યું હશે." આટલા શબ્દો બોલતાં ગંગાની છાતી ભરાઇ આવી. પતિનું મરણ, વિધવા દશા, વિધવાઓ તરફની "હિંદુ સમાજ" ની કરડી નજર, નિરાધાર સ્થિતિ વિગેરે આફતોથી તેનું હૃદય ચીરાઈ ગયું અને આંખથી આંસુનો પ્રવાહ જોસબંધ વહેવા લાગ્યો. રમાકાન્તથી આ ન જોવાયું તેની છાતી પણ ભરાઈ આવી–તે ચીરાતા હૃદયે અને લથડતા અવાજે બોલ્યો.

" આવી રીતે રૂદન કરવાથી કાંઇ વળનાર છે, કાકી ! શું વિલાપ કરવાથી દુઃખીનું દુઃખ ઓછું થતું હશે ? હોય, પ્રભુને જે ગમ્યું તે ખરૂં ! સુખ દુઃખ સર્વને આવે—"

" પણ ભાઇ ! અમે તો તદ્દન નિરાધાર થયાં—"

"ઇશ્વર સૌનો બેલી છે–વળી હું ક્યાં પારકો છું ?"

આ વાક્ય સાંભળી લીલા આનંદ પામી.

આખા જગત્માં લીલા અને ગંગાનું રમાકાન્ત સિવાય કોઈ-જ સગું નહોતું, પરમાત્મા જ્યારે મનુષ્ય જીંદગીપર આફતના વરસાદની વૃષ્ટિ કરવાનું શરૂ કરે છે ત્યારે 'દયા' ને પોતાના અન્તરમાંથી દૂર હાંકી કાઢીને જ પોતાની કરડાકીનો અમલ કરતો હશે ! આવી નિષ્ઠુરતાને પરિણામે કેટલીક વેળા લીલા અને ગંગા જેવી સુકુમાર કળિઓ દુઃખના પ્રચંડ પત્થર તળે કચડવા પામે છે; અને જો કે તે વિશ્વચાલકને સૃષ્ટિના નાનામાં નાના પ્રાણીથી મોટા મોટા રાજા મહારાજાઓ માટે કાળજી હોય છે છતાં જાણે તે કોઈ વેળા આવાં જીવન પુષ્પોને ભુલી જતો હોય તેવીજ રીતે આ દુનિયાની સપાટીપર દુઃખી થતાં મનુષ્યોને જોઈ દુઃખ ન જાણનાર દયાળુ નરોને લાગી આવે છે. મનુષ્ય જીંદગીની કંગાળ્યત મનુષ્યની સંસ્કૃતિને કેળવાવા માટેજ નિર્માયલી હોય છે અને તેથી સંકટમાં ધિરજ ધારણ કરી કુદરતને શરણ થવું એવું મહાન્ પુરૂષોનું માનવું છે.

રમાકાન્તની માયાળુ લાગણી જોઇ ભરાયલાં અંતઃકરણે ગંગા બોલી.

"તમે અમારા પર અનહદ ઉપકાર કર્યો છે, ભાઇ !"

"આવું બોલી મને શરમાવો ના, કાકી ! મેં મારી ફરજ બજાવવા સિવાય વધુ કાંઈ કર્યું નથી."

લીલા એક ખુણામાં શરમને લીધે સોડીયો વાળી બેઠી હતી અને રમાકાન્તના મુખકમળમાંથી ઝરતાં અમૃતના ઘુંટડા પી જતી હતી. રમાકાન્તનાં નેત્રો તેનેજ જોવા તલસતાં–વલખાં મારતાં–પણ

ગંગાની શરમ તેઓ બન્નેને નડતી અને તેથી બન્ને પ્રેમીઓને કંઈક રમણિય મુઝવણ સહેવી પડતી. રમાકાન્તને લીલા સાથ વાત કરવાનું મન થતું અને તેથી કોઈ પણ પ્રકારે ગંગા ત્યાંથી દુર થાય એમ તેનું અંતઃકરણ ઇચ્છતું અને અહિં આવા વર્તનથી પ્રેમકલાનો રસિલો પાઠ બન્ને પ્રેમીઓ શીખતા અને તે દ્વારા દુનિયાની કોઈ મહાન્ શક્તિનો મીઠો અનુભવ મેળવતા.

"કાકી ! જરા પાણી આપશો ?"

રમાકાન્તે ગંગાને દૂર કરવાનો તોડ શોધ્યો. ગંગા પાણી લેવા ગઇ; અને શરમથી ખુણામાં સંતાઈ રહેલી લીલાને તથા રમાકાન્તને એ પણ સ્વર્ગનું સુખ પોતાનાં સુખ આગળ તુચ્છ જણાયું. લીલા એક શબ્દ પણ બોલી શકી નહિ. પણ હું તમને ચાહુ છું એવું તેના સુંદર મુખચંદ્ર પર રમાકાન્ત વાંચી શકયો. લીલાનું કાળી નેહભરી આંખોએ રમાકાન્તનાં અંતઃકરણમાં શાંતિ રેડી કે જેવી શાંતિ તેને તેના રાજમહેલ જેવા ભવ્ય બંગલામાં અપાર વૈભવોથી પણ આજ સુધી મળી નહોતી.

"લીલાવતી–" પુરૂષ હૃદયે જ મૌન તોડયું. લીલાના કાન રમાકાન્તની મીઠી વાણી સાંભળવા આતુર બન્યા.

"લીલાવતી—" રમાકાન્તે એકવાર ફરીથી પોતાને વ્હાલા નામનો મધુર સ્વરે ઉચ્ચાર કર્યો પણું "લીલાવતી" કહી, લીલાને સંબોધનારાને હવે શું બોલવું તે સૂઝયું નહિ. પોતે વિદ્વાન્ હતો–ગ્રેજ્યુએટ હતો–છતાં આ બાળા સાથ વાત કરતાં ન આવડી તેથી ન્હાની મુગ્ધાની માફક શરમાઈ ગયો, પણ હવે વાકય પૂરૂં કરવા કાંઈ બોલવું જોઇએ એમ વિચારી તે જેમ તેમ નીચલા શબ્દો બોલી શકયો.

"લીલાવતી કોઈ વાતે મુંઝાશો નહિ. તમારા પિનાનો છાંયડો કમનસિબે ગયો પણ—"

આટલું બોલતાં રમાકાન્ત લગભગ ત્રણ વખત અટક્યો. આવી મુઝવણનો શોક કહેવો કે આનંદ તે અમે જાણતા નથી પણ રમાકાન્તના મુખપર તો આનંદના ચિન્હો સ્પષ્ટપણે છવાયલા અમે જોઇ શકયા. આ પળે ગંગા પાણીનો લોટો લઇ આવી પહોંચી અને રંગમાં ભંગ પડયો. રમાકાન્ત લીલા સાથે વાત કરતાં શરમાતો હતો અને તેથી જો કે એવી શરમની મુંઝવણમાંથી ગંગા આવવાથી તે છુટો થયો છતાં પણ લીલા સાથે વાત કરી આનંદ લુંટવાનો લાભ ગુમાવવાથી તેને કંઈક શોક પણ થયો. પ્રેમીઓની આવી મુઝવણનો ઘણી આનંદભરી હોય છે. અને રમાકાન્તે એ મુઝવણનો અનુભવ કરી કંઇ અજબ આનંદ મેળવ્યો.

ગંગાએ રમાકાન્તને લોટો આપ્યો. રમાકાન્તે બે ઘુંટડા પાણી પીધું. પાણી ખરી તરસને લીધે પેટમાં ગયું કે કેમ તે માટે કાંઈ ચોક્કસ મત અપાય એમ નથી પણ પાણી પીનારને પાણી પીતી વેળા, તેના તરફ અભાવ આવ્યો તે ચોક્કસ હતું.

ગંગાની સાથે વાત કરી તેણે હવે લીલાને શાંત કરવા માંડી અને તેથી લીલાને અનેરી શાંતિ મળી.

"કાકી ! કોઈ વાતે મુઝાશો નહિ, મારી સાથે જુદાઇ રાખશો નહિ. હું તમારો જ છું એમજ માનજો."

લીલાના સુખનો અવધિ થયો.

"મારામાં ને તમારામાં કાંઈ અંતર નથી વળી હું તમારીજ જ્ઞાતિનો છું—"

લીલાના અંતરમાં અમૃત રેડાયું.

" ભાઇ ! ભાઇ તમારો કેટલો આભાર ? તમે ન હોત તો અમારી શી ગતી થાત ? મારી લીલાને પારકી કરવા જેટલું પણ ન જીવ્યા— " ગંગા બોલી.

રમાકાન્તના જીગરના છેલ્લા વાક્યથી ચીરા થઈ ગયા. લીલા પારકી થાય " એ આફત પૃથ્વીના પ્રલય જેટલી ભયંકર લાગી પણ હજુ લીલા પારકી થઇ નથી એ વાતથી સંતોષ થયો.

" કાકી ! હું જાઉંછું, " જવાનું મન ન્હોતું છતાં હવે જવું જોઇએ એવું વિચારી, લીલા તરફ મીઠી, પ્રેમભરી નજર ફેંકી રમાકાન્ત કાંઈ નવાજ તાનમાં ઘુમતો ઘેર ગયો.

પ્રકરણ ૮ મું.

નિરાધાર લીલા.

* * * *

" જ્યાં સૌ રડે ખડીખડી
કર હાસ્ય ત્યાં તું;
* " ત્હારૂં અધિપતિપણું
સતુ કાળ ચાલે— "

* * * *

'કલાપી'

મનુષ્યજાતિને પરમેશ્વરે સર્વે પ્રાણીઓ કરતાં શ્રેષ્ટ પંક્તિ-

* મુત્સદ્દીપણું.

પર મૂકી છે, મનુષ્યમાં સારાસાર શોધી કાઢવાની શક્તિ હોય છે અને તેથી કુદરત માણસજાતની પરિક્ષા ઘણીજ કઠણુ પ્રકારની લે છે. મનુષ્યપર જ્યારે આફ્ત વરસવી શરૂ થાય છે. ત્યારે સામટીજ માણુસની જીંદગીનું ભવિષ્ય સુખ દુઃખ વીગેરેને નક્કી કરતી વેળા નિઃસર્ગ દેવી પોતાના હૃદયમાં વસેલી દયાને પોતાના ઓદ્ધાનું રાજીનામું આપવાની ફરજ પાડીને જ હાથમાં કલમ પકડતી હશે; અને જો તેમ થતું હોય તો તો લીલા જેવી કોમળ કળીપર આવાં અસહ્ય સંકટો પડતજ નહિ! લીલા મનોહર લીલા પ્રેમાળ લીલા માયાળુ લીલા મોટી થઈ મુગ્ધા થઈ મોહક થઈ–નવી જીંદગી વસંતરૂતુ (Prime of youth) ની નજીક આવી નવી જીંદગીના નવાં–મોહક ચીન્હોવાળી થઇ નાની 'લીલુડી' હવે 'લીલાવતી" બની અને આવા જીંદગીના સર્વોતમ સમયમાં જીવનવસંત કાળમાં લીલા કુંવારી હતી. તે કાલમાંજ તેનો પિતા તેને તથા તેની માતાને નિરાધાર બનાવી ચાલી ગયો. સદ્ભાગ્યે તેમને રમાકાન્ત જેવા દયાળુ યુવાનની સહાય મળી ગઈ; નહિ તો તેમની શી દશા થાત તેની કલ્પના માત્ર કરતાં અમારૂં હૃદય ચીરાઇ જાય છે.

રમાકાન્તની સહાયથી તેમને કાંઈ પણ આર્થીક મુસ્કેલી નડી નહિ; પણુ લીલા સામે કુદરત જ રૂઠી હતી. રમાકાન્ત કાંઇ કામ પર મુંબઈ ગયો. તેનું કુટુંબ સુરતમાં પ્લેગ ચાલતો હોવાથી આણુ હતું: એ અરસામાં લીલાપર દુઃખનો ડુંગર તુટી પડયો, ગંગા પ્લેગની દુષ્ટ માંદગીનો ભોગ થઇ પડી, લીલાના હોસકોસ ઉડી ગયા. તે જાણે જીવતી મરી ગઈ હોય તેવું તેને લાગ્યું. પણુ હવે લીલાને મરવાનું ન્હોતું. તેનો બધો જીવ હવે તેના 'કાન્ત'માં

ભરાઈ રહ્યો હતો. કાન્ત મુંબઇથી આવ્યા પછી તેને મળવાની, ભેટ-વાની, તેની સાથ મીઠી મીઠી વાતો કરવાની–કાન્ત સાથ હૃદય મેળ-વવાની અંતરની અદલીબદલી કરવાની-ઇચ્છા હતી. "કાન્તને" મળીશ–તેમના પ્રેમની ભીક્ષા માગીશ અને જો મને સ્વીકારશે તો સુખી થઇશ અને સુખી કરી" એવી આશામાં ને આશામાં–એવા જ જ્વલંત ઉત્સાહમાં–એવા જ મીઠા તાનમાં કોમળ હૃદયની નાદાન સુકુમાર મુગ્ધા વધુ બળવાન અને ધીરજવાન થઈ અને એ બળ, તથા ધીરજની મદદથી ગંગાની સારવાર કરવા લાગી.

"ડોકટરને બોલાવી લાવું ?" લીલા પોતાના અંતઃકરણને પૂછવા લાગી.

કમનસીબે એકવાર ફરી ડોકટર મહેતાની જ જરૂર પડી.

"આવશે તો ખરા !–વળી 'કાન્ત'ની ઓળખાણ છે." લીલા બબડી.

હિમ્મત ધરી, 'કાન્ત'ની ઓળખાણને લીધે ડોકટર જરૂર આવશે, એવી આશા રાખી, શરમાતી શરમાતી, બ્હીતી બ્હીતી, ગરિબડી બાળા દવાખાનામાં ગઈ, ડોકટર મહેતા કોઇ શ્રીમંત દર-દીને તપાસી, ખીસું તર કરી, હમણાં જ આવ્યો હતો. તે લીલાને જોઈ સહેજ ખીજવાયો. લીલા તરફ અભાવ આવ્યો પણ પોતે ધર્માદા દવાખાનાનો ડોકટર છે એ ખ્યાલ આવતાં મનના ભાવો મનમાં જ શમાવવાની તેને ફરજ પડી.

"કેમ છોકરી ? કાંઈ કામ છે ?" ડોકટર સાહેબ બોલ્યા.

લીલાને આ શબ્દોથી કાંઇક શાંતિ મળી અને ડોકટર પોતાનું કામ પાર પાડશે એવી આશા આવી પણ એ સાથે એ શબ્દોમાં

શમાયલા કરડાકીથી અતાશ બાળા નિરાશ પણ થઇ.

"સાહેબ! મારી માતાને પ્લેગ......

"શું તારી માને પ્લેગ થયો? અફ્સોસ! ઇશ્વર ઇચ્છા! લે, આ પટ્ટી ગાંઠપર મારજે."

ડોકટરે પટ્ટી આપવા કંપાઉન્ડરને હુકમ કર્યો.

"સાહેબ આપ જરા..."

લીલા જેમ તેમ, ગળગળતાં રૂંધાયલા અવાજે, બ્હીતી બ્હીતી બોલવા લાગી પણ એ શબ્દો હજુ બોલાય તેટલામાં તો ડોકટર સાહેબના ફળદ્રુપ ભેજાનાં "એન્જીન" ની વરાળ વધી પડી અને "બોઇલર" ફાટયું.

"નાહક શાને કટકટ કરે છે? મારૂં કામ દવા આપવાનું છે—નહી કે તમારે ત્યાં ધક્કા ખાવાનું—

લીલા મુંઝી ગઇ. નિરાશ થઇ. રડી પડી. પણ રાક્ષસને દયા નજ આવી, ક્યાંથી આવે? જેણે 'દયા' ને પોતાના અંતઃકરણમાંથી સદાને માટે રજા આપી હોય અને બીજા હુકમ સિવાય કદી પણ પાછી ન આવવાની સખત તાકીદ કરી હોય એવા, આ દુનિયાના પત્થરની છાતીના, રાક્ષસી હૃદયના, દુનિઆને ભારરૂપ, ક્રૂર અને ઘાતકી મનુષ્યોના હૃદયમાં દયાની દેવી એક પળ પણ શી રીતે વાસો કરી શકે?

ડોકટર મહેતાની ક્રૂરતાથી નિરાશ થઇ, ગરિબડી લીલા પટ્ટી લઇ બહાર નીકળી. તેની આંખે અંધારાં આવવા લાગ્યાં. પોતાની રંક જીંદગીપર અભાવ આવ્યો. ગરિબ જીંદગી ઝેરી જણાઇ. જગતમાં પોતે તદ્દન નકામી છે—નિરૂપયોગિ છે—એમ થયું. નિરાશ

અંતઃકરણે, ચપળ હરણી જેવી સુંદર આંખોમાંથી મોતી જેવાં અશ્રુ બિંદુઓ ટપકાવતાં ટપકાવતાં અને એ અશ્રુઓથી દુઃખથી ફીક્કા પડી ગયેલા પોતાના સુંદર કપોલ પ્રદેશને સીંચતી, સીંચતી, અળાગણી લીલા, ચીરાયેલા અંતઃકરણે ઘેર જવા લાગી. ગ્રીષ્મ ઋતુના પ્રચંડ સૂર્યના પ્રખર કિરણોથી લીલાની કોમળ દેહ બળી જતી. ગરિબીના તાપથી તપતી લીલા ઉન્હાળાના આ અસહ્ય તાપથી વધુ કરમાઈ–તેનું સુંદર મુખકમળ ફીકું થઇ ગયું–જમીન તો અંગારા જેવી તપી ગઇ હતી. લીલાના કોમળ પગો તેથી બળી જતા. પગમાં કાંકરા ખુંચતા તેની પરવાહ કર્યા વિના, અંતઃકરણમાં દુઃખનો તીવ્ર ભાલો ભોંકાય–ઉંડો ચીરો પાડે–તે સાંભર્યા વિના દોડતી, ભમતી ઘર તરફ જતી, લીલા દીવાના જેવી માર્ગ કાપતી, ઘડીમાં રડતી–ઘડીમાં હિમ્મત ધરી આંસૂ લૂછી નાખતી—ધીરજ ધરતી–હિમ્મતવાન થવા મહેનત કરતી પણ હિમ્મતવાન થઇ શકતી નહિ. તે રોઈ પડતી, રંકદશા સિંહની ભયંકર ગુફા જેવી ભયાનક લાગતી અને ગરિબોનું જીવન નકામું છે–ગરીબી એક શાપ છે. ગઇ જીંદગીનાં પાપ છે.—ગરિબો દુનીયાના કંગાળ પ્રાણીઓ છે એવું ઓછું આવતું.

રડતી કકળતી દુઃખી લીલા ઘેર આવી, ગંગા બેભાન હતી. તેની ગાંઠપર લીલાએ પટ્ટી મારી અને ગરિબડાં મ્હોંડે માતાની મરણ પથારી પાસે બેસી ગંગા એક ફાટેલા બીછાનાપર અચેતન હાલતમાં પડી હતી. તેના મુખ ઉપર પવિત્રતાનું તેજ ચમકતું–મરવા સુતેલીના મુખાકાશ ઉપર પતિવ્રત ધર્મનો તેજસ્વી પ્રકાશ હતો છતાં દુષ્ટ મરકીના ભયંકર રોગને લીધે એ તેજસ્વી પ્રકાશ ઉપર ઝાંખી ફીકાશ આવી હતી એ ચોક્કસ હતું. મનોહર ગંગા વિધવા થતાં–

તેનો વ્હાલો ભરથાર મરણ પામતાં પોતાનું સૌન્દર્ય તથા માધુર્ય ગુમાવી બેઠી હતી. આ ભયંકર રોગની વૃદ્ધિ થઈ. અને તેથી તદ્દન ફીકી પડી ગઇ—હાડપીંજર જેવી થઈ ગઈ. લીલાએ પોતાની માતાની સ્થિતિ જોઇ—જોતાંજ બળી ગઈ–દુ:ખ દાવાનળમાં સળગી ગઇ—અને આ દુ:ખ પરંપરાથી લીલાને વિધાતા પર એવો ભયંકર ક્રોધ ચઢયો કે જો તે આ દુનિયાની સત્તાધીશ રાણી હોત અને વિધિને શિક્ષા કરવાની પણ તેનામાં શક્તિ હોત તો લીલા નિસર્ગ દેવીને ભયંકરમાં ભયંકર સજા ફરમાવત! પણ આ વિષયમાં તો તદ્દન લાચાર હતી અને તેથી રૂદનનેજ દુખની મીઠી ઔષધિ માનવાની તેને લાચારીએ ફરજ પડતી. લીલાજેવી નાદાન બાળકી આવાં અસાધારણ સંકટના સમયમાં પણ ધિરજ ધરી, પોતાની માતાની સારવાર કરતી તે વેળા તેને જો કોઈ પણ ચીજથી સંતોષ અને શાંતિ મળી શકે એમ હોય તો તેના વ્હાલા કાન્તના "મીઠા" નામનું સ્મરણજ હતું. રમાકાન્તના પ્રેમની ભુખી બાળા પ્રિયતમના નામનુ રટન કરવામાંજ આનંદ માનતી અને એજ આનંદના તાનમાં તે આવા આફતના સમયમાં પણ બળવતી બની.

"કાન્ત અત્યારે હોય તો! ડૉકટર આવ્યા વગર રહે ખરો? લીલા વિચારમાં પડી.

"કાન્ત! આપ કયારે પધારશો? અરેરે! તમારા વિશાળ હૃદયના જેવાંજ સપળાનાં અંતઃકરણ હોય તો સ્વર્ગ અને મૃત્યુમાં કશો ફરકજ ન રહે. હાય!! અરેરે! આપને શી ખબર કે તમારી લીલાની માતા મરણશરણ થવાની તૈયારી કરે છે." લીલા

આવા વિચારમાં હતી તેટલામાં ગંગા જાગી. આંખો ઉઘડી અને મરવા સુતેલી વિધવા બેબાકળી જેવી, ફાટી આંખોએ આમતેમ જોવા લાગી.

"લીલુ! મ્હારી વ્હાલી દીકરી." લથડતા અવાજે ગંગા બોલી. માતાના આ છેલ્લા બોલોથી લીલાનું અંતર ભડભડ બળવા લાગ્યું. ગંગાના સ્વરમાંથી રોગને લીધે મીઠાશ ઉડી ગઈ હતી છતાં તેમાં માતાના વાત્સલ્ય પ્રેમનું મારું અમૃત સમાયલું હતું.

"મ્હારી વ્હાલી લીલુ! ત્હારા પિતા ગયા. હવે હું જાઉં છું, દીકરી, કમનસિબે તારૂં કોઇ નથી. અમે તને છેક નિરાધાર મુકી ચાલ્યાં જઇએ છીએ. હાય! ઓ વિધિ મ્હારી......"

ગંગાથી વધુ બોલાયું નહિ. આંખો મીંચાઈ ગઈ. પણ થોડી વાર પછી પાછી ઉઘડી. લીલાને નિરાધાર જોઇ મરણના મ્હોંમાં સપડાતી ગંગાનો જીવ અત્યંત મુંઝાતો હતો અને અહિ—આ જીર્ણ મકાનમાં—આ દુઃખી મા દીકરી ઉપર ક્રુર વિધિ કેર વરતાવતી.

અરેરે! આ ભયંકર સમયે લીલાને દિલાસો દેનાર કોઈ ન્હોતું. પત્થરનું હૃદય પણ આ કરૂણાજનક દેખાવ જોઇ પીગળી જાય. ને જીર્ણ મકાનની ખવાઈ ગયલી દિવાલો પણ દુઃખદરિયામાં ડુબી ગયલી જણાઇ, દુનિયાના આળસુ, મનમોજી, એશઆરામમાં જીવન પૂરૂં કરનારા, જગતને ભારરૂપ, વ્યર્થ આયુષ ગાળનારા કેટલાક શ્રીમંતોના બાદશાહી મહાલયોના રાજવંશી વૈભવો કરતાં લીલા જેવી નિરાધાર–દુઃખી બાળાને દીલાસાનો એક મધુર શબ્દ કહેવામાં કેટલી બધી મીઠાશ સમાયલી છે ?–પણ એ મીઠાશ–એ મીઠી

મઝા મેળવવાની જગતના ધાંધલીયા મનુષ્યોને ફુરસદ હોય તો પછી ચાલુ કાળને કળીયુગ કોણ કહે ?

લીલાનું રૂદન કરૂણાજનક હતું. ગંગાની માંદગી ભયંકર હતી. લીલાને નિરાધાર છોડી જતાં ગંગાની છાતી ફાટી જતી. અને અહિં દુઃખ તથા કરૂણાની પરાકાષ્ઠા થતી !

ચીરાતા અંતરે ગંગા બોલવા લાગીઃ—

“ બ્હેન ! હું જાઉં છું. મ્હારી વ્હાલી લીલું ! મ્હેં તને યોગ્ય સ્ત્રી કેળવણી આપી છે. તું સમજુ છે, શાણી છે, આફતમાં ધીરજ ધરજે, પરમાત્માપર શ્રદ્ધા રાખજે, બ્હેન ! મ્હારી પાસે કાંઇ નથી પણ પવિત્રતાનો અમુલ્ય વારસો હું તને આપી જાઉં છું. જીવનને પવિત્ર બનાવજે. ત્હારા હૃદયને હંમેશા બાળક જેવું નિર્મળ રાખજે. બ્હેન ! મ્હારી અંત સમયની આ શીખામણ ત્હારા હૃદયમાં અહ-ર્નીશ કોતરી રાખજે, લીલા ! તું નાદાન છે-રૂપાળી છે-જગતના અનેક હવસી જીવો ત્હારાં રૂપથી લોભાઇ પોતાની પાપી જાળમાં તને ફસાવવાના નીચ યત્નો કરશેઃ પણ તેમની લાલચથી લોભાઇશ નહિ, ત્હારી, મ્હારી અને આપણા આખા કુળની ઉજ્વલ કીર્તિને ડાઘ લગાડીશ નહિ— ” ગંગાનો કંઠ રૂંધાતાં લીલાએ તેને પાણી પાયું અને એક માતાની છેલ્લી શીખામણ પુનઃ શરૂ થઈ, એ શબ્દોમાં કોઇ અજબ ગાંભીર્ય સમાયલું હતું.

“ બ્હેન ! સ્ત્રીના ધર્મ વિષે મ્હેં તને ઘણું કહ્યું છે અને ત્હેં એ પવિત્ર ધર્મ વિષે ઘણું વાંચ્યું પણ છે. હું જાઉં છું. આખા જગતને જવાનું છે—પણ તને પરણાવી નથી એ મ્હારૂં મોટું દુઃખ છે.

ગંગા રોઈ પડી. લીલાની પણ તેજ દશા થઈ.

આ સમયે બહાર કંઇક ખખડાટ સંભળાયો. અશ્વ હણહણ્યે "કાન્ત તો ન હોય! લીલા બબડી.

લીલાની ધારણા સત્ય હતી. રમાકાન્તજ મુંબાઇથી આ પહોંચ્યો હતો. રમાકાન્ત ઘરમાં દાખલ થતાં લીલાએ મૌન આ કાર આપ્યો અને રમાકાન્તે તે સ્વીકાર્યો.

"લીલાવતી! તમારી બા......"

લીલા પથારી તરફ નજર કરી, માંદગીથી ફીક્કી પડી ગયેલ ગંગાને જોઈ રમાકાન્ત નખશિખાન્ત સળગી ગયો.

"ઓ પ્રભુ! આ શું જૂલમ!" તે બોલ્યો.

રમાકાન્તે ગંગાની નાડી તપાસી, મંદ નાડી જોઈ ચમક્યે ગાડીવાળાનેજ ડોકટરને તેડવા મોકલ્યો.

ગંગાએ પુનઃ આંખ ઉઘાડી.

"કાકી હું આવ્યો છું." મીઠો સ્વર ગંગાને સંભળાયો.

દિવ્ય સુખ, અપૂર્વ શાંતિ અને અજબ મીઠાશ ગંગાએ અનુભવી. અંતે જેની જરૂર હતી તે આવી પહોંચ્યો.

રમાકાન્તનો હાથ પોતાના હાથમાં લઇ મહામહેનતે ગંગ પથારીમાં બેઠી થઇ. હોલવાઇ જતા દિપકનો આ છેલ્લો પ્રકાશ હતો

"લીલા......" રૂંધાતા ગળામાંથી ખોખરો, મર્ણ સમયને પણ અજબ આશાભર્યો સ્વર નીકળ્યો—લીલા શરમાતી શરમાત નજીક ગઈ. તેનો કાન્ત તેની છેક નજીક હતો. કંઇક સ્પર્શ થયે પણ ખરો; અને તેથી ચમકી, ચમકી ખરી પણ ડરી નહિ. અ ચમકારો ડરનો નહી, ભયંકરતાનો નહી પણ કોઈ અકલ્પ્યજ હતો એ સ્પર્શથી અંતરપરનો ઘણોક ભાર જાણે ઓછો થઇ જતે

હોય એમ લીલાને લાગ્યું—એ સ્પર્શમાં દિવ્ય આનંદ ભરેલો હોય એમ લીલાને જણાયું.

લીલાનો હાથ ગંગાએ પોતાના હાથમાં લીધો અને રમાકાન્ત તરફ દયાજનક આંખોએ મરણ શરણ થવાની તૈયારી કરતી પ્રૌઢા એક પળ જોઇ રહી.

" કાકી તમને શું જોઇએ છે ? તમારા અંતરની...... "

" ભાઇ ! એક ઇચ્છા, "

" હું જરૂર પૂર્ણ કરીશ. "

" મ્હારી લીલા સ્વીકારશો ? "

રમાકાન્ત શરમાઇ ગયો. ગંગા હર્ષ પામી, મરણ પામતી માતાએ પોતાની નિરાધાર પુત્રીનો હાથ રમાકાન્તના હાથમાં મૂક્યો. અને તેથી મર્ણ વખતે મરનારીને શાંતિ મળી.

" હું લીલા સ્વીકારૂં છું, માત !— " રમાકાન્ત બોલ્યા.

" પ્રભુ તમને સુખી કરો. "

ગંગા સુખી થયલી જણાઈ, બીજેજ પળે રમાકાન્તના હાથમાં તેની ગરદન લચી પડી ! આંખો મીંચાઈ ગઇ,—એક હેડકી ! એક બીજી !......અને ખલાસ ! મનુષ્ય મરે છે તેવીજ રીતે પણ લીલા રમાકાન્તને સોંપી છે એ બીનાથી સંતોષ માની ગંગા પરલોકવાસી થઇ—ગીરધરલાલની પ્રેમાળ પત્નિ પતિવિરહન. પ્રચંડ તાપથી દગ્ધ થઇ આ જગતને છેલ્લા પ્રણામ કરી પોતાના પ્રિયતમને મળવા આ દુનિયા તજી બીજી દુનિયાને રસ્તે ચાલી ગઈ !

પ્રકરણ ૯ મું.

ચિરાયલાં જીગરો !

\+ + + +

" અજાયબ સ્નેહના રસ્તા,
અજાયબ ગાંઠ પ્રીતિની;
" ખુમારી ને ખુવારી છે,
અજાયબ પ્રેમની મસ્તી."

\+ + + +

" કલાપી."

રમાકાન્તે લીલાનો સ્વીકાર કર્યો, ગંગાને તેથી અંત સમયે કાંઈ અજબ આનંદ અને શાન્તિ મળી. લીલા તો તદ્દન હર્ષઘેલીજ થઈ ગઈ. ને અંતઃકરણ આટલો બધો આનંદ શમાવી શકયું નહિ. કાન્ત મળવાથી તેને જે સુખ, જે આનન્દ, અને જે શાન્તિ મળી તે અપૂર્વજ હતી. આખું જગત્ લીલાને સુખને હીંડોળે હિંચકા ખાતું જણાયું. જગત્માં સર્વત્ર આનંદમંડળની ધુન નજરે પડી. વેરી જગત્, એક વખતનું દુઃખી જગત, પિતાની માંદગી વેળાનું ખારૂં જગત, માતાની માંદગી વેળાનું કઠોર જગત, લીલાને હવે અમૃતરાય, સુખી દયાળુ અને મીઠું લાગ્યું. આ સઘળું અમૃત તેનામાં રમાકાન્તે ભર્યું. આ સઘળી મીઠાશ

'કાન્ત' ના સમાગમથીજ લીલામાં આવી. આથી લીલાની સુંદરતા પણ વધી. પરવાળા જેવા મોહક અધર ઉપર મીઠું સ્મિત હાસ્ય હમેશાં ફરકી રહેતું. મનોહર–મનમોહક ગાલ ઉપર આછી ગુલાબી લાલી હમેશાં દષ્ટિગોચર થતી. મન્દ મન્દ હાસ્ય સમયે લીલાના મોહક કપોલપ્રદેશપર નાના સુન્દર ખાડા પડતા અને આ રમણિય ચિત્ર રમાકાન્તને એક પળ સ્વર્ગનાં દર્શન કરાવી શકતું. હંસણી સરખી નાજુક ગરદન લીલાના પ્રેમીના નેત્રોને આનન્દ આપતી. રમાકાન્તના અંતઃકરણમાં સુંદર લીલા સ્વર્ગીય શાન્તિ અને અમૃત રેડતી. કાન્તનો સમાગમ તેને સ્વર્ગ સમો સુખકર લાગતો, જાણે પૃથ્વીરાજ અને સંયુક્તાની માફક રમાકાન્ત સાથે નિરંતર આનંદસાગરમાં સ્નાન કર્યા કરે એવી ઇચ્છા પણ કોઈ વાર લીલાના અંતઃકરણમાં થતી. કાન્તને ઘડી ન જોતી તો ગાંડી ઘેલી થઈ જતી. આખું જગત કાન્તરૂપજ હતું. સઘળે કાન્તજ નજરે પડતો. કાન્ત વિના કાન્તની ગેરહાજરીમાં જગતની મોહકમાં મોહક અને સુંદરમાં સુંદર વસ્તુ પણ લીલાને ઝેર જેવી અપ્રિય લાગતી, કાન્ત જાણે જગતનો હિરો–કાન્તજ સંસારનો સાર હોય તેમ થયું. અને આમ છતાં કાન્તની પાસે બેસી પ્રેમની મીઠી મીઠી વાત કરવાની શક્તિ મુગ્ધ બાલિકામાં આવતી નહિ. કાન્ત તરફ જોઇ રહેવાની હિમ્મત થતી નહિ. કાન્તને હસાવવાનું, તેની સાથે નેત્ર સમસ્યા કરવાનું લીલાને પરવડતું નહિ, કાન્ત પાસે જતાંજ સંકોચ થતો; વાતચીત થતી પણ ઘણીજ ટુંકી. રમાકાન્ત આ સઘળું નિહાળતો, લીલાની રમણીય મુઝવણ પામી જતો; અને આનંદ પામતો, કંઇક અકળાતો–લીલા ન બોલે, તેની પાસે ન આવે, તેની સાથ ન ભળાય તેથી મુંઝાતો, કંઇક દુઃખી થતો

શરમ' પર ગુસ્સે થતો પણ બીજી જ પળે તેમાંનું કાંઈ નહિ.

રમાકાન્ત આવી રીતે લીલા સાથે પ્રેમની મીઠી રમત રમતો હતો અને જીવન પ્રયાસ પૂર્ણ કરવા જીવન સખીને પોતાની થવા વીનવનાર રમાકાન્તનો પ્રેમપાઠ આ નાના ઝુંપડા જેવા ઘરમાં ઘણીજ સુંદર રીતે ભજવાતો.

ગંગાના મૃત્યુ પછી પણ એક પખવાડીઉં પસાર થઈ ગયું, રમાકાન્ત આ સઘળો સમય લીલાના નાના ઘરમાં જ રહ્યો. મનોહર રાજ્ય મહાલયમાં વસનારાને આ નાની ઝુંપડી જેવા ઘરનાં જ તેના હૃદયની દેવીના સહવાસને લીધે ઔર આનંદ અને અનેરિ શાંતિ મળી.

હવે રમાકાન્તે પોતાની માતાને મળવાનો–સુરત તજવાનો વિચાર કર્યો. તેની માયાળુ માતા લક્ષ્મીબાઈના જાણવામાં જ્યારે આવ્યું કે રમાકાન્ત સુરતમાં છે, ત્યારે તો તેના હોંસકોસ ઉડી ગયા. આંખોએ આંસુના બિન્દુઓ ટપકાવ્યાં, જગતમાં અંધકાર જણાયો, આબુ રોડની રમણિય ટેકરી, ત્યાંનુ અનુપમ કુદરતી સૌન્દર્ય એ સઘળા લક્ષ્મીબાઈની આંખોને અરૂચીકર થયાં, ઘરમાં અનેક નોકરો હતા છતાં પોતેજ તબેલામાં દોડી ગયા. ગાડી જોડાવી સ્ટેશનપર આવ્યાં અને એકદમ 'અરજન્ટ તાર' કર્યો.

"એકદમ આબુ આવો."

થોડીવારમાં રમાકાન્તનો જવાબ આવ્યો.

"હું સુરત છોડીશ પણ આબુ આવી શકાય એમ નથી."

લક્ષ્મીબાઇ અતિ ગુસ્સે થયાં. 'આબુ કેમ ન અવાય? એવું શું મહત્વનું કામ હશે? વ્યાપાર તો મંદ છે તો પછી કેમ ન અવાય? વળી સેક્રેટરી ઘણો ચપળ છે તો શા માટે ન અવાય?'

કાંઇ સૂઝયું નહિ. હશે, સુરત છોડવા તો જણાવ્યું છે ને? આથી સંતોષ થયો—થયો નહિ માન્યો—માનવો પડયો, લાચારીથી મન મનાવવું પડયું. મનાવવાની ફરજ પડી.

આ બાજુ રમાકાન્ત કેવા મહત્વના કામમાં ગુંથાયો છે તે વાંચક સારી રીતે જાણે છે. જગતની મહાન સુંદરતાને ખીલવવા વ્હાલી જીવનસખીને પોતાની થવા વીનવવા, કુદરતી કારીગીરીનો અનુભવ લેવા, સંસાર સાગરમાંથી નવનીત તારવી કાઢવા પ્રેમના મનોહર પુષ્પને ખીલવી તેની મધુર સૌગંધ્ય તથા મધુર પરાગથી હૃદયને સ્વર્ગનું સુખ આપવા, પ્રેમની મીઠી પ્યાલી પી તેની કેફથી અંતરને લહેરી બનાવવા. લીલાને પોતાની ધર્મ પત્નિ કરવા જગતની અને ધર્મની દષ્ટિએ પોતાની ઠરાવવાના કામ કરતાં રમાકાન્તને અત્યારે કરોડ રૂપીઆનો નફો મળે એવું કામ પણ વધુ મહત્વનું લાગે ખરૂં?

પોતાની માતાને રમાકાન્તે પોતાની જીંદગીમાં પહેલીજ વાર ઠગી; 'સુરત છોડું છું' એમ જણાવ્યું પણ સુરત છોડયું નહિ. આથી તેના પવિત્ર હૃદયને ક્ષોભ થયો પણ આ અપરાધ પ્રેમ મંત્ર ભણતા યુવાનને નજીવો જણાયો.

સુરતમાં પ્લેગ ઘણાજ ભયંકર રૂપમાં ફાટી નીકળ્યો. સરકારી અમલદારોની ગમે તેટલી સાવચેતી અને સખત ઉપાયો છતાં આ દુષ્ટ મરકી બંધ પડી નહી. રમાકાન્ત જો કોઇ મધ્યમ યા રંક દશાનો મનુષ્ય હોત તો આ સમયે લીલાની ગંગાના શબની અને રમાકાન્તની પોતાની શી સ્થિતિ થાત તેનું વર્ણન કરતા અમારી કલમ કમ્પે છે. તે અખૂટ લક્ષ્મીનો માલીક હતો. આ કારણેજ તે સુરતમાં રહી શકયો. તેને સત્તાવાળાઓએ પીડયો નહી,

પણ હવે તેને પણ સુરત છોડવાની જરૂર જણાઈ. જ્યાં જુઓ ત્યાં, શેરીએ શેરીએ ઉંદરો ઢગલાબંધ મળી આવતા. મનુષ્યો હજારોની સંખ્યામાં મરતાં–તેમનાં બાળબચ્ચાંઓ નિરાધાર થઇ પડતાં તેમની રડારોળ, દુઃખની તીવ્ર કીકીયારીઓ પત્થરના હૃદયને પણ મીણ જેવું પોચું બનાવી દે તો રમાકાન્તના દયાળુ હૃદયની તો શી દશા થાય તે વાંચનારેજ કલ્પી લેવું.

તે જો ચાહત તો સુરતને પળમાંજ છોડી શકત. પણ તે દયાળુ હતો, તે લીલાને ચાહતો હતો અને લીલાજ તેનું જીવન હતી. લીલાને તે પોતાની સહચારિણી બનાવવા માગતો હતો છતાં ફક્ત પોતાના સ્વાર્થને લીધેજ તે સુરતમાં ન્હોતો રહ્યો. તેનું હૃદય તેના હૃદયમાં વસી રહેલી મુર્તિને ભેટવા આ તરફ તેને ખેંચી લાવ્યું હતું એમ કબૂલ કરવા સાથે આપણે તેનાપર એવો આરોપ તો નજ મુકી શકીએ કે ફક્ત લીલા માટેજ તે સુરતમાં રહ્યો હતો. લીલાને મેળવવી એ તેની જીંદગીનું અતિ મહત્વનું કામ હતું પણ તેનો જીવન મંત્ર તો પ્લેગની જાલીમ માંદગીથી લાચારીમાં આવી પડેલા, ભૂખે મરતા, આબરૂના ભયથી અકાળે કારમા કાળને શરણ થવા તૈયાર થયેલા દુઃખી કુટુંબોને મદદ કરવાનો હતો. તેણે પોતાના પ્રાઇવેટ સેક્રેટરીને એ કામ માટે રોકયો. કોઇ પણ જાતની સુગ કે સંકોચ વિના ગરિબોના એકેએક ઘેર ફરવાનો તેને હુકમ કર્યો. આ હુકમ સાથ વિનંતિ પણ કરી. આખા સુરતમાં દુઃખી પ્રાણીઓની તપાસ લેવા કહ્યું. દરેક જણને સહાય આપવા—સુખી કરવાની ભલામણ કરી, " દયા " એજ જીંદગીનો મહામંત્ર ગણી વર્તવાની " તાકીદ કરી, પરમારથ એજ જીંદગીનું સાફલ્ય ગણવાની સલાહ આપી. જગતના નાનામાં નાના પ્રાણીપર દયા

રાખવાનો ઉપદેશ આપ્યો. દુનિયામાં કોઈ પણ દુઃખી ન થાય એવું જોવાની ઉત્કટ ઇચ્છા જણાવી અને તેમને સુખી કરતાં જો પોતાની તીજોરીમાં એક પાઈ પણ ન રહે તો તે માટે તદ્દન બેદરકારી બતાવી !

અહાહા ! કેવી દૈવી ઉદારતા ! કેવું બાદશાહી હૃદય ! જગતના દુઃખી પ્રાણીઓ માટે કેટલી બધી કાળજી ! જગતની દરેક વ્યક્તિને સુખી કરવા માટે કેટલો બધો આત્મભોગ ! પરાયા સુખ માટે કેટલી બધી ભીની લાગણી ! સ્વર્ગ મેળવવા માટે-પરમાત્માના વ્હાલા થવા માટેની સરતમાં કેટલી બધી આગળ પડતી છલાંગ ! કેટલી બધી નિઃસ્વાર્થ વૃત્તિ ! મનુષ્ય જીવનને ઉન્નત બનાવવાના કેવા આદર્શ (ideal) વિચારો ! પરમાત્માએ આપેલી લક્ષ્મીનો કેટલો બધો પ્રશંસનીય ઉપયોગ ! ઝેરી જીવનમાં અમૃત રેડવાની કેટલી બધી કાળજી ? ઇન્દ્રાસન મેળવવાનો કેટલો બધો લોભ...

અને આટલું કરીનેજ તે બેસી રહેતો નહિ. પોતાના સેક્રેટરી પાસેથી તે દરરોજ રીપોર્ટ માગતો. કેટલાં દુઃખીઓને સહાય કરી તે જોતો. યોગ્ય લાગે તો દુઃખીની પોતે પણ મુલાકાત લેતો અને આ મહાન મંત્ર સાધવા જ તે સુરતમાં રહ્યો હતો. તે તેણે સાધ્યો.

"હવે મારે સુરત છોડવું જોઇએ." એક દિવસ રમાકાન્તે રજનીકાન્તને-પોતાના પ્રાઇવેટ સેક્રેટરીને કહ્યું.

"જેવી તમારી મરજી."

"તમે મને મૂકીને જશો ?" લીલા કંઠે ગળગળી થઇને હિમ્મત ધરી બોલી.

"હા......"

રમાકાન્તથી અચાનક ઉચ્ચાર થઈ ગયો. ભાનમાં ને ભાનમાં બોલાઇ ગયું. લીલા તે સાંભળી સ્તબ્ધ બની ગઈ. નિરાશ થઇ ગઈ. તેણીના કોમળ હૃદયપર તીવ્ર ઘા થયો. રમાકાન્ત તેણીને તજી જાય એ પૃથ્વીના પ્રલય જેટલું દુઃખદાયક લાગ્યું.

"લીલા—" રમાકાન્ત બોલ્યો.

"તારે હમણાં અહીંયાજ રહેવું પડશે."

"સુરતમાં રહેવું હવે ઇચ્છવાજોગ નથી." રજનીકાન્તે સલાહ આપી.

સુરતની ભયંકરતાનો રમાકાન્તને ખ્યાલ આવ્યો. લીલા માટે બેદરકારી બતાવવા માટે હવે પશ્ચાતાપ થયો. લીલા તરફ જોવાઇ ગયું. તે દુઃખી બાળાના દયામણા નિર્દોષ મુખકમળ પર અજબ સત્તા જામેલી જણાઇ. રમાકાન્તને જગતમાં કંઇક દૈવી સત્તા છે તેનો અહિં અનુભવ થયો. લીલામાં બળ ન્હોતું. સત્તા નહોતી, હઠ ન્હોતી પણ તેની કાળી આંખોમાં જાદુ હતું; સ્નેહ ભર્યું જાદુ હતું. તેના અંતરમાં પ્રેમનો નિર્મલ સ્નેહ ઝરતો સતત પ્રવાહ હતો. આ સર્વના સંયોગથી કોઈ શક્તિ ઉત્પન્ન થતી અને તે શક્તિની અસરથી રમાકાન્ત તદ્દન મહાત થયો.

"રાજનીકાન્ત!" કંઈક વિચાર કરી રમાકાન્ત બોલ્યો.

"મારે આણુ તો જવું જ જોઇએ."

"અને લીલાવતી?'

"એને તમે મુંબઇ લઇ જાવ તો!"

આ શબ્દો સાંભળી વળી લીલાને દુઃખ ઉપજ્યું.

"એમને તમારી સાથે આણુ ન લઈ જવાય ?" રજનીકાન્ત બોલ્યો. પોતા તરફથી લડનાર વકીલ છે એથી લીલાને કંઇક સંતોષ થયો.

"આણુ!...સાથે લઈ..."

રમાકાન્ત વિચારમાં પડ્યો અને એ વિચારવારિધિના મોજાંઓ પર ઉછળવાથી તેના વદન પર ગાંભીર્ય છવાયું.

"શું મારા આવવાથી કંઇ હરકત થશે ?" લીલા બોલી.

રમાકાન્તે મૌન રહેવાનું જ યોગ્ય ધાર્યું.

"હાય !" લીલા રડી પડી. રમાકાન્તના હૃદયના ચીરેચીરા થઇ ગયા.

"લીલુ !" ના રડ." રૂંધાયલા સ્વરે તે બોલ્યો.

"હું તને નહિ છોડી જાઉં"

લીલા સંતોષ પામી પણ રમાકાન્તની મુંઝવણ વધી. રજનીકાન્તે ઉભયનું સાન્તવન કર્યું.

હાય! શું કરવું ?" રમાકાન્તનું ચોરાયલું દીલ બોલ્યું.

"કાન્ત ! તમે ના દુઃખી થાવ. મારા સમ! હું અહિં રહીશ–તમે કહેશો ત્યાં રહીશ; પણ તમે દુઃખી ના થાવ. તમારૂં દુઃખ હું નથી જોઈ શકતી–"

રજનીકાન્ત અત્રે બહાર ગયો. અને ઉભય પ્રેમીઓને એકાંત મળતાં કંઇક શાંતિ મળી.

"લીલુ–" રૂંધાતા કંઠમાંથી સ્વર સંભળાયો.

"પ્રાણ ! શા માટે અકળાઓ છો ? આ અભાગણીને લીધે તમે શા માટે દુઃખી થાઓ છો ? હશે, મારૂં નશીબ ! મારૂં ગમે તે થાય ! મારી ચિન્તા ન કરશો–તમારા સુખમાં હું મારૂં સુખ માનીશ–મારા પ્રભુ !......

"લીલુ ! મારી વ્હાલી લીલુ ! તું એમ કહે છે પણ મારાથી કેમ કહેવાય ? મેં તારી માતાને શું વચન આપ્યું છે તે યાદ કર."

"જો તેમાં કાંઇ ભૂલ થઈ હોય તો હું મારી રાજીખુશીથી, મારા અંતરમાં તીવ્ર ઘા થશે તે સહેવાની શક્તિ રાખીને તમારા સુખને માટે, હું તમને તે વચનના બંધનમાંથી મુક્ત કરૂં છું."

લીલા ઉદાર બની. રમાકાન્તનું હૃદય આ શબ્દો ઉચ્ચારતા છિન્નવિછિન્ન થઇ ગયું.

"નહિ–નહિ–મારે એ મુક્તતા નથી જોઇતી લીલા ! પરમાત્મા સાક્ષી છે કે આજ સુધી જો મેં કોઇને પણ ચાહી હોય તો તે તું જ છે અને મને ક્યાંય પણ મળ્યું હોય તો તે તારી પાસેજ–તારા પ્રેમમાંજ–"

"ત્યારે મારાથી આખુ કેમ ન અવાય, કાન્ત ?"

વળી કોમળ હૃદય ચગદાયું. સુકુમાર કુસુમ કુસુમકલિપર કઠોર કુહાડાનો ઘા પડ્યો અને આખા જગતમાં સર્વત્ર નિરાશા અને અંધકારની સત્તા જુલમ ગુજારતી જણાઇ.

પ્રીય વાંચક આ વારતાનો અધુરો ભાગ "**પ્રેમનો વિજય**" એ નામની વારતામાં વાંચવા કૃપા કરશો. પોસ્ટેજ સાથે પાંચ આનાની ટીકીટો મોકલાવશો તો બુકપોસ્ટથી મોકલવામાં આવશે.

મેળવાનું ઠેકાણું

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર. ત્રણ દરવાજા–**અમદાવાદ.**

શ્રી દેવી ભાગવત.

("ભગવતી ભાગવત"નું શુદ્ધ ગુજરાતી ભાષાંતર)

આ શ્રી દેવી ભાગવત ૯૦૦ પૃષ્ઠનો પાકા પુંઠાથી બાંધેલો મહા-ગ્રંથ છે. તેમાં ૧૨ સ્કંધમાં શ્રી દેવીનું માહાત્મ્ય દર્શાવનારા અનેક પ્રસંગો આપેલા છે. દેવીના પ્રસાદથી વિષ્ણુએ કરેલો દૈત્યોનો વધ. બુદ્ધની ઉત્પત્તિની કથા, પુરૂરવા તથા ઉર્વશીનું ચરિત્ર, શુકદેવનું ચરિત્ર, વ્યાસ જન્મ કથા, વસુઓની ઉત્પાત્ત, પાંડવોની ઉત્પત્તિ અને તેમનું ચરિત્ર પરિક્ષીત રાજાનું વૃત્તાંત, જન્મેજયનો સર્પસત્ર, ભુવનેશ્વરીનો નિર્ણય, દેવીયજ્ઞ વિધિ, વિષ્ણુનો દેવી યજ્ઞ, વિશ્વામિત્રની કથા, શશીકળાનો સ્વયંવર, નવરાત્રિનો વિધિ, કુમારિકાની કથા, નર નારાયણની કથા, પ્રલ્હાદની કથા, વિષ્ણુના અવતારની કથા, કંસ રાજાની કથા શ્રીકૃષ્ણાવતાર તથા શ્રી કૃષ્ણની લીલા, મહિષાસુરની કથા, ચંડ—મુંડની કથા, શુંભ—નિશુંભની કથા, જગદંબાનો પૂજનવિધિ, વૃત્રાસુરની કથા, નહુષરાજાની કથા, શુનઃશેપની કથા, નિમિ રાજાની ગતિ, હૈહય રાજાની કથા, નારદ સ્ત્રી થયા એ કથા, માયાની નિવૃત્તિ વાસ્તે દેવીની ઉપાસના, સુકન્યાની કથા. સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ, માંધાતાની કથા, ત્રિશંકુની કથા અને ભગવતી માહાત્મ્ય મહારાજા હરિશ્ચંદ્રનું ચરિત્ર; શતાક્ષી દેવીનો મહિમા, હિમાલયમાં પાર્વતીનો અવતાર, પાતાળોનું વર્ણન, નરકોનું વર્ણન, શક્તિઓનું વર્ણન, સરસ્વતીનાં સ્તોત્ર, પૂજા અને કવચ, ગંગાજીની ઉત્પત્તિ, તુળશીની કથા, સાવિત્રીની કથા, મહાલક્ષ્મીનું આખ્યાન, સ્વાહા, સ્વધા, દાક્ષણા, ષષ્ટી મંગળચંડી, મનસા, સુરભી, રાધાજી અને દુર્ગાદેવીનું આખ્યાન, સ્વયંભુ મનુનું આખ્યાન, મહાકાળીનું ચરિત્ર, રૂદ્રાક્ષોની ઉત્પતિ, ભસ્મના ભેદ, અને મહાત્મ્ય, સંધ્યાવંદનાદિ, ગાયત્રીનો પુશ્ચરણ વિધિ, જગદમ્બાનું કવચ, મણીદ્વીપનું વર્ણન, દેવી ભાગવતની ફળ શ્રુતિ, ઇત્યાદિ અનેક બાબતો ૩૧૮ અધ્યાયોમાં આપી છે. આ મહાપુરાણ દરેક મુમુક્ષુએ વાંચવા તથા ઘરમાં રાખવા યોગ છે. કીં. રૂ. ૩॥